અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો સુદ ૪ | અંક : ૬૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### રોકાણકારોની મૂડી પાંચ લાખ કરોડ ઘટી

## શેરબજારમાં સાર્વત્રિક વેચવાલી, સેન્સેક્સમાં ૧૨૧૯ પોઇન્ટનો કડાકો

### સેક્ટોરલ ઇન્ડેક્સમાં પીએસયુ ઇન્ડેક્સ ૨.૪૮ ટકા, સ્મોલકેપ ૦.૯૬ ટકા, ટેલિકોમ્યુનિકેશન્સ ૩.૨૩ ટકા, પાવર ૧.૩૭ ટકા, ઓટો ૧.૩૦ ટકા તૂટ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

શેરબજારમાં સાર્વત્રિક વેચવાલીના માહોલ વચ્ચે સેન્સેક્સ આજે ૧૨૧૯.૨૩ પોઈન્ટ તૂટી ૮૦૯૮૧.૯૩ની ઈન્ટ્રા ડે બોટમે પહોંચ્યો હતો. જેના પગલે રોકાણકારોની મૂડીમાં રૂ. ૫.૦૯ લાખ કરોડનું ધોવાણ થયું છે. નિફ્ટી પણ ૩૦૦ પોઈન્ટથી વધુ તૂટ્યો હતો. સેન્સેક્સ ૧૦૧૭.૨૩ પોઈન્ટ તૂટી ૮૧૧૮૩.૯૩ અને નિફ્ટી ૨૯૨.૯૫ પોઈન્ટના કડાકા સાથે ૨૪૮૫૨.૧૫ પર બંધ રહ્યો હતો. મીડકેપ શેર્સમાં ગાબડાં સાથે ઈન્ડેક્સ ૧.૪૧ ટકા તૂટ્યો હતો. સેક્ટોરલ ઈન્ડેક્સમાં પીએસયુ ઈન્ડેક્સ ૨.૪૮ ટકા, સ્મોલકેપ ૦.૯૬ ટકા, ટેલિકોમ્યુનિકેશન્સ ૩.૨૩ ટકા, પાવર ૧.૩૭ ટકા, ઓટો ૧.૩૦ ટકા, ટૅક્નોલૉજી ૧.૨૨ ટકા તૂટ્યો હતો.

બીએસઈ ખાતે ટ્રેડેડ ૪૦૩૪ સ્ક્રિપ્સ પૈકી ૧૪૦૬માં સુધારો અને ૨૫૪૧માં ઘટાડો નોંધાયો હતો. ૨૮૯ શેર્સ વર્ષની ટોચે અને ૩૬ શેર્સ વર્ષના તળિયે પહોંચ્યા હતા. ૨૯૭ શેર્સમાં અપર સર્કિટ અને ૨૪૮ શેર્સમાં લોઅર સર્કિટ વાગી હતી. સેન્સેક્સ પેકમાં ૪ શેર્સ ગ્રીન ઝોનમાં અને તમામ ૨૬ શેર્સ રેડ ઝોનમાં બંધ રહ્યા હતા. જે માર્કેટ બ્રેડ્થ નેગેટિવ રહેવા સાથે સાવચેતીનું વલણ



દર્શાવે છે.

શેરબજારમાં આજના ઘટાડા માટે જવાબદાર પરિબળો

૧. રાજનાથ સિંહની જાહેરાત : રક્ષા મંત્રી રાજનાથ સિંહે ભારતીય સૈન્ય દળને હથિયારો સાથે સજ્જ રહેવા અને પાડોશી દેશો પર ચાંપતી નજર રાખવા નિર્દેશ કર્યો છે. જેથી સુરક્ષા મુદ્દે અનેક અટકળો ઊભી થઈ છે.

૨. એફપીઆઈ રેગ્યુલેશન્સ : સેબી દ્વારા વિદેશી રોકાણકારો(એફપીઆઈ)ને ભારતમાં રોકાણ કરવા માટે નવા નિયમોનું પાલન કરવું પડશે. જેમાં લાભાર્થી માલિકોની યાદી જાહેર કરવાની ડેડલાઈનનો આજે અંતિમ દિવસ હતો. પરિણામે આ યાદી જાહેર ન કરનારા એફપીઆઈ હવે ભારતમાં રોકાણ કરી શકશે નહીં.

૩. ફેડ રેટ કટ : અમેરિકા આ શુક્રવારે ઑગસ્ટમાં રોજગારીના આંકડાઓ રજૂ કરતો રિપોર્ટ જાહેર કરવાની છે. ત્યારબાદ ૧૮ સપ્ટેમ્બરના રોજ ફેડ રિઝર્વ વ્યાજના દરોમાં ૨૫થી ૫૦ બેઝિસ પોઈન્ટનો ઘટાડો કરે તેવી અટકળો છે. જેના પગલે રોકાણકારોએ ખાસ કરીને વિદેશી રોકાણકારો થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી છે.

૪. ઓવરવેલ્યૂડ માર્કેટ : ભારતીય શેરબજારમાં છેલ્લા કેટલાક દિવસની સતત તેજીના કારણે માર્કેટ ઓવરવેલ્યૂડ થઈ ચૂક્યા છે. ઘણા શેર્સ તેના પીઈ રેશિયો ૫૦ કરતાં વધ્યો છે. જેના પગલે માર્કેટમાં કરેક્શન અને પ્રોફિટ બુકિંગ જોવા મળી શકે છે.

૫. વૈશ્વિક બજારની અસર : ફેડ રેટ કટ મામલે બે મત હોવાના કારણે એશિયન અને યુરોપિયન બજારમાં સાર્વત્રિક વેચવાલીનું પ્રેશર જોવા મળ્યું હતું. જેની અસર સ્થાનિક બજાર પર પણ થઈ છે.

### હરિયાણામાં ચૂંટણી પહેલા કોંગ્રેસમાં જોડાયા

## વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા કોંગ્રેસમાં જોડાયા

### વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા કોંગ્રેસ જોઈન કરતા પહેલા રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેને પણ મળ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।



પહેલવાન વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા શુક્રવારે સત્તાવાર રીતે કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈ ગયા. પાર્ટીમાં જોડાતા પહેલા બંને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેના ઘરે પહોંચ્યા હતા. જેને શિષ્ટાચાર ભેટ જણાવવામાં આવી હતી. ખડગેના ઘરે પાર્ટી મહાસચિવ કેસી વેણુગોપાલ પણ પહોંચ્યા હતા. કોંગ્રેસમાં સામેલ થયા બાદ વિનેશ અને બજરંગ હવે કુશ્તીના અખાડાથી રાજકારણના અખાડામાં જોવા મળશે. બંને ખેલાડીઓ હરિયાણા વિધાનસભા ચૂંટણીની બરાબર પહેલા કોંગ્રેસમાં જોડાયા છે. વિનેશ ફોગાટની રાજકારણમાં એન્ટ્રી બાદ હવે તેઓ ચૂંટણી લડે તેવી સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. બજરંગ પુનિયા હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ માટે પ્રચાર કરશે. કોંગ્રેસનો હાથ થામ્યા બાદ વિનેશ ફોગાટે કહ્યું કે હું તમારી આશાઓ પર ખરી ઉતરું. હું કોંગ્રેસનો આભાર માનું છું. ખરાબ સમયમાં ખબર પડે છે કે કોણ તમારી સાથે છે. હું ગર્વ મહેસૂસ કરું છું કે હું એવી પાર્ટી સાથે જોડાઈ છું જે મહિલાઓની પીડા સમજે છે. અમે દરેક એ મહિલાની પડખે છીએ જે પોતાને અસહાય સમજે છે. જ્યારે અમે પ્રદર્શન કરી રહ્યા હતા ત્યારે ભાજપ સિવાય દરેક પાર્ટીએ અમારો સાથ આપ્યો. આજથી હું એક નવી ઈનિંગની શરૂઆત કરી રહી છું. હાલમાં જ કુશ્તીના અખાડાના આ બે ધૂરંધર ખેલાડીઓએ દિલ્હીમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. કોંગ્રેસ જોઈન કરતા પહેલા શુક્રવારે રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેને પણ તેઓ મળ્યા. કોંગ્રેસ હેડક્વાર્ટર પહોંચતા પહેલા વિનેશ ફોગાટે રેલવેની નોકરીમાંથી રાજીનામું પણ આપી દીધુ. તથા પોતાનું રાજીનામું સોશિયલ મીડિયા પર શેર પણ કર્યું. પાર્ટી સુત્રોના જણાવ્યાં મુજબ વિનેશ ફોગાટ ચરખી દાદરી, બાઢડા કે જુલાનાથી ચૂંટણી લડી શકે છે. વધુ ચર્ચા એ વાતની પણ છે કે કોંગ્રેસ જીંદ જિલ્લાના જુલાના વિધાનસભા બેઠકથી વિનેશ ફોગાટને ચૂંટણી લડાવી શકે છે. કારણ કે આ વિસ્તારમાં વિનેશ ફોગાટનું સાસરું છે. વિનેશ ફોગાટ પેરિસ ઓલિમ્પિકથી પાછી ફરીને દિલ્હી આવ્યા હતા ત્યારે તેના સ્વાગતમાં રોહતકથી કોંગ્રેસના સાંસદ દીપેન્દ્ર હુડ્ડાના એરપોર્ટ પહોંચ્યા બાદથી એવી અટકળો હતી.

### ન્યૂઝ બ્રિફ

#### મને પણ ઓફર આવી હતી, પરંતુ હું ના ગઈ : સાક્ષી મલિક

। (એજન્સી) ચંદીગઢ, તા.૬ ।

હરિયાણા વિધાનસભા ચૂંટણી પહેલા કુસ્તીબાજ વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા થોડા સમયમાં કોંગ્રેસમાં જોડાશે. બંને રેસલર્સને કોંગ્રેસમાં જોડાવા પર રેસલર સાક્ષી મલિકે મોટો સંદેશ આપ્યો છે. તેણે કહ્યું કે, આ બંને રેસલર્સનો અંગત નિર્ણય છે. પરંતુ મારુ માનવું છે, કે મારે ત્યાગ કરવો જોઈએ. તેમણે કહ્યું કે, અમારુ જે આંદોલન હતું, બહેન-દીકરીઓ વચ્ચેની જે લડાઈ હતી, તેને ખોટુ સ્વરૂપ ન આપવું જોઈએ. મારી લડાઈ ચાલુ છે. હું હજુ પણ તેના પર અડગ છું. કુસ્તીમાં મહિલાઓનું જે શોષણ થતું હતું, તેની સામે અમારું આંદોલન ચાલુ છે. હું હંમેશા કુસ્તી માટે જ વિચારું છું, કુસ્તી માટે કામ કરું છું અને ભવિષ્યમાં પણ કામ કરતી રહીશ. સાક્ષી મલિકે કહ્યું કે, મને પણ એક ઓફર મળી હતી, પરંતુ મને લાગ્યું કે મેં જે શરૂઆત કરી છે, તેને મારે છેલ્લા સ્ટેજ પર લઈ જવી જોઈએ. જ્યાં સુધી બહેન-દીકરીઓનું શોષણ બંધ નહીં થાય ત્યાં સુધી અમારી લડત ચાલુ રહેશે.

## સુપ્રીમનો હાઈકોર્ટના નિર્ણયમાં દરમિયાનગીરી કરવાનો ઈનકાર

### ડો. ઘોષની સીબીઆઈ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ ડૉ.સંદીપ ઘોષને સુપ્રીમ કોર્ટ તરફથી ઝટકો લાગ્યો છે. સુપ્રીમ કોર્ટે સંદીપ ઘોષના કાર્યકાળ દરમિયાન નાણાકીય ગેરરીતિઓની સીબીઆઈ તપાસ માટે હાઈકોર્ટના આદેશમાં દખલ કરવાનો ઈનકાર કરી દીધો છે. એટલું જ નહીં સુપ્રીમ કોર્ટે સીબીઆઈને તપાસની મંજૂરી પણ આપી દીધી છે. હાઈકોર્ટના આ આદેશ સામે સંદીપ ઘોષે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો અને તેમણે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને કલકત્તા હાઈકોર્ટના આદેશને પડકાર્યો હતો. ગત ૨૪ ઓગસ્ટે કોલકાતા હાઈકોર્ટે નાણાકીય ગેરરીતિનો કેસ SIT પાસેથી CBIને સોંપવાનો આદેશ આપ્યો હતો. આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ભૂતપૂર્વ ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. અખ્તર અલીએ સંદીપ ઘોષ વિરુદ્ધ સંસ્થામાં અનેક કેસોમાં નાણાકીય અનિયમિતતાની ફરિયાદ નોંધાવી હતી. જેમાં હોસ્પિટલમાં મૃતદેહોની દાણચોરી, બાયો મેડિકલ વેસ્ટમાં ભ્રષ્ટાચાર, બાંધકામના ટેન્ડરોમાં ભત્રીજાવાદ વગેરે જેવા આક્ષેપો કરવામાં આવ્યા હતા.

## માધબી પૂરી બુચ સેબીના સકંજામાં આવેલી કંપની પાસેથી ભાડું મેળવી રહ્યા છે

### આ મિલકત કેરોલ ઇન્ફો સર્વિસિસ લિમિટેડને ભાડે આપવામાં આવી હતી, જે વોકહાર્ટ લિમિટેડ સાથે જોડાયેલી છે : કોંગ્રેસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

કોંગ્રેસે ફરી સેબીના અધ્યક્ષા માધબી પૂરી બુચ પર ગંભીર આક્ષેપો કર્યા છે. પાર્ટીએ આક્ષેપ કર્યો છે કે, 'સેબી જે કંપની સામે તપાસ કરી રહી છે, તે કંપનીને માધબીએ પોતાની સંપત્તિ ભાડે આપી છે. કોંગ્રેસ નેતા પવન ખેડાએ કહ્યું કે, 'જ્યારે માધબી ૨૦૧૮-૧૯માં સેબીમાં પૂર્ણ-સમયની સભ્ય હતા, ત્યારે તેમણે પોતાની એક મિલકત ભાડે આપી હતી. ૨૦૧૮-૧૯માં આ પ્રોપર્ટીનું ભાડું સાત લાખ રૂપિયા હતું, ૨૦૧૯-૨૦માં આ ભાડું વધીને ૩૬ લાખ રૂપિયા, જયારે ૨૦૨૩-૨૪માં વધીને ૪૬ લાખ રૂપિયા થઈ ગયું છે. આ મિલકત કેરોલ ઈન્ફો સર્વિસિસ લિમિટેડને ભાડે આપવામાં આવી હતી, જે વોકહાર્ટ લિમિટેડ સાથે જોડાયેલી છે. તેમણે કહ્યું કે, સેબી વોકહાર્ટ લિમિટેડ વિરુદ્ધ ઈનસાઈડર



ટ્રેડિંગ મામલે તપાસ કરી રહી છે. સેબી આ મામલે તપાસ કરી રહી છે, ત્યારે માધબી બુચ સેબીના અધ્યક્ષા છે. આ માત્ર હિતોનો ટકરાવ નથી, પરંતુ ભ્રષ્ટાચારનો સંપૂર્ણ મામલો છે. શું તે નૈતિક છે, શું તે કાયદેસર છે? આ પહેલા કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે, 'માધબી બુચ સેબીના અધ્યક્ષતા તરીકે કાર્યરત હોવા છતાં તેમણે ICICI બેંક, ICICI પ્રુડેન્શિયલ, ESOP પાસેથી ૧૬.૮૦ કરોડ મેળવ્યા હતા. તેમને સેબીથી પણ વધુ સેલેરી પ્રાઈવેટ બેંક પાસેથી મળતી હતી. જોકે બેંકે કોંગ્રેસના આક્ષેપોને રદીયો આપી કહ્યું હતું કે, માધબી નિવૃત્ત થયા બાદ તેમને પગાર અપાતો ન હતો, પરંતુ 'નિવૃત્તિ લાભ' અપાતો હતો.

લગભગ એક પખવાડિયા પહેલા હિન્ડેનબર્ગે ધડાકો કર્યો હતો કે સેબી અધ્યક્ષ બુચ અદાણી જૂથની કંપનીઓમાં હવાલા અને નાણાકીય ગેરરીતિ માટે ઉપયોગમાં લેવાથી શેલ કંપનીઓ અને ફંડમાં રોકાણકાર હોવા છતાં તેમણે અદાણી સામેની જાન્યુઆરી ૨૦૨૩ની ફરિયાદોની તપાસમાં ભાગ લીધો હતો અને તેમનું હિત જોડાયેલું હોવાથી અદાણીને ક્લિનચીટ આપવામાં આવી છે. આ આક્ષેપનો જવાબ આપતા બુચે સ્વીકાર્યું હતું કે પોતે અને તેમના પતિ આ ફંડમાં રોકાણકાર હતા પણ આ આક્ષેપો ભારત અને સેબીના ચરિત્રહનન સમાન છે.

### કોંગ્રેસે ૪૦ સ્ટાર પ્રચારકોની બીજી યાદી જાહેર કરી

। નવી દિલ્હી, તા.૬ ।

જમ્મુ-કાશ્મીરમાં યોજાનારી આગામી વિધાન સભાની ચૂંટણીના બીજા તબક્કા માટે કોંગ્રેસે પોતાના ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી બહાર પાડી છે. જેમાં પહેલા તબક્કા માટે પ્રકાશિત કરાયેલી યાદીમાં બે નામો બદલવામાં આવ્યા છે. અન્ય ૩૮ સ્ટાર પ્રચારકો પહેલા તબબકામાં હતા એ જ રાખવામાં આવ્યા છે. કોંગ્રેસે આ વખતે ઉત્તર પ્રદેશમાં પક્ષના વરિષ્ઠ નેતા પ્રમોદ તિવારી અને રાજસ્થાનના દિવ્યા મદેરણાને સ્ટાર પ્રચારકની યાદીમાં સ્થાન અપાયું છે.

## ગુજરાત સહિત ૧૫ રાજ્યોમાં ભારે વરસાદની આગાહી કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ગુજરાત સહિત દેશભરના ઘણાં રાજ્યોમાં વરસાદની સ્થિતિ યથાવત્ છે અને આજે પણ અનેક સ્થળોએ સામાન્યથી અતિભારે વરસાદ પડ્યો છે, ત્યારે હવામાન વિભાગે (IMD) ૧૫ રાજ્યોમાં આવતીકાલથી સતત ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી કરી છે. આઈએમડીએ રાજસ્થાન અને ઉત્તરાખંડમાં આવતીકાલે ૭ સપ્ટેમ્બરે ભારે વરસાદની ચેતવણી આપી ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, દિલ્હી, ગુજરાત, છત્તીસગઢ, ઓડિશા, કર્ણાટક, મહારાષ્ટ્ર, ગોવા, તેલંગાણા, આંધ્રપ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરા માટે યલો ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દિલ્હીના પ્રાદેશિક હવામાન કેન્દ્રએ સામાન્ય વરસાદથી લઈને ગાજવીજ સાથે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી છે. આજે રાષ્ટ્રીય રાજધાનીમાં યલો ઍલર્ટ જાહેર કરાયું છે. રાજધાનીમાં નવમી સપ્ટેમ્બર સુધી વરસાદની સ્થિતિ રહેવાની શક્યતા છે. ઉત્તરાખંડમાં ૭ સપ્ટેમ્બરે અને રાજસ્થાનના જુદાં જુદાં વિસ્તારોમાં સાત સપ્ટેમ્બર સુધી અતિ ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશમાં છ સપ્ટેમ્બરે, ઉત્તરાખંડમાં સાતમી સપ્ટેમ્બર સુધી અને રાજસ્થાનમાં નવમી સપ્ટેમ્બર સુધી ભારે વરસાદ થવાની સંભાવના છે.

## કેન્દ્ર સરકારનો નવો પ્લાન, ૫૦% સસ્તી આપશે ડુંગળી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ડુંગળીના વધતા ભાવોને અંકુશમાં લેવા હવે સરકાર મેદાનમાં ઉતરી છે. છેલ્લા એક વર્ષમાં ડુંગળીના ભાવો ૫૦થી ૬૦ ટકા વધ્યા છે. આ ભાવો પર નિયંત્રણ લાદતાં તેમજ ગૃહિણીઓને આર્થિક ટેકો કરતાં કેન્દ્ર સરકારે સસ્તા દરે ડુંગળી વેચવાનું શરૂ કર્યું છે. નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન અને નેશનલ એગ્રિકલ્ચર કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેડશન (નાફેડ) દ્વારા દેશના જુદા-જુદા સ્થળોએ સ્પેશિયલ વાન મારફત ૩૫ રૂપિયે કિલોના ભાવે ડુંગળી વેચવામાં આવી રહી છે. હાલ દિલ્હી અને મુંબઈમાં ડુંગળીના વેચાણ શરૂ કરશે. નાફેડ અને એનસીસીએફ સરકારનો ૪.૭ લાખ ટન ડુંગળીનો બફર સ્ટોક મેનેજ કરી રહી છે. જે તેના સ્ટોર અને મોબાઈલ વાન મારફત દિલ્હી-એનસીઆરના ૩૮ રિટેલ સ્થળો, મુંબઈમાં પરેલ અને મલાડ ખાતે વેચાણ કરશે. નાફેડ અને એનસીસીએફની મોબાઈલ વાન ઉપરાંત કેન્દ્રિય ભંડાર અને મધર ડેરીના સફલ આઉટલેટ્સ પરથી રાહત દરે ડુંગળી મળશે. આ પહેલના બીજા તબક્કામાં આગામી સપ્તાહે કોલકાતા, ગુવાહાટી, હૈદરાબાદ, ચેન્નઈ, બેંગ્લુરૂ, અમદાવાદ અને રાયપુર શહેરોને આવરી લેવામાં આવશે.

### પોલીસે મદરેસાના ત્રણ બેંક ખાતા સીઝ કર્યા

## પ્રયાગરાજમાં નકલી ચલણી નોટો છાપતી મદરેસા પર ચાલશે બુલડોઝર

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૬ ।

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચલણી નોટો છાપતી મદરેસા પર હવે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ મામલામાં બુલડોઝર કાર્યવાહીની તૈયારી કરવામાં આવી રહી છે. PDAએ મદરેસાની બહાર નોટિસ ચોંટાડીને મદરેસાના બાંધકામ સાથે જોડાયેલી માહિતી માંગી છે. સંતોષકારક જવાબ નહીં મળે તો બુલડોઝરની કાર્યવાહી પણ થઈ શકે છે. મદરેસાને સીલ કર્યા બાદ મદરેસામાં કરવામાં આવતા ફંડની તપાસ પણ શરૂ કરવામાં આવી છે. પોલીસે મદરેસાના ત્રણ બેંક ખાતા સીઝ કર્યા છે. પોલીસે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ બરોડા અને ઈન્ડિયન બેંકમાં મદરેસાના ખાતાને સંપૂર્ણપણે સીઝ કરી દેવામાં આવ્યા છે. હવે મદરેસા મેનેજમેન્ટ આ ખાતાઓમાં જમા થયેલા પૈસાનો ઉપયોગ કરી શકશે નહીં. પોલીસે બેંક પાસેથી બેંક એકાઉન્ટ ખોલાવ્યા ત્યારથી અત્યાર સુધીમાં કેટલી રકમ અને ક્યાંથી મોકલી છે તેની વિગતો પણ માંગી છે. પ્રારંભિક તપાસમાં જ બહાર આવ્યું છે કે, વિદેશથી બેંકમાં ઘણા પૈસા મોકલવામાં આવી રહ્યા છે અને હાલમાં મદરેસાના બેંક ખાતામાં ૪૦ લાખ રૂપિયા પણ જમા છે. આ સાથે જ પ્રયાગરાજ ડેવલપમેન્ટ ઓથોરિટીએ પણ મદરેસા પર સકંજો કસ્યો છે અને પહેલા તેને ગેરકાયદે બાંધકામ માટે સીલ કરી દીધી, ત્યારબાદ આજે શુક્રવારે મદરેસાના ગેટ પર ઓથોરિટી દ્વારા નોટિસ પણ ચોંટાડવામાં આવી. આ નોટિસમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે, મદરેસામાં જે પણ બાંધકામ થયું છે તેનો નકશો અને તેના વિશે વિગતવાર જવાબ ૧૮મી સુધીમાં આપવાનો રહેશે.

### ૨૨૦૦ કરોડના ઓનલાઇન સ્કેમનો ભાંડાફોડ

## નકલી ઇનવેસ્ટમેન્ટ બ્રોકરથી સાવધાન રહો : હિમંતા બિસ્વા

। (એજન્સી) દીસપુર, તા.૬ ।

ફક્ત ૨૨ વર્ષના એક યુવાનની કરતૂતથી આખો દેશ ચોંકી ગયો છે. આ યુવકે લોકોને સારા રિટર્નની લાલચ આપી ૨૨૦૦ કરોડની સાયબર ઠગાઈ કરી છે. જેને ધ્યાને લઈને અસમના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ લોકોને નકલી ઈનવેસ્ટમેન્ટ બ્રોકરથી સાવધાન રહેવાની સલાહ આપવાની ફરજ પડી છે. આ કેસની તપાસ કરતાં સામે આવ્યું છે કે, આવી એક નહીં પરંતુ અનેક પેઢીઓ છે, જે ગેરકાયદેસર રીતે કામ કરી રહી છે. આ પેઢી SEBI અને RBIની ગાઈડલાઈનને પણ અનુસરતી નથી.

જ્યારે મીડિયામાં ખુલાસો થયો કે, અસમમાં એવી ઘણી નકલી ટ્રેડિંગ પેઢીઓ કામ કરી રહી છે, જે પેઢીઓ SEBI અને RBIની ગાઈડલાઈનને ફોલો નથી કરતાં. ત્યારે આ અહેવાલોને ગંભીરતાથી લઈને બિસવાએ લોકોને અપીલ કરી કે, આવા ઈન્વેસ્ટમેન્ટ બ્રોકરોથી સાવધાન રહો, જે લીગલ પ્રોસેસ ફોલો નથી



કરતાં. એવી કોઈ સિસ્ટમ નથી જ્યાં આ ઓનલાઈન ટ્રેડિંગ ફર્મ દ્વારા રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું હોય. આ સાયબર ઠગ ગેરકાયદેસર કામ કરીને લોકોને છેતરી રહ્યા હતાં. હાલ પોલીસે તેમની સામે એક્શન લેવાનું શરુ કરી દીધું છે. બિસવાએ કહ્યું, હું લોકોને વિનંતી કરુ છું કે, તમામ લોકો સાયબર ઠગોથી દૂર રહો. પોલીસે ગેરકાયદેસર બ્રોકર સામે કેસ નોંધી દીધો છે અને અમે રાજ્યમાં ચાલી રહેલાં આ રેકેટનો ભાંડો ફોડીને જ જંપીશું. જે વ્યક્તિ પર ઈન્વેસ્ટમેન્ટ નેટવર્ક ચલાવવાનો આરોપ હતો, તેની મંગળવારે જ ધરપકડ થઈ ગઈ છે. આ સમગ્ર મામલો અસમનો છે, જ્યાં ૨૨ વર્ષના વિશાલ ફુકને લોકોને ૬૦ દિવસની અંદર ૩૦ ટકા રિટર્ન આપવાના નામે કરોડો રૂપિયાનું રોકાણ કરાવ્યું. વિશાલે અસમના અમીર લોકો અને તમામ ડૉક્ટર-ઈજનેર પાસેથી પણ રોકાણ કરાવ્યું હતું. લોકોને ઠગવા તેણે ૪ કંપનીઓ બનાવી હતી. આ કંપની ફાર્મા, પ્રોડક્શન અને કન્સ્ટ્રક્શન ક્ષેત્ર સાથે જોડાયેલી હતી. તેણે લોકોના પૈસા અસમની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ લગાવ્યા અને ડઝનથી વધારે સંપત્તિઓ ખરીદી લીધી. તેણે શેર માર્કેટમાં પણ લોકોના પૈસાનું રોકાણ કર્યું. જેનો નફો પણ વિશાલે પોતે જ લઈ લીધો અને લોકોને પૈસા ડૂબી ગયા એવું કહ્યું. વિશાલ ફુકનના આ સ્કેમનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે ગુવાહાટી શહેરમાં શેર માર્કેટ સાથે જોડાયેલા ઘણાં ફ્રોડનો ખુલાસો થયો.

## સુરત ક્રાઈમ બ્રાન્ચને મળી સફળતા, ૨૦ વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

। (એજન્સી) સુરત, તા.૬ ।

સુરતના રાંદેર પોલીસ મથકમાં નોંધાયેલા અપહરણ-ખંડણીના ગુનામાં ૨૦ વર્ષથી વોન્ટેડ આરોપીને સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી કાયદેસરની કાર્યવાહી કરી છે. ૨૦ વર્ષ પહેલાં આરોપીએ ૪ વર્ષના બાળકનું અપહરણ કર્યું હતું સાથે જ ફરિયાદી પાસેથી ખંડણીની માંગણી કરી હતી. જે બાદ આ ગુનામાં છેલ્લા ૨૦ વર્ષથી આરોપી નાસ્તો ફરતો હતો. આ દરમિયાન સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમે આરોપીને ખેડા ખાતેથી ઝડપી આગળની તપાસ હાથ ધરી છે. સુરતમાં અપહરણના ગુનામાં વોન્ટેડ આરોપીને સુરતની ક્રાઈમ બ્રાન્ચ પોલીસે દબોચી લીધો છે, પોલીસ ચોપડે નોંધાયેલી ફરિયાદના આધારે આરોપી એ ૨૦ વર્ષ પહેલાં ૪ વર્ષના બાળકનું અપહરણ કર્યું હતું,જે બાદ બાળક બાળકને મારી નાખવાની ધમકી આપવાની સાથે ફરિયાદીને ધમકાવવામાં આવ્યો હતો, સાથે જ પોલીસ ફરિયાદ નોંધાતા આરોપી ફરાર થઈ ગયો હતો આરોપી ઉત્તર પ્રદેશમાં હોવાની સુરતની ક્રાઈમ બ્રાન્ચને બાપની મળી હતી જે બાદ પોલીસે ઉત્તર પ્રદેશથી આરોપીને ઝડપી સુરત લાવી કાર્યવાહી હાથ ધરી છે.

## બે સેલ્સમેનને માર મારીને ૧.૧૫ કરોડની લૂંટ ચલાવાઈ

। (એજન્સી) જૂનાગઢ, તા.૬ ।

પોરબંદર હાઈવે પર મોડીરાત્રે બાંટવાના પાજોદ ગામ નજીક મોડી રાત્રે અમદાવાદના બે સેલ્સમેનને છરી બતાવી માર મારીને કુતિયાણા તરફથી આવતાં ૩ લૂટારા અઢી કિલો સોનું, પાંચ કિલો ચાંદી અને અઢી લાખ રોકડની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાની જાણ પોલીસને થતાં એસપી, એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ અને લોકલ પોલીસ સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને તમામ રોડની નાકાબંધી કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ અમદાવાદના માણેકચોકમાં આવેલી કલા ગોલ્ડ ફેક્ટરીના સેલ્સમેન ધર્મેન્દ્ર જોશી અને ધનરાજ ભાંગડે કુતિયાણા તરફથી પોતાનું ફોર-વ્હીલર લઈ સોમનાથ તરફ જતા હતા. એ સમયે બાંટવા-કુતિયાણા રોડ પર પોતાની કારમાં પંચર પડતાં આ બંને સેલ્સમેન ઊભા હતા. ત્યારે અચાનક જ બાઈક પર આવી એક વ્યક્તિએ આ સેલ્સમેન સાથે અપશબ્દો બોલી માથાકૂટ શરૂ કરી હતી. જોતજોતાંમાં અચાનક જ બે અન્ય ઈસમો આવી છરી બતાવી માર મારીને કારમાંથી અઢી કિલો સોનું, પાંચ કિલો ચાંદી અને ૨.૫૦ લાખ રોકડ અને સેલ્સમેના મોબાઈલ મળી કુલ ૧ કરોડ ૧૫ લાખ ૮૨ હજારનો મુદ્દામાલ લૂંટી ગયા હતા.

# વિવિધ પ્રકારની NOCની વિસ્તૃત જોગવાઈઓનો સમાવેશ કરાયો

### ગેમીંગ એક્ટિવિટી એરિયા માટેના પ્લાનીંગ રેગ્યુલેશનની મહત્વની જોગવાઈઓ CGDCRમાં કરવાનો નિર્ણય

। ગાંધીનગર, તા.૬ ।

રાજકોટ ગેમ ઝોનમાં થયેલા અગ્નિકાંડ બાદ રાજ્ય સરકારે ગેમઝોનને લઈને મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્યના વિવિધ શહેરોમાં સ્વતંત્ર ગેમીંગ એક્ટિવિટી એરિયા અને શોપીંગ મોલ તેમજ શોપીંગ કોમ્પ્લેક્ષ જેવા કોમર્શિયલ બાંધકામોમાં પણ ગેમીંગ એક્ટિવિટી એરિયા વિકસિત થઈ રહ્યાં છે. મુખ્યમંત્રીએ આવા ગેમીંગ એક્ટિવિટી એરિયામાં એકત્રિત થતી વધુ પડતી ભીડના સંદર્ભમાં જાહેર સલામતી, જાહેર સુરક્ષા અને જાહેર હિત ધ્યાનમાં લઈને ગેમીંગ એક્ટિવિટી એરિયા માટેના પ્લાનીંગ રેગ્યુલેશનની મહત્વની જોગવાઈઓ CGDCRમાં કરવાના જનહિતલક્ષી નિર્ણય કર્યા છે. ગેમીંગ એક્ટિવિટી એરિયા અને કોમર્શિયલ બાંધકામમાં થતા ગેમીંગ એક્ટિવિટી એરિયા માટે અલગ અલગ પ્લાનીંગ રેગ્યુલેશનની જોગવાઈઓ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે CGDCRમાં આ અંગેની જે જોગવાઈઓ કરી છે તેમાં ગેમીંગ એક્ટિવિટી એરિયાના બાંધકામ માટે રસ્તાની પહોળાઈ, મિનિમમ એરિયા, બાંધકામની ઊંચાઈ, પાર્કિંગ, સલામતીના ઉપાયો તથા લેવાની થતી વિવિધ પ્રકારની NOCની વિસ્તૃત જોગવાઈઓનો સમાવેશ થાય છે. એટલું જ નહિ, સ્વતંત્ર ગેમીંગ એક્ટિવિટી માટેના પ્લોટમાં જાહેર સલામતીને ધ્યાને રાખીને અલગ અલગ એન્ટ્રી તથા એક્ઝિટ, ઈમરજન્સી એક્ઝિટ અને રેફ્યુજ એરીયાની જોગવાઈઓ પણ કરવામાં આવી છે. ગેમીંગ ઝોન એક્ટિવિટીના સ્થળે BU સર્ટિફિકેટ, ફાયર NOC તથા અન્ય તમામ લાયસન્સ, સર્ટિફિકેટ, NOC, પરમિટ વગેરે પ્રદર્શિત કરવાના રહેશે એવુ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. આ નવા રેગ્યુલેશનમાં સુનિશ્ચિત કરવામાં આવ્યું છે કે, અગાઉ મેળવેલ વિકાસ પરવાનગી/ બી.યુ. પરવાનગીવાળા બાંધકામોમાં ઉપયોગ શરૂ કરતાં પહેલાં નવા રેગ્યુલેશન અનુસાર રિવાઈઝ્ડ પરવાનગી મેળવી લેવાની રહેશે. પરવાનગી વિના વપરાશ ચાલુ કર્યો હોય તો તેના માટે દંડ લેવાની જોગવાઈ પણ CGDCRના નવા રેગ્યુલેશન્સમાં કરવાના દિશાનિર્દેશો મુખ્યમંત્રીએ આપ્યા છે. રાજકોટ ટી.આર.પી. ગેમ ઝોન અગ્નિ હોનારત પછી ગેમીંગ એક્ટિવિટી એરિયા અને કોમર્શિયલ બાંધકામમાં થતા ગેમીંગ એક્ટિવિટી એરિયા માટે અલગ અલગ પ્લાનીંગ રેગ્યુલેશનની જોગવાઈ કરવી ખૂબ મહત્વની હોઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ બાબતના નિયમો બનાવવાનો નિર્ણય જાહેર હિતમાં કર્યો છે.

### લૂંટારાઓને ઝડપી લેવા માટેની કાર્યવાહી હાથ ધરી

## બસમાં બેઠેલા આંગડિયા કર્મી પાસેથી દોઢ કિલો સોનાના દાગીનાની લૂંટ

। (એજન્સી) પાલનપુર, તા.૬ ।

અમદાવાદ હાઈવે પર બનાસકાંઠા જિલ્લાના છાપી નજીક આવેલ ભરકાવાડા ગામ પાસે એક હોટલ પરથી રાજસ્થાનની બસમાંથી આંગડિયાનો થેલો લૂંટી બે લૂંટારા ફરાર થઈ ગયા હોવાને ઘટના સામે આવી છે. આ ઘટનામાં દોઢ કિલો સોનાના દાગીનાની લૂંટ થઈ હોવાનું પ્રાથમિક અનુમાન કરવામાં આવી રહ્યું છે. ઘટનાના પગલે એસ.પી. અને પોલીસ અધિકારીઓની ટીમ ઘટના સ્થળે પહોંચી છે.

આ અંગેની ઘટના એવી છે કે, પાલનપુર-અમદાવાદ હાઈવે પર છાપી નજીક ભરકાવાડા પાસે એક હોટલ આવેલી છે. આ હોટલ પર અમદાવાદથી રાજસ્થાન જતી બસ મુસાફરોના ચા – નાસ્તા માટે ઊભી રહી હતી. દરમિયાન બાઈક ઉપર આવેલા બે લૂંટારાઓ એ બસમાં બેઠેલા આંગડિયાના કર્મચારી પાસે રહેલો થેલો લૂંટી લીધો હતો અને આ લૂંટ ની ઘટના ને અંજામ આપી બંને લૂંટારા બાઈક ઉપર ત્યાંથી ફરાર થઈ ગયા હતા. આ લૂંટ ની ઘટનામાં દોઢ કિલો સોનાના દાગીના હોવાનું પ્રાથમિક અનુમાન કરવામાં આવી રહ્યું છે. લૂંટ ની બનેલી આ ઘટનાને પગલે છાપી સહિત બનાસકાંઠા એસપી અને પોલીસનો કાફલો તુરંત જ ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસે ઘટના સ્થળે બનેલા લૂંટના બનાવ અંગેના સીસીટીવી ફૂટેજ મેળવ્યા હતા. અને લૂંટ કરી ભાગી છૂટેલા લૂંટારાઓને ઝડપી લેવા માટેની કાર્યવાહી હાથ ધરી હતી. લૂંટની આ ઘટનાને પગલે ભારે દોડધામ મચી જવા પામી છે.

## વિજયનગરના પોળો પ્રવાસન સ્થળે ૧૫ દિવસ માટે પ્રવાસીઓને નો એન્ટ્રી

। (એજન્સી) હિંમતનગર, તા.૬ ।

વિજયનગર તાલુકાના પોળો જંગલ વિસ્તારમાં વણજ (હરણાવ) ડેમનો એક ગેટ ખુલ્લો છે અને પાણી હરણાવ નદીમાં વહીં રહ્યું છે. જેના કારણે કોઈ દુર્ઘટના ના ઘટે તે માટે ૧૫ દિવસ માટે પ્રવાસીઓને પ્રવેશવા પર પ્રતિબંધ મુકતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. વિજયનગર તાલુકામાં પોળોના જંગલોમાં તથા પોલો કેમ્પ સાઈટ પર હાલમાં પ્રવાસીઓનો ઘસારો વધુ જોવા મળી રહ્યો છે. સાબરકાંઠા અને ઉપરવાસમાં વધુ વરસાદને લઈ વણજ ડેમ ફૂલ પાણીની સપાટીએ ભરાઈ ગયો છે. હાલમાં ઉપરવાસમાં વરસાદના કારણે પાણીની આવક ચાલું છે. હરણાવ નદી બે કાંઠે વહી રહી છે. પોળો જંગલ વિસ્તારમાં આવેલા પોળો કેમ્પ સાઈટ તથા પોળોના જંગલો જોવા આવતા પ્રવાસીઓને હાલની ડિઝાસ્ટર પરિસ્થિતિ જાણ ન હોવાથી પ્રવાસીઓનો ઘસારો ખૂબ વધી રહ્યો છે. જેથી ભારે પુરના સંજોગોમાં જાન માલને નુકશાન થવાની સંભાવના હોઈ કલેકટર ડૉ.રતનકંવર એચ. ગઢવીચારણ દ્વારા ૩ સપ્ટેમ્બર ૨૦૨૪થી ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી ૧૫ દિવસ સુધી વિજયનગર તાલુકાના ફોરેસ્ટ નાકાથી વણજ ડેમ અને વણજ ડેમથી વિજયનગર તરફ જતા પ્રથમ ત્રણ રસ્તા સુધીના પોળો ફોરેસ્ટ વિસ્તારમાં પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

વિજયનગર તાલુકાના પ્રવાસન ધામ પોળો ફોરેસ્ટ શારણેશ્વર મંદિર પાસે પ્રવાસીઓની સુવિધા વધારવાના ભાગરૂપે જંગલ વિસ્તારને પોલ્યુશન ફ્રી ઈકો ટુરીઝમ તરીકે વિક્સાવવા માટે વણજ ડેમથી વિજયનગર તરફ જતા પ્રથમ ત્રણ રસ્તા સુધીના રોડ ઉપર ચાર પૈડા અને તેથી ભારે વાહનો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

### વિકસિત ભારત રથ એટલે સેવાઓનો રથ

## જૂનાગઢમાં ઘરમાં ચાલુ રહી ગયેલો ગેસ બ્લાસ્ટ થતાં એક પરિવારના ચાર દાઝ્યા

। (એજન્સી) જૂનાગઢ, તા.૬ ।

જૂનાગઢના ગણેશનગરમાં ગત રાતે એક મકાનમાં ગેસ બ્લાસ્ટ થતાં એક જ પરિવારના ચાર સભ્યો ગંભીર રીતે દાઝ્યા હતા. પરિવારના સભ્યો જમવાનું પતાવી પોતાના ફળિયામાં બેઠા હતા. નાનો દીકરો પોતાના રૂમમાં વાંચતો હતો. અચાનક જ પરિવારના સભ્યને રસોડામાં કંઈક કામ યાદ આવતાં તે રસોડાનો દરવાજો ખોલી લાઈટ ઓન કરતાં જ જોરદાર બ્લાસ્ટ થયો હતો. મળતી માહિતી મુજબ, જૂનાગઢના ગિરનાર દરવાજા પાસે આવેલા ગણેશનગરમાં ગત રાતે ૧૦ વાગ્યે ગેસ બ્લાસ્ટ થયો હતો. ઘરમાં રસોઈ પછી ગેસનું રેગ્યુલેટર ચાલુ રહી ગયું હતું. પરિણામે થોડીવાર પછી લાઈટ ચાલુ કરતા જતા બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટ એટલો ભયાનક હતો કે આસપાસના લોકો ડરી ગયા હતા. આ ધડાકો થતાં કટારિયા પરિવારના ચાર સભ્ય ગંભીર રીતે દાઝી ગયા હતા. જેમાં કાનજીભાઈ માવજીભાઈ કટારિયા (ઉં ૫૬) તેમનો પુત્ર વિજય કાનજી કટારિયા (ઉં ૩૭), તેની પત્ની મનીષા કટારિયા (ઉં ૩૨) અને તેમનો ૭ વર્ષનો દીકરો દત્ત વિજય કટારિયા હાલ સારવારમાં છે. ઘટના બાદ ૧૦૮ દ્વારા ચારેય સભ્યને સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોકટર દ્વારા તમામની સારવાર શરૂ કરવામાં આવી હતી. ૭ વર્ષના બાળક તેમજ તેનાં માતા-પિતાની હાલત વધુ ગંભીર થતાં તેમને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે. આ ઘટના અંગે એવું સામે આવ્યું હતું કે, ઘરના રસોડામાં રાખેલા ગેસના બાટલાનું રેગ્યુલેટર ભૂલથી ચાલુ રહી ગયું હતું તેમજ રસોડાના એલ્યુમિનિયમ સેક્શનવાળા બારી દરવાજા પણ બંધ હતાં.

### દર ૪ સેકન્ડમાં ૧ તમાકુ વપરાશકર્તાનો જીવ લઈ રહ્યો છે

## તમાકુ અને પાન મસાલા વેચાણ, સંગ્રહ અને વિતરણ પરનો પ્રતિબંધ એક વર્ષ લંબાવાયો

### આગામી તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૪થી વધુ એક વર્ષ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે, તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જણાવાયું છે

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।



રાજ્યમાં ગુટકા તેમજ તમાકુ કે નિકોટીનયુક્ત પાન મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ પર હાલ પ્રતિબંધ છે. રાજ્યના નાગરિકોનું સ્વાસ્થ્ય વધુ સુદ્રઢ બને તે માટે આ પ્રતિબંધ આગામી તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૪થી વધુ એક વર્ષ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે, તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જણાવાયું છે. વધુમાં જણાવ્યા અનુસાર ફૂડ સેફટી સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ અન્વયેના નિયમો તથા રેગ્યુલેશન ૨૦૧૧ હેઠળ આ પ્રતિબંધ મૂકાયો છે. જેમાં કોઈપણ ખાદ્યચીજમાં તમાકુ કે નીકોટીન ઉમેરવું એ પ્રતિબંધ છે. ગુટકામાં તમાકુ કે નિકોટીનની હાજરી હોવાથી માનવ આરોગ્યને ખૂબ જ નુકશાન થતું હોય છે. જેથી નાગરિકો તથા ભાવિ પેઢીના સ્વાસ્થ્યને જાળવી રાખવા માટે ગુટકા પર પ્રતિબંધ મૂકવો જરૂરી હોઈ, આ નિર્ણય કરાયો છે. આ નિયમનો ભંગ કરનાર સામે કડક હાથે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. આ ઉપરાંત કોઈપણ વેપારી ગુટકા કે પાનમસાલા કે જેમાં તમાકુ કે નિકોટીનની હાજરી હોય તેના વેચાણ, સંગ્રહ અને વિતરણ કરતા પકડાશે તો, તેને કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે, તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ગાંધીનગરની યાદીમાં વધુમાં જણાવાયું છે.નોંધનીય છે કે, વિશ્વ આરોગ્ય સંગઠનના અનુસાર, વિશ્વભરમાં દર ૪ સેકન્ડમાં ૧ તમાકુ વપરાશકર્તા પોતાનો જીવ ગુમાવી રહ્યો છે. ૧૯૬૫માં પહેલી ઈલેક્ટ્રોનિક સિગારેટ બની હતી. તેનું પેટન્ટ ૨૦૦૩માં કરાવવામાં આવ્યું. જોકે, ઈ-સિગારેટ્સ પહેલીવાર ૨૦૦૭માં ઉત્તર અમેરિકાના બજારમાં ઉતારવામાં આવી હતી. ત્યારથી અત્યાર સુધી તે વિશ્વભરમાં ૪૦૦થી વધુ અલગ-અલગ બ્રાન્ડના નામે વેચાય છે. વિશ્વ આરોગ્ય સંગઠનના અનુસાર, વિશ્વભરમાં ઈ-સિગારેટ પીવાનો દર મોટાઓની સરખામણીમાં બાળકોમાં ઘણો વધારે છે.

## શિક્ષક કલ્યાણ નિધિમાં મુખ્યમંત્રીનો ફાળો અર્પણ

। (એજન્સી) ગાંધીનગર, તા.૬ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિને ગુરૂવર્યોના સમાજદાયિત્વનો ઋણસ્વીકાર કરતાં શિક્ષક કલ્યાણ નિધિમાં પોતાનો ફાળો અર્પણ કર્યો હતો. શિક્ષક કલ્યાણનિધિમાં સ્વૈચ્છિક ફાળો લેવા માટે આજે સવારે મુખ્યમંત્રીશ્રી નિવાસસ્થાને ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ અને સ્કૂલ ઓફ એચિવર્સનાં બાળકો પહોંચ્યાં હતાં. આજીવન શિક્ષક અને પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. સર્વપલ્લી રાધકૃષ્ણનની જન્મ જયંતિ તારીખ પાંચમી સપ્ટેમ્બરને દેશભરમાં શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વ્યક્તિ અને સમાજ ઘડતરમાં શિક્ષકોના પ્રદાન નું ઋણ સ્વીકાર કરતાં સૌ આ દિવસે શિક્ષક કલ્યાણ નિધિમાં ફાળા રૂપે સ્વૈચ્છિક યોગદાન આપે છે. મુખ્યમંત્રીએ પણ શિક્ષક દિન અવસરે પોતાનો ફાળો અર્પણ કરીને ગુરુજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. તેમણે ફાળો લેવા આવેલા શાળાના બાળકો સાથે સહજ સંવાદ કરીને શિક્ષકો પ્રત્યેના તેમના આદરભાવનું આદાન-પ્રદાન કર્યું હતું.

**વિશેષ** વન પર્યાવરણ મંત્રી મુકેશભાઈ પટેલ '૫ સપ્ટેમ્બર-શિક્ષક દિન' અંતર્ગત વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સિટીલાઈટના અગ્રસેન ભવન ખાતે જિલ્લા તેમજ તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરાયા

# વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સિટીલાઈટ ખાતે જિલ્લા તેમજ તાલુકા કક્ષાનો 'શ્રેષ્ઠ શિક્ષક' સન્માન સમારોહ યોજાયો

। (માહિતી) અમદાવાદ ।






શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરનારા જિલ્લા-તાલુકાના ૭ શિક્ષકો તેમજ ૧૯ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન વિદ્યાર્થી ભણીને ડૉક્ટર, એન્જિનિયર અથવા આધિકારી બને એ શિક્ષકો માટે જીવનનો સૌથી મોટો એવોર્ડ છે: વન પર્યાવરણ મંત્રી મુકેશભાઈ પટેલ '૫ સપ્ટેમ્બર-શિક્ષક દિન' અંતર્ગત વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સિટીલાઈટના અગ્રસેન ભવન ખાતે જિલ્લા તેમજ તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરાયા હતા. 'શિક્ષક દિન'ની ઉજવણીના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી-સુરતના સંયુક્ત ઉપક્રમે આયોજિત સન્માન સમારોહમાં શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપનારા જિલ્લા અને તાલુકાના શ્રેષ્ઠ ૭ શિક્ષકોનું શાલ, પ્રશસ્તિપત્ર અને રોકડ પુરસ્કાર અર્પણ કરી બહુમાન કરાયું હતુ. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે, દરેક સફળ વ્યક્તિની પાછળ એક શિક્ષકનો પણ મહત્વનો ફાળો હોય છે. જે શિક્ષકો બાળકોના ઉજ્જવળ ભવિષ્ય ઘડવામાં યોગદાન આપી રહ્યા છે, તેમના માટે પોતાના વિદ્યાર્થીઓ ભણીગણીને ડૉક્ટર, એન્જિનિયર, સાયન્ટિસ્ટ અથવા અધિકારી બને એ જીવનનો સૌથી મોટો એવોર્ડ છે. શિક્ષક દિવસની ઉજવણી એ શિક્ષકોએ સમાજના ઘડતરમાં આપેલા યોગદાનનું સન્માન છે એમ જણાવી મંત્રીશ્રીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં પ્રારંભ કરેલા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના કારણે ડ્રોપ આઉટ રેશિયો નહિવત થયો છે. રાજ્યની સરકારી શાળાઓમાં અપાઈ રહેલા ગુણવત્તાયુક્ત શિક્ષણ, ઉચ્ચ શૈક્ષણિક સુવિધાઓના કારણે પ્રાઈવેટ શાળાઓમાંથી વિદ્યાર્થીઓ સરકારી શાળાઓમાં એડમિશન લઈ રહ્યા છે એમ તેમણે ઉમેર્યું હતું. વધુમાં તેમણે બાળકોને વૃક્ષારોપણ અને ક્લાઈમેટ ચેન્જ વિશે જાગૃત્ત કરીને પર્યાવરણ સંરક્ષણ માટે બાળપણથી જ પ્રેરણા આપવી જોઈએ એમ જણાવી ઉપસ્થિત સૌને શિક્ષક દિવસની શુભેચ્છા પાઠવી હતી. જિલ્લા કલેક્ટર ડૉ.સૌરભ પારધીએ જણાવ્યું કે, દરેક વ્યક્તિના જીવનઘડતરનો મજબૂત પાયો રોપવાનું કામ શિક્ષક કરે છે. દેશની ભાવિ પેઢીને દિશાદર્શન આપવામાં, જ્ઞાનદાનથી રાષ્ટ્ર નિર્માણ કરવામાં શિક્ષકોની આગવી ભૂમિકા હોવાનું જણાવી શિક્ષક દિવસની શુભેચ્છા પાઠવી હતી. પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે જણાવ્યું કે, આજે ઉચ્ચ કક્ષાના હોદ્દા પર છીએ તે શિક્ષકોના કારણે છે. ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવમાં શિક્ષકોને પરિવારના સભ્ય સમાન તેમજ બાળકોના જીવન ઘડવૈયા તરીકે અદકેરું માનસન્માન આપવામાં આવે છે એ અમે નજરે જોઈએ છીએ. શિક્ષણ કાર્યની સાથે શિક્ષક બાળકોના આરોગ્ય અને ગામના નાગરિકોને તેમની સમસ્યા માટે સલાહ સૂચનો અને મદદ કરતા હોય છે, જેથી લોકોમાં શિક્ષકો પ્રત્યે વધુ આદરભાવ જોવા મળે છે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલે જણાવ્યું કે, દરેક વ્યક્તિના જીવનમાં શિક્ષકનું ખાસ મહત્વ રહ્યું હોય છે. વ્યક્તિને શિક્ષિત અને પગભર બનાવીએ તો સમગ્ર જીવનમાં તે વ્યક્તિ પોતાના તેમજ પરિવાર, સમાજ અને દેશના વિકાસમાં યોગદાન આપી શકે છે. સમાજમાં સારા વ્યક્તિના ઘડતર અને વિકાસમાં શિક્ષણ મહત્વનો પાયો છે. સન્માનિત થનાર શિક્ષકો જેઓ પોતાની જવાબદારીથી આગળ જઈ કામ કરી રહ્યા છે, શાળાના સમય બાદ અને રજાના દિવસોમાં પોતાનો સમય વિદ્યાર્થીઓ માટે ફાળવીને શિક્ષણ આપે છે એ સરાહનીય છે. આ વેળાએ મંત્રીશ્રી-મહાનુભાવોના હસ્તે જિલ્લાની શાળાઓના ૧૯ તેજસ્વી છાત્રોનું પણ પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં જિ.પંચાયત પ્રમુખ ભવિનીબેન પટેલ, જિ.શિક્ષણાધિકારી ડો.ભગિરથસિંહ પરમાર, જિ.પ્રા. શિક્ષણાધિકારી જયેશ પટેલ, વહીવટી અધિકારી એન. બી.જોશી, એજ્યુકેશન ઈન્સ્પેક્ટર એચ.પી.બારોટ, ડૉ.સંગીતાબેન મિસ્ત્રી, નરેન્દ્રસિંહ વસાવા, ટી.વાય. રાવ, અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં આચાર્ય અને શિક્ષકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### યુનુસે કહ્યું - હુમલા અતિશયોક્તિપૂર્ણ હતા

# 'બાંગ્લાદેશમાં હિંદુઓ પર હુમલો સાંપ્રદાયિક નથી'

## નોબેલ પુરસ્કાર વિજેતાએ પીટીઆઈને જણાવ્યું હતું કે, "મેં મોદીને પણ કહ્યું છે કે આને પ્રમાણની બહાર ઉડાડવામાં આવી રહ્યું છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસે કહ્યું છે કે તેમના દેશમાં લઘુમતી હિંદુઓ પર હુમલાના મુદ્દાને અતિશયોક્તિભર્યો કરવામાં આવી રહ્યો છે અને ભારતે જે રીતે તેને રજૂ કર્યું છે તેના પર સવાલ ઉઠાવ્યા છે. પોતાના સત્તાવાર નિવાસસ્થાને સમાચાર એજન્સી પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં યુનુસે કહ્યું હતું કે બાંગ્લાદેશમાં લઘુમતીઓ પરના હુમલા સાંપ્રદાયિક કરતાં વધુ રાજકીય છે.તેમણે સૂચવ્યું હતું કે હુમલાઓ સાંપ્રદાયિક ન હતા પરંતુ રાજકીય ઉથલપાથલનું પરિણામ હતું કારણ કે એવી ધારણા હતી કે મોટાભાગના હિંદુઓ હવે સત્તા પરથી હટેલી અવામી લીગ સરકારને ટેકો આપે છે.

નોબેલ પારિતોષિક વિજેતાએ પીટીઆઈને કહ્યું, "મેં (વડાપ્રધાન નરેન્દ્ર) મોદીને પણ કહ્યું છે કે આ પ્રમાણની બહાર ઉડાડવામાં આવી રહ્યું છે. આ મુદ્દાના ઘણા પરિમાણો છે. જ્યારે દેશ (શેખ) હસીના દ્વારા કરવામાં આવેલા અત્યાચારથી વાકેફ છે અને અવામી લીગ અશાંતિમાંથી પસાર થઈ રહી હતી, તેની સાથે રહેતા લોકોને પણ હુમલાનો સામનો કરવો પડ્યો હતો.''તમને જણાવી દઈએ કે વડા પ્રધાન શેખ હસીનાને પદ પરથી હટાવ્યા પછી ફાટી નીકળેલી વિદ્યાર્થીઓની આગેવાની હેઠળની હિંસા દરમિયાન, લઘુમતી હિન્દુ વસ્તીને તેમના વ્યવસાયો અને સંપત્તિઓની તોડફોડનો સામનો કરવો પડ્યો હતો અને હિન્દુ મંદિરોને પણ ધ્વસ્ત કરવામાં આવ્યા હતા.

૫ ઓગસ્ટના રોજ ચરમસીમાએ પહોંચેલા અભૂતપૂર્વ સરકાર વિરોધી વિરોધ બાદ, શેખ હસીનાએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું અને ભારત આવી ગયા.યુનુસે કહ્યું, "હવે, અવામી લીગના કાર્યકર્તાઓને મારતી વખતે, લોકોએ હિંદુઓને માર માર્યો છે કારણ કે એક ધારણા છે કે બાંગ્લાદેશમાં હિંદુઓનો અર્થ અવામી લીગના સમર્થકો છે. હું એમ નથી કહેતો કે જે થયું તે યોગ્ય છે. પરંતુ કેટલાક લોકો તેનો ઉપયોગ કરી રહ્યા છે. મિલકત જપ્ત કરવાનું બહાનું તેથી, અવામી લીગ સમર્થકો અને હિંદુઓ વચ્ચે કોઈ સ્પષ્ટ તફાવત નથી.'' હુમલાઓને સાંપ્રદાયિક કરતાં વધુ રાજકીય ગણાવતા, યુનુસે ભારત દ્વારા તેમને જાહેર કરવાની રીત પર સવાલ ઉઠાવ્યા. તેમણે કહ્યું, "આ હુમલાઓ સાંપ્રદાયિક નથી પરંતુ રાજકીય છે. અને ભારત આ ઘટનાઓને મોટા પાયે જાહેર કરી રહ્યું છે. અમે એવું નથી કહ્યું કે અમે કંઈ કરી શકતા નથી, અમે કહ્યું છે કે અમે બધું જ કરી રહ્યા છીએ.''ભારત અને બાંગ્લાદેશ સંબંધોના ભાવિ અંગે ચર્ચા કરતાં યુનુસે ભારત સાથે સારા સંબંધોની ઈચ્છા વ્યક્ત કરી હતી, પરંતુ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતે શેખ હસીના વિના બાંગ્લાદેશ બીજું અફઘાનિસ્તાન બની જશે તેવી કથા છોડી દેવી જોઈએ.

તેમણે કહ્યું, "આગળનો રસ્તો ભારત માટે કથામાંથી બહાર આવવાનો છે. વાર્તા એ છે કે દરેક ઈસ્લામવાદી છે, મ્ઙૅ ઈસ્લામવાદી છે, અને બાકીના બધા ઈસ્લામવાદી છે અને આ દેશને અફઘાનિસ્તાનમાં ફેરવશે. અને શેખ હસીનાના નેતૃત્વમાં બાંગ્લાદેશ સુરક્ષિત હાથોમાં છે. ભારત આ કથાથી આકર્ષાય છે.

ભારતે આ વાર્તામાંથી બહાર આવવાની જરૂર છે. અન્ય દેશની જેમ બાંગ્લાદેશ પણ એક અન્ય પાડોશી છે.જાણીતા અર્થશાસ્ત્રીએ કહ્યું, "આટલા મોટા પાયા પર લઘુમતીઓની સ્થિતિનું ચિત્રણ કરવાનો મુદ્દો માત્ર એક બહાનું છે. જ્યારે હું હિંદુ સમુદાયના સભ્યોને મળ્યો ત્યારે પણ મેં તેમને વિનંતી કરી: મહેરબાની કરીને તમારી જાતને હિંદુ તરીકે ઓળખાવશો નહીં, બલ્કે તમારે કહેવું જોઈએ કે તમે આ દેશના નાગરિક છો અને સમાન અધિકારો ધરાવો છો.

---

### ચોરીના સ્કૂટરનો ઉપયોગ કરીને ગુના આચરતા હતા

## કાલિયા ગેંગના બે નામચીન લૂંટારુઓ દિલ્હીમાં ઝડપાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।



દેશની રાજધાની દિલ્હીમાં પોલીસે કુખ્યાત કાલિયા ગેંગના ૨ લૂંટારાઓની ધરપકડ કરી છે. પોલીસે જણાવ્યું હતું કે કાલિયા ગેંગના આ બે લૂંટારુઓની શાહદરા રેલવે સ્ટેશન નજીક રેલવે લાઈન પરથી ધરપકડ કરવામાં આવી છે. ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, તેમણે જણાવ્યું કે બંને આરોપીઓની ઓળખ બિહારના સમસ્તીપુરના મોનુ ચૌધરી (૨૬) અને શાહદરા, દિલ્હીના સની (૨૩) તરીકે થઈ છે, જેઓ સવારે અને મોડી રાત્રે અલગ-અલગ જગ્યાએ લોકોને નિશાન બનાવતા હતા બનાવવા માટે બંનેએ ગુનો કર્યા બાદ ભાગવા માટે ચોરીના સ્કૂટરનો ઉપયોગ કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, 'અમને ૩૦ ઓગસ્ટે માનસરોવર પાર્ક મેટ્રો સ્ટેશન પરથી લૂંટ સંબંધિત ફરિયાદ મળી હતી, જ્યાં ફરિયાદી મહેશ ચંદ પાલ પર બે અજાણ્યાઓએ તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કર્યો હતો અને તેમની કિંમતી ચીજવસ્તુઓથી ભરેલી બેગ લૂંટી લીધી હતી.'તેણે જણાવ્યું કે ફરિયાદીએ કહ્યું હતું કે તેને ધમકી આપીને તેની પાસેથી ટિફિન બોક્સ, ડાયરી, એટીએમ કાર્ડ, મેટ્રો કાર્ડ, પર્સ અને મોબાઈલ ફોનની બેગ લૂંટી લેવામાં આવી હતી.

---

### વિધાનપરિષદના વિપક્ષના નેતા મૃતકના ઘરે જશે

## સુલતાનપુર એન્કાઉન્ટર પર રાજકારણ ગરમાયું

। (એજન્સી) સુલતાનપુર, તા.૬ ।



હવે યુપીના સુલતાનપુરમાં જ્વેલરી શોપમાં લૂંટના આરોપીના એન્કાઉન્ટરને લઈને રાજકારણ ગરમાયું છે. ગુરુવારે સવારે પોલીસે મંગેશ યાદવ નામના આરોપીને એન્કાઉન્ટરમાં ઠાર માર્યો હતો. આ અંગે સપા પ્રમુખ અખિલેશ યાદવે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે મંગેશનો જીવ જાતિના આધારે લેવામાં આવ્યો હતો. સાથે જ શિવપાલે આ એન્કાઉન્ટરની તપાસની માંગ કરી છે. તે જ સમયે, હવે યુપી વિધાન પરિષદના વિપક્ષના નેતા લાલ બિહારી યાદવ આવતીકાલે (શુક્રવારે) જૌનપુર જિલ્લાના અગ્રૌરા ગામમાં મૃતક મંગેશ યાદવના પરિવારને મળશે.મળતી માહિતી મુજબ લાલ બિહારી યાદવ શુક્રવારે સવારે ૮ વાગે જૌનપુરના અગ્રૌરા પહોંચશે. આ પછી તે ૯ વાગે રવાના થશે અને બપોરે ૧૨ વાગે લખનૌ પરત ફરશે. તેમની મુલાકાતના સંદર્ભમાં, જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષકને પત્ર લખીને તેમને કડક સુરક્ષા વ્યવસ્થા અને પોલીસ એસ્કોર્ટ બનાવવા વિનંતી કરવામાં આવી છે.

---

### ખાયકે પાન બનારસ વાલા...

# પીએમ મોદીએ સિંગાપોરના ઉદ્યોગપતિઓને બનારસી પાન ખાવાની ઓફર કરી!

## મોદી બ્રુનેઈ અને સિંગાપોરની મુલાકાત બાદ સ્વદેશ પરત ફર્યા છે, તેમના બંને પ્રવાસ મહત્વપૂર્ણ હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રુનેઈ અને સિંગાપોરની ત્રણ દિવસની મુલાકાત બાદ સ્વદેશ પરત ફર્યા છે. તેમની બંને મુલાકાતો ભારતની એક્ટ ઈસ્ટ પોલિસીના દૃષ્ટિકોણથી ખૂબ જ મહત્વપૂર્ણ હતી.પીએમ મોદીની બ્રુનેઈની મુલાકાતને બંને દેશો વચ્ચેના વેપાર, સાંસ્કૃતિક અને વ્યૂહાત્મક સંબંધોને મજબૂત કરવાના એક મહત્વપૂર્ણ પગલા તરીકે જોવામાં આવી હતી. બ્રુનેઈના સુલતાન હસનલ બોલ્કિયાએ પીએમ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. બંને નેતાઓ વચ્ચે વ્યાપક ચર્ચા થઈ હતી, જેમાં આર્થિક સહયોગ, ઉર્જા ક્ષેત્રમાં ભાગીદારી અને સાંસ્કૃતિક આદાનપ્રદાન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.ભારત અને બ્રુનેઈ વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો યોજાઈ હતી, જે દરમિયાન અનેક એમઓયુ પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તેમાં બંદર સેરી બેગવાન અને ચેન્નાઈ વચ્ચે સીધી ફ્લાઈટ શરૂ કરવા જેવા પગલાંનો સમાવેશ થાય છે. બ્રુનેઈના સુલતાને વિશ્વના સૌથી



મોટા મહેલ 'ઈસ્તાના નુરુલ ઈમાન'માં પીએમ મોદીના સન્માનમાં લંચનું પણ આયોજન કર્યુ હતું. PM મોદીએ બ્રુનેઈના વેપારી સમુદાય સાથે પણ વાતચીત કરી, જ્યાં તેમણે બ્રુનેઈની કંપનીઓને 'મેક ઈન ઈન્ડિયા' અને 'ડિજિટલ ઈન્ડિયા' જેવા મહત્વપૂર્ણ કાર્યક્રમો હેઠળ રોકાણ કરવા આમંત્રણ આપ્યું. આ દરમિયાન બંને દેશો વચ્ચે પ્રાદેશિક સુરક્ષા અને આતંકવાદના મુદ્દા પર પણ ચર્ચા થઈ હતી. બંને દેશોએ સાથે મળીને કામ કરવાનું અને આંતરરાષ્ટ્રીય મંચ પર એકબીજાને સમર્થન આપવાનું વચન આપ્યું હતું.વડાપ્રધાન મોદીની સિંગાપુરની બે દિવસીય મુલાકાત દ્વિપક્ષીય સંબંધોની દૃષ્ટિએ ઘણી મહત્વની હતી. આ સમયગાળા દરમિયાન બંને દેશો વચ્ચે સેમિકન્ડક્ટર સહિત ચાર કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.ભારત અને સિંગાપોરે સેમિકન્ડક્ટર, ડિજિટલ ટેક્નોલોજી, સ્વાસ્થ્ય અને કૌશલ્ય વિકાસના ક્ષેત્રોમાં મહત્વના કરારો પર હસ્તાક્ષર કર્યા. કરાર અનુસાર, બંને દેશો સેમિકન્ડક્ટર, ક્લસ્ટર ડેવલપમેન્ટ, સેમિકન્ડક્ટર ડિઝાઈનિંગ અને મેન્યુફેક્ચરિંગ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ દરમિયાન પીએમ મોદીએ સિંગાપોરના વડાપ્રધાન લોરેન્સ વોંગ સાથે દ્વિપક્ષીય વાતચીત કરી હતી. પીએમ મોદીએ સિંગાપોરની સંસદની પણ મુલાકાત લીધી હતી, જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. બંને નેતાઓ પરસ્પર વેપાર અને આર્થિક સંબંધોને વધુ મજબૂત કરવા સંમત થયા હતા.




વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા 'જલ સંચય જન ભાગીદારી પહેલ'ના લોકાર્પણ પ્રસંગે સંબોધન કર્યુ હતું.

---

## સંદીપ ઘોષ સાથે સંકળાયેલા સ્થળો પર EDના દરોડા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

કોલકાતા બળાત્કાર-હત્યા કેસ સાથે જોડાયેલા આરજી કાર હોસ્પિટલ કેસમાં ED અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી રહી છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ EDની ટીમો ઓછામાં ઓછા ૩ સ્થળો પર દરોડા પાડી રહી છે. EDની ટીમ હાવડા, સોનાર પુર અને હુગલી પહોંચી ગઈ છે. હુગલીની એક જગ્યામાં આરજી કાર હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષના નજીકના સંબંધીઓનું ઘર પણ સામેલ છે.૯ ઓગસ્ટની વહેલી સવારે કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજમાં એક મહિલા રેસિડેન્ટ ડોક્ટર પર બળાત્કાર અને હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાને અંજામ આપ્યા બાદ દારૂના નશામાં ધૂત આરોપી સંજય રોય એ જ બિલ્ડીંગમાં સૂતો હતો.

---

## કોબ્રા ઘટના કેસમાં એલ્વિશ યાદવની EDની પૂછપરછ પૂરી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

સોમવારે એલ્વિશ યાદવને ED લખનૌ ઓફિસમાં પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો. પરંતુ, પોતાનું નિવેદન નોંધવા આવવામાં અસમર્થતા દર્શાવતા તેણે ત્રણ દિવસનો સમય માંગ્યો હતો. આ પછી EDએ એલ્વિશ યાદવ ને ૫ સપ્ટેમ્બર સુધીનો સમય આપ્યો હતો. રેવ પાર્ટીમાં નશા માટે સાપનું ઝેર સપ્લાય કરવાના કેસમાં યુટ્યુબર એલ્વિશ યાદવની EDની પૂછપરછ ગુરુવારે સમાપ્ત થઈ ગઈ. એલ્વિશ યાદવ સાથે ED અધિકારીઓની પૂછપરછ લગભગ ૮ કલાક સુધી ચાલી હતી. તમને જણાવી દઈએ કે સોમવારે એલ્વિશ યાદવને ED લખનૌ ઓફિસમાં પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો. પરંતુ, પોતાનું નિવેદન નોંધવા આવવામાં અસમર્થતા દર્શાવતા તેણે ત્રણ દિવસનો સમય માંગ્યો હતો. આ પછી EDએ એલ્વિશ યાદવને ૫ સપ્ટેમ્બર સુધીનો સમય આપ્યો હતો. ખરેખર, ED રેવ પાર્ટીમાં સાપનું ઝેર સપ્લાય કરવાના મામલામાં યુટ્યુબર અલ્વિશ યાદવની ફરી પૂછપરછ કરવા માંગતી હતી. આ માટે એલ્વિશ યાદવને સોમવારે ઈ઼઼ લખનૌ ઓફિસમાં પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો. આજે એલ્વિશ યાદવ વતી પોતાનું નિવેદન નોંધવા આવવા અસમર્થતા દર્શાવતા ત્રણ દિવસનો સમય માંગવામાં આવ્યો હતો. હવે એલ્વિશ યાદવ ૫ સપ્ટેમ્બરે પૂછપરછ માટે ED સમક્ષ હાજર થશે. આ પહેલા EDએ હરિયાણાના પ્રખ્યાત ગાયક રાહુલ યાદવ ઉર્ફે ફઝીલપુરિયા સહિત ત્રણ લોકોની પૂછપરછ કરી છે.

---

### માનવભક્ષી વરૂઓના આતંક પર મોટો નિર્ણય

# આદમખોર વરૂને દેખો ત્યાં ઠાર કરવા માટે આદેશ કરાયો

## આમદખોરના ઠાર કરવા ૯ શાર્પ શૂટર વનવિભાગની ટીમ સાથે જોડાયા

। (એજન્સી) બહરાઈચ, તા.૬ ।

યુપીના બહરાઈચમાં આતંક મચાવનારા આદમખોર વરૂને દેખો ત્યાં ઠારના આદેશ છુટ્યા છે. યોગી સરકારે લોકોની સુરક્ષા માટે મહત્વનો નિર્ણય લઈને આદમખોપ વરૂને ગોળી મારવાનો આદેશ આપી દીધો છે. ત્યારે લોકોને ડરાવનારા વરૂને પકડવા શું બનાવાયો છે માસ્ટર પ્લાન, જોઈએ આ રિપોર્ટમાં... યુપીના બહરાઈચમાં છેલ્લા ઘણાં દિવસોથી આમદખોર વરૂઓએ આતંક મચાવ્યો છે. રહેણાંક વિસ્તારોમાં ઘૂસી લોકોને



પોતાનો કોળિયો બનાવી રહેલા આ વરૂઓને પકડવા હવે ખૂબ જરૂરી બની ગયા છે. કેમ કે વરૂના ટોળાએ અત્યાર સુધીમાં ૮ બાળકો સહિત ૧૦ લોકોને મોતના ઘાટ ઉતારી દીધા છે. વનવિભાગના અધિકારીઓને અત્યાર સુધીમાં ૪ માનવભક્ષી વરૂઓને પાંજરામાં પૂરવામાં સફળતા મળી છે. પરંતુ હજુ ખુલ્લા ફરી રહેલા ૨ આદમખોર વરૂઓ લોકો માટે મોત બનીને ફરી રહ્યા છે. હરાઈચમાં આતંક મચાવી રહેલા બે આદમખોર વરૂ અનેક પ્રયાસ છતાં પાંજરામાં પુરાઈ રહ્યા નથી. અને બીજી તરફ માનવ લોહી ભૂખ્યા બનેલા વરૂથી લોકોમાં ડરનો માહોલ છે. ત્યારે હવે આ બાકી રહેલા બે વરૂથી લોકોને બચાવવા માટે યોગી સરકારે મોટો નિર્ણય કર્યો છે. યૂપી વનવિભાગ અને સ્થાનિક તંત્રના અનેક પ્રયાસો છતાં આદમખોર વરૂ પકડમાં ન આવતા હવે બંને વરૂને ઠાર કરવા માટે આદેશ કરાયા છે.

---

### ભારત હંમેશાથી શાંતિનો ઉપાસક રહ્યો છે : રાજનાથસિંહ

# ભારતે હંમેશા શાંતિની હિમાયત કરી છે : રક્ષામંત્રી રાજનાથસિંહ

## ભારત અને વિશ્વમાં શાંતિ જાળવી રાખવા આપણે હંમેશા યુદ્ધ માટે તૈયાર રહેવું જોઈએ

। (એજન્સી) નવી દિલ્હી,તા.૬ ।

કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહે આજે શુક્રવારે એક મોટું નિવેદન આપ્યું છે. જેમાં રાજનાથ સિંહે કહ્યું છે કે, "ભારતે હંમેશા શાંતિની હિમાયત કરી છે ભારત હંમેશાથી શાંતિનો ઉપાસક રહ્યો છે, હતો અને રહેશે.વિશ્વમાં ભારત એકમાત્ર એવો દેશ છે જેણે 'વસુધૈવ કુટુંબકમ'નો સંદેશ આપ્યો છે. વર્તમાન વૈશ્વિક ભૌગોલિક રાજકીય પરિસ્થિતિને જોતા મેં સેના કમાન્ડરોને કહ્યું કે ભારત અને વિશ્વમાં શાંતિ જાળવી રાખવા માટે આપણે હંમેશા યુદ્ધ માટે




તૈયાર રહેવું જોઈએ, જેથી કરીને કોઈ પણ સંજોગોમાં આપણી શાંતિને ખલેલ પહોંચાડવામાં ન આવે.'' આ પહેલા ગુરુવારે લખનઉમાં આર્મી કમાન્ડર્સની કોન્ફરન્સને સંબોધિત કરતી વખતે રાજનાથ સિંહે રશિયા-યુક્રેન અને ઈઝરાયેલ-હમાસ સંઘર્ષ અને બાંગ્લાદેશની વર્તમાન સ્થિતિનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કમાન્ડરોને આ ઘટનાઓનું વિશ્લેષણ કરવા, ભવિષ્યમાં દેશને જે સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે તેનું અનુમાન લગાવવા અને "અનપેક્ષિત'' સાથે પગલાં લેવા માટે તૈયાર રહેવાનું આહ્વાન કર્યું હતું. રક્ષા મંત્રીએ ઉત્તરીય સરહદ પરની સ્થિતિ અને આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા માટે પડકાર ઊભો કરી રહેલા પાડોશી દેશોમાં વિકાસને ધ્યાનમાં રાખીને ટોચના સૈન્ય નેતૃત્વ દ્વારા વ્યાપક અને ઊંડાણપૂર્વક વિશ્લેષણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

## તંત્રી લેખ...

# આંધ્રપ્રદેશ: પૂરગ્રસ્ત વિસ્તારોમાં સેનાના એન્જિનિયરો તૈનાત

આંધ્રપ્રદેશના દ્રુઈ અને કૃષ્ણા જિલ્લામાં ભારે વરસાદને કારણે બુડમેરુ નહેરમાં પાણીનું સ્તર વધી ગયું છે અને ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. ભારતીય સેનાએ આ વિસ્તારમાં ફસાયેલા લોકોને સલામત સ્થળે ખસેડવા માટે એન્જિનિયર ટાસ્ક ફોર્સ તૈનાત કરી છે.આંધ્ર પ્રદેશ સરકારે પરિસ્થિતિનું સંચાલન કરવા માટે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA) સાથે ભારતીય સેનાની નિષ્ણાત ટીમને બોલાવી છે.સિકંદરાબાદ સ્થિત ઈન્ફન્ટ્રી ડિવિઝન હેઠળની એન્જિનિયર રેજિમેન્ટના વિશેષ એન્જિનિયરોની પ્રારંભિક જાસૂસી ટીમને ભારતીય વાયુસેના (IAF) એરક્રાફ્ટ દ્વારા બેગમપેટથી પ્રભાવિત વિસ્તારમાં પહેલેથી જ મોકલવામાં આવી છે. આ ટીમ હાલમાં થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરી રહી છે અને વિસ્તારમાં પૂરને રોકવા માટે તાત્કાલિક નિવારક પગલાંનું આયોજન કરી રહી છે.આ પછી, જરૂરી સાધનોથી સજ્જ ૩૦ સૈનિકોની બીજી ટીમ હકીમપેટ એરબેઝથી તૈનાત માટે તૈયાર કરવામાં આવી રહી છે. તેમને એરફોર્સના AN-32 એરક્રાફ્ટ દ્વારા એરલિફ્ટ કરવામાં આવશે. વધુમાં, એક રાહત સ્તંભ સ્ટેન્ડબાય પર છે અને ચાલુ પ્રયત્નોને ટેકો આપવા માટે માર્ગ દ્વારા જવા માટે તૈયાર છે.તે જ સમયે, જો જરૂરી હોય તો, ભારતીય સેના તાત્કાલિક અને અસરકારક માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત (HADR) પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. આ કટોકટી માટે સંકલિત અને અસરકારક પ્રતિભાવ સુનિશ્ચિત કરવા માટે આ કામગીરીને NDMA અને SDMA બંને સાથે કાળજીપૂર્વક સંકલન કરવામાં આવી રહ્યું છે. જો કે, અત્યારે પરિસ્થિતિ યોગ્ય નથી અને ભારતીય સેના જાન-માલ બચાવવા માટે જરૂરી પગલાં લેવા તૈયાર છે.તે જ સમયે, આંધ્રના સીએમ ચંદ્રબાબુ નાયડુએ પૂર પ્રભાવિત વિસ્તારોમાં બોટ ચલાવતા લોકોને કડક ચેતવણી આપી છે અને તેમને બચાવ સેવાઓ માટે પૂર પીડિતો પાસેથી પૈસા ન લેવાની અપીલ કરી છે.વિજયવાડા નજીકના પૂર પ્રભાવિત વિસ્તારોના તેમના પ્રવાસ દરમિયાન, નાયડુએ જાહેરાત કરી હતી કે ખાનગી બોટના સંચાલનને લગતા તમામ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે અને ચેતવણી આપી હતી કે કોઈ પણ ઓપરેટર પીડિતો પાસેથી પૈસા વસૂલતો જોવા મળશે તો તેને જેલની સજા કરવામાં આવશે.

## ડોક્ટરની બળાત્કાર-હત્યાના કેસમાં સંખ્યાબંધ સવાલો છે પણ સીબીઆઈ પાસે જવાબ નથી

કોલકાતાની આર.જી. કાર હૉસ્પિટલમાં ૩૧ વર્ષની રેસિડેન્ટ મહિલા ડોક્ટરના રેપ અને મર્ડરની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી ત્યારે એવી અપેક્ષા હતી કે, ડૉક્ટર પર થયેલા પાશવી બળાત્કાર અને પછી હત્યાના કેસમાં છુપાયેલાં રહસ્યોને સીબીઆઈ બહાર લાવશે અને બળાત્કારીઓ તથા તેમને મદદ કરનારાંને લોકો સામે ખુલ્લા પાડશે. આ આશા બિલકુલ ઠગારી નિવડી છે અને સીબીઆઈ અત્યાર લગી ના તો ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસમાં એવું કોઈ નવું તથ્ય બહાર લાવી શકી છે કે જે કોલકાત્તા પોલીસે ના શોધ્યું હોય ને ના તો કોલકાત્તા પોલીસે પકડેલા સંજય ઘોષ સિવાયના બીજા કોઈ આરોપીને પકડી શકી છે. સીબીઆઈની આ ઘોર નિષ્ફળતા છે પણ વધારે આઘાતજનક વાત એ છે કે, ડૉક્ટર પર રેપ-મર્ડરનો કેસ બાજુ પર રહી ગયો છે ને સીબીઆઈ એ રીતે વર્તી રહી છે કે જાણે તેને ડૉક્ટર પર રેપ-હત્યાની તપાસ માટે નહીં પણ આર.જી કાર મેડિકલ કોલેજ અને હૉસ્પિટલના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષના ભ્રષ્ટાચારની તપાસ કરવાનું કામ સોંપાયું છે. ડૉક્ટરની હત્યાના મુદ્દે હજુય દેશભરમાં રોષ છે, લોકો આરોપીઓને ફાંસીની સજાની માગ સાથે હજુય ઠેર ઠેર દેખાવો કરી રહ્યા છે અને કોલકાત્તામાં ૨૬ દિવસથી ડૉક્ટરો હડતાળ પાડીને દેખાવો કરી રહ્યા છે ત્યારે સીબીઆઈ ડોક્ટરની હત્યાની ઘટનાના સત્ય સુધી પહોંચવાના બદલે હાથ ધોઈને સંદીપ ઘોષની પાછળ પડી ગઈ છે. સીબીઆઈએ સોમવારે રાત્રે સંદીપ ઘોષની હૉસ્પિટલ અને મેડિકલ કોલેજમાં નાણાકીય ગેરરીતિઓ આચરવા બદલ ધરપકડ કરી પછી બીજા ત્રણને પણ અંદર કરી દીધા છે. સીબીઆઈએ ઘોષના સિક્યોરિટી ગાર્ડ ઓફિસર અલી ઉપરાંત હૉસ્પિટલ વેન્ડર્સ બિપ્લવ સિંઘા અને સુમના હજારાની ધરપકડ કરીને જેલભેગા કરી દેવાયા છે. આર.જી. કાર હૉસ્પિટલના સેમિનાર હોલમાં ડૉક્ટર પર થયેલા બળાત્કાર અને હત્યાની ઘટનાની તપાસ સીબીઆઈને સોંપાઈ એ વાતને લગભગ ત્રણ અઠવાડિયા થઈ ગયાં અને ત્રણ અઠવાડિયાં પછી સીબીઆઈ દ્વારા આ પહેલી કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહીને ડૉક્ટર પર રેપ-મર્ડર સાથે શું લેવાદેવા છે એ ખબર નથી. ડૉક્ટરની હત્યાના કેસમાં સંખ્યાબંધ સવાલો છે પણ એ સવાલોના જવાબ સીબીઆઈ પાસે નથી. તેના બદલે સીબીઆઈ સંદીપ ઘોષે કરેલા ભ્રષ્ટાચારમાં વધારે રસ લઈ રહી છે. સીબીઆઈ સંદીપ ઘોષ કે તેના મળતિયાઓને ઉઠાવીને જેલમા નાખે, તેમની સામે ગમે તેટલા કેસ કરે ને ઈચ્છા થાય તો તેમનાં ઘરો પર બુલડોઝર પણ ફેરવી દે તો પણ આપણને કંઈ વાંધો નથી પણ મુદ્દો એ છે કે, સીબીઆઈ ડૉક્ટરના રેપ-મર્ડર કેસમાં કશું કેમ શોધી શકતી નથી ? સીબીઆઈનું કામ તો ડૉક્ટરની હત્યાનું સત્ય શોધવાનું હતું પણ તેના બદલે તપાસ ડોક્ટર સંદીપ ઘોષ પર કેન્દ્રિત કેમ થઈ ગઈ છે ? સીબીઆઈએ ડૉક્ટરના બળાત્કાર અને હત્યાના મુખ્ય આરોપી સંજય રોયને પહેલાં જ પોતાના સકંજામાં લઈ લીધો છે પણ તેની પાસેથી સીબીઆઈ કશું ઓકાવી શકી નથી. બલ્કે અત્યાર લગી તો સંજય ઘોષે જ બળાત્કાર કરેલો કે હત્યા કરી હતી એવા પુરાવા પણ સીબીઆઈ મૂકી શકી નથી. ડોક્ટર સેમિનાર હોલમાં સૂતી હતી ત્યારે સંજય ઘોષ સવારે ૪.૦૩ વાગ્યે સેમિનાર હોલમાં પ્રવેશતો દેખાયો હતો ને તેના આધારે તેને પકડી લેવાયો છે. મહિલા ડોક્ટરની ઓટોપ્સીમાં ખુલાસો થયો છે કે, બળાત્કાર કરવામાં આવ્યો હતો, તેને માર મારવામાં આવ્યો હતો અને ગળું દબાવવામાં આવ્યું હતું પણ સંજય રોય એકલાએ જ બધું કર્યું કે બીજા હેવાનો પણ આ જઘન્ય અપરાધમાં સામેલ હતા એ સવાલનો જવાબ સીબીઆઈ ત્રણ અઠવાડિયાં પછી પણ શોધી શકી નથી. સંજય રોયે દાવો કર્યો છે કે, પોતે નિર્દોષ છે અને જ્યારે પોતે સેમિનાર હોલમાં પ્રવેશ્યો ત્યારે મહિલા ડૉક્ટર પહેલાથી જ બેભાન હતી. આ વાત સાચી છે કે ખોટી છે એ મુદ્દે પણ સીબીઆઈ મૌન છે પણ સંદીપ ઘોષના ભ્રષ્ટાચારના કેસમાં સીબીઆઈ અતિ ઉત્સાહ બતાવી રહી છે. સંદીપ ઘોષ મહિલા ડૉક્ટરની હત્યાના કેસમાં પણ શંકાના દાયરામાં છે. પીડિતાના પરિવારજનોએ સંદીપ ઘોષ પર ડોક્ટરની હત્યાને આત્મહત્યામાં ખપાવવાનો પ્રયાસ કરવાનો આક્ષેપ મૂક્યો હતો. ડૉક્ટરની હત્યાને લગતા પુરાવાનો નાશ કરાયો હોવાનો પણ આક્ષેપ છે ને તેમા સંદીપ ઘોષની ભૂમિકા શંકાસ્પદ છે.

**આજે ગણેશ ચતુર્થી નિમિત્તે ગણપતિ આયો રે રિદ્ધિ સિદ્ધિ લાયો રે..ગણપતિ બાપા મોરિયા... એવા નારા સાથે ઠેર ઠેર ગણિત સ્થાપના થશે**

# ચાલો આપણે દરેક જણ મળીને આપણા મન બુદ્ધિમાં વિવેકની સ્થાપના કરીને ગણેશ ઉત્સવ સાથે ઉજવીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ભગવાન ગણેશને દરેક પૂજામાં પ્રથમ સ્થાન મળ્યું છે, અને શરીર આપણી કરતાં સાવ જુદું હોવા છતાં આપણને એ બહુ ગમે છે, કારણકે આપણને તેની આકૃતિમાં કોઈ વિકૃતિ દેખાતી નથી, જોકે એક સત્ય એ પણ છે કે માત્ર શંકર સુવન તરીકે જ ગણપતિ નથી ગણપતિ તો આદિ અનાદી છે, અને વેદમાં એનો ઉલ્લેખ પણ મળે.**

શ્રાવણ પૂરો થતાં કેવડા ત્રીજના પતિવ્રતા વ્રતથી ભાદરવાનાં વ્રત અને તહેવારની શરૂઆત થઈ ગઈ છે, આજે ગણેશ ચતુર્થી નિમિત્તે ગણપતિ આયો રે રિદ્ધિ સિદ્ધિ લાયો રે..ગણપતિ બાપા મોરિયા રે બાપા મોરિયા રે... એવા નારા સાથે ઠેર ઠેર ગણિત સ્થાપના થશે. જૈનોનો પવિત્ર પર્યુષણનો તહેવાર પણ ઉજવાશે, એ જ રીતે હિન્દુ સંસ્કૃતિ ઋષિની સંસ્કૃતિ હોવાથી આપણે ત્યાં ભાદરવા સુદ પાંચમને દિવસે ઋષિ પાંચમ ઉજવવામાં આવે છે. આ દરેક તહેવાર પોતાની રીતે, એક મૌલિક તત્વચિંતન પણ દર્શાવે છે. એટલે કે કેવડા ત્રીજ હોય તો હૃદયમાં સાત્વિક શ્રદ્ધાનું સ્થાપન થવું, અને પતિ પરમેશ્વરની ભાવના રાખવી, એટલે કે એનાથી વધુ હિત ક્યાંય નથી, એટલું સમજવું. ગણેશ ચતુર્થી હોય એટલે ગણેશ રૂપે બુદ્ધિમાં વિવેક પ્રસ્થાપિત કરવો, અને અહંકારને એકકોર મૂકી સૌ સાથે મિતભાષી વ્યવહાર રાખવો. મિચ્છામી દુકડમના દિવસે આખા વર્ષ દરમિયાન થયેલી ભૂલચૂકની માફી માંગીને સંબંધોના મેલને ધોઈ નાખવો, આશા અપેક્ષાથી ઉપર ઉઠી જવું. પણ એક વિચાર એ પણ આવે, કે શું કરેલી ભૂલની માફી માંગવા આખું વર્ષ રાહ જોવી જરૂરી છે! એટલો ભાર લઈ શું કામ ફરવું! ઋષિ પાંચમ એટલે ઋષિની જેવું લોક કલ્યાણમય સાદગી ભર્યું જીવન જીવવું, જેનાથી જીવનમાં શાંતિ અને આનંદ આવે. તો આવું સૂક્ષ્મ ચિંતન આ તહેવારોમાં કરીને ચરિત્રને ચોખ્ખું કરવાની કોશિશ કરીશું. ભગવાન ગણેશને દરેક પૂજામાં પ્રથમ સ્થાન મળ્યું છે, અને શરીર આપણી કરતાં સાવ જુદું હોવા છતાં આપણને એ બહુ ગમે છે, કારણકે આપણને તેની આકૃતિમાં કોઈ વિકૃતિ દેખાતી નથી. જોકે એક સત્ય એ પણ છે કે માત્ર શંકર સુવન તરીકે જ ગણપતિ નથી ગણપતિ તો આદિ અનાદી છે, અને વેદમાં એનો ઉલ્લેખ પણ મળે છે. જેમ બાળ હનુમાનની અમુક વાતો પ્રસિદ્ધ પામી છે, એ જ રીતે ગણેશજી ની પણ અમુક વાતો શાસ્ત્રોક્ત છે અને જે ખરેખર આપણને બોધ આપે છે. એકવાર આખો શંકર પરિવાર કૈલાસમાં હર્ષોલ્લાસ કરતો હતો અને બંને પુત્રો ના વિવાહની વાત ચાલતી હતી. શંકર ભગવાને કહ્યું કે તમારાં બેય માંથી જે પૃથ્વીની પ્રદક્ષિણા કરી ને પહેલા આવશે એની સાથે રિદ્ધિ સિદ્ધિનાં લગ્ન કરીશું. આ સાંભળીને કાર્તિકેય સ્વામી પોતાના વાહન મોર પર બેસીને પૃથ્વીની પ્રદક્ષિણા કરવા નીકળી પડ્યા. જ્યારે



ગણપતિ એ વિચાર્યું કે પોતાનું વાહન તો ઉંદર છે અને એની ઝડપે તો હું આખી જિંદગી કુંવારો રહીશ! આથી એણે શાસ્ત્રનો માર્ગ અપનાવ્યો અને પોતાના માતા પિતાને બાજોઠે બેસાડીને ગણપતિ એ સાત વાર પ્રદક્ષિણા કરી અને કહ્યું કે પિતાજી હું આપની શરત પ્રમાણે પહેલો આવી ગયો એટલે હવે રિદ્ધિ સિદ્ધિ સાથે મારાં લગ્ન થશે! ભગવાન શંકરે કહ્યું કે હે પુત્ર તારી વાત સાચી છે! આ દુનિયામાં સૌથી વધુ મહત્વનું સ્થાન માતાપિતાનું છે, અને જે પુત્ર એને આદર આપે એની તમામ મનોકામના પૂર્ણ થાય છે, માટે એનાં લગ્ન રિદ્ધિ સિદ્ધિ સાથે થયા. આ ઉપરાંત ગણપતિ વિવેકનાં દેવ છે અને જેનાં મસ્તકમાં વિવેક અંકિત થયો હશે એ ગમે તેટલો શસ્કત હશે, પણ એ નાના માં નાના જીવનાં જીવનમાં મહત્વનું સ્થાન ધરાવશે, અને એટલે જ ગણપતિ આટલું મોટું કદ ધરાવતા હોવા છતાં ઉંદર પર સવારી કરે છે. એ કલારસિક પણ છે એમને મૃદંગ બજાવતા દર્શાવવામાં આવ્યા છે. ઉત્સવો એ આપણી સંસ્કૃતિની બહુ મોટી પરંપરા છે,અને એકધારી થકવી દેતી જીંદગીમાં એ જરૂરી પણ છે. ગણેશ સ્થાપનામાં દેખાદેખી કે સ્ટેટ્સનો પ્રશ્ન ન બનાવવો! એટલે એનાથી મોટી મૂર્તિ! શણગારમાં કે પ્રસાદમાં દેખાડો! માત્ર ભક્તિનો ભાવ રાખવો. આ ઉપરાંત આ ઉત્સવ પ્રાકૃતિક પ્રદૂષણ વધારતા નથી ને ? એ પણ વિચારવું પડશે, કારણ કે પ્રદૂષણની તીવ્રતા ઘટાડવા માટે પ્રકૃતિને ધ્યાનમાં રાખીને દરેક તહેવારો હવે ઉજવવા જોઈએ! એવી પણ એક નમ્ર અપીલને ધ્યાનમાં રાખીશું. એટલે કે ગણેશની મૂર્તિનું આપણે ત્યાં વિસર્જન થતું હોય છે તો ઈકો ફ્રેન્ડલી મૂર્તિ હોય તો જ એને દરિયા કે અન્ય પાણીમાં પધરાવીશું, અને એ રીતે આપણે પ્રકૃતિની રક્ષા કરીશું, એટલે કે પ્રદૂષણ વધતું અટકાવીશું. હાલ વિશ્વ આખામાં ઉદ્યોગ ને કારણે દરેક ક્ષેત્રમાં એટલું બધું પ્રદૂષણ પ્રકૃતિમાં છોડવામાં આવે છે,કે આગળ જતાં એ આપણું જ નુકશાન કર્તા છે, એમ સમજીને પ્રકૃતિનું રક્ષણ કરવું. સામૂહિક ઉજવણી થતી હોવાથી જ્યાં આગળ ભીડ હોય ત્યાં આગળ ગુંડા તત્વથી સાવધાન રહેવું, ચોરી ચકારી ન થાય તેની સાવધાની રાખવી, અને ધક્કામૂકીથી કોઈને ઈજા ન થાય એનું પણ ધ્યાન રાખવું. આ ઉપરાંત આ સંધિકાળ દરમિયાન કેટલીય પ્રકારના વાયરસ વાતાવરણમાં ફેલાયેલા હોય છે, તો સ્વાસ્થ્ય માટે જરૂરી પગલાં લેવા. સામૂહિક રીતે ઉજવાતા આવા કોઈ ઉત્સવનો મુખ્ય હેતુ અંદરો અંદર ભાઈચારો વધે એ હોય છે, તો આપણે એ હેતુ પાર પડે એ રીતે તહેવારો ઉજવવાં જોઈએ. ગણેશ ચતુર્થી ઉજવીએ છીએ, પરંતુ વિવેકનું પાલન ન થાય તો ભગવાન ગણેશ પ્રસન્ન કઈ રીતે થઈ શકે? એ વિચારીને અદંરોઅંદર ગાલી ગલોચ ન કરવાં, દરેકના માન સન્માનને મહત્વ આપવું, તેમજ આપણી મૂળ સંસ્કૃતિ જળવાઈ રહે એમ ઉત્સવ મનાવવો. એટલે કે માત્ર નાચગાન કે ફોટા પાડવા એટલું નહીં, પણ ખરા હૃદયથી સ્તુતિ સ્તવન કરી ગણેશોત્સવ ઉજવાવવો જોઈએ. આ ઉપરાંત તહેવાર પૂરતાં જ મનમેળ અને પછી વેર એ નીતિ હવે ત્યાગવી પડશે. વસુધૈવ કુટુંબકમની ભાવના હૃદયમાં રહે, મૈત્રીભાવનું પવિત્ર ઝરણું દરેકનાં જીવનની મુખ્ય ઉપલબ્ધિ બને એ પણ મહત્વનું છે! તો જ અસ્તિત્વ મંગલનુ ગાન રોજ ગાશે! અને આપણાં પર નિત્ય શુભની વર્ષા કરશે. ગણેશ એટલે વિવેક એ રીતે જોઈએ તો સ્થૂળ રુપે આપણે ગણેશ સ્થાપના કરીએ કે ન કરીએ! પણ મન બુદ્ધિમાં વિવેક રૂપે ગણેશ સ્થાપના જરૂરથી કરવી! એવું વિચારી શકાય! અને તો પરિણામ પણ વધુ સારું આવે! કારણકે એકવીસમી સદીનો સમય ચાલી રહ્યો છે, અને ભારતે પણ વૈજ્ઞાનિક રીતે ખૂબ જ વિકાસ સાધ્યો છે, અને વિશ્વમાં એક ઉચ્ચુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. પરંતુ વિશ્વના અન્ય દેશોએ શોધેલી ટેકનોલોજીનાં ઉપયોગ માટે, આજે ભારત અવ્વલ નંબરે આવે છે. તો કોઈપણ ટેકનોલોજી હોય એનો ઉપયોગ કરતા પહેલાં, આપણે એ આપણી માટે અનુકૂળ છે કે નહીં? એ વિચારીને વિવેક દાખવી એનો ઉપયોગ કરીશું. ઉપયોગની માત્રા કેટલી રાખવી, એનો પણ વિવેક રાખીશું, ઉપરાંત અન્ય કોઈ માટે નુકસાન કર્તા તો નથી ને? આ બધું વિચારવું પડશે, તો જ આપણે ખરાં અર્થમાં ગણેશની પૂજા કરી કહેવાશે, અને તો રિદ્ધિ સિદ્ધિ તથા શુભ લાભ સહિત સપરિવાર એ આપણાં ઘરે આવશે.

**ગણેશ ચતુર્થીને દેશ વિદેશના વિવિધ ભાગમાં અનેક રૂપમાં ઉજવાય છે, હિન્દુ ધર્મ મુજબ આ દિવસે ભગવાન ગણેશનો જન્મ થયો હતો**


# જય ગણેશ જય ગણેશ જય ગણેશ દેવા, માતા જાકી પાર્વતી પિતા મહાદેવા, એકદન્ત દયાવન્ત ચાર ભુજાધારી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ગણેશોત્સવના અંતિમ દિવસ મતલબ અનંત ચતુર્દશીના દિવસે ગણપતિની પ્રતિમાનુ વિસર્જન કરવામાં આવે છે, આ વખતે ગણેશ ચતુર્થી સાતમી સપ્ટેમ્બર ના રોજ છે, આ ચતુર્થી આખા વર્ષના ચતુર્થીમા સૌથી મહત્વપૂર્ણ માનવામાં આવે છે, આ દિવસે ભગવાન ગણેશની પૂજા કરવાથી ઘરમાં સુખ સમૃદ્ધિ અને સમ્પન્નતા આવે છે, માન્યતા મુજબ આ દિવસે વ્રત રાખવાથી ભગવાન ગણેશ ભક્તોની બધી મનોકામના ઓ પૂરી કરે છે.**

ગણેશ ચતુર્થીને દેશ વિદેશના વિવિધ ભાગમાં અનેક રૂપમાં ઉજવાય છે. હિન્દુ ધર્મ મુજબ આ દિવસે ભગવાન ગણેશનો જન્મ થયો હતો.ભગવાન ગણેશ ના જન્મોત્સવના રૂપમાં આ તહેવારને ખૂબ ધૂમ ધામથી ઉજવાય છે, મહારાષ્ટ્ર અને તેની આસપાસના વિસ્તારોમાં તો ગણેશ ચતુર્થી પછી દશ દિવસ સુધી સતત ગણેશોત્સવ ઉજવવામાં આવે છે. હવે તો ગુજરાતના મહોલ્લા સોસાયટીઓ શોપીંગ સેન્ટરમાં ગણેશોત્સવ લોકો બહુ આસ્થા શ્રધ્ધા પૂર્વક ઉજવણી કરે છે. ભક્ત આ દરમિયાન પોતપોતાના ઘરમાં ભગવાન ગણેશની પ્રતિમા સ્થાપિત કરી ભક્તિભાવથી દસ દિવસો સુધી વિઘ્નહર્તા શ્રી ગણેશ ની પૂજા કરે છે. ગણેશોત્સવના અંતિમ દિવસ મતલબ અનંત ચતુર્દશીના દિવસે ગણપતિની પ્રતિમાનુ વિસર્જન કરવામાં આવે છે.આ વખતે ગણેશ ચતુર્થી સાતમી સપ્ટેમ્બરના રોજ છે. આ ચતુર્થી આખા વર્ષના ચતુર્થીમા સૌથી મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ દિવસે ભગવાન ગણેશની પૂજા કરવાથી ઘરમાં સુખ સમૃદ્ધિ અને સમ્પન્નતા આવે છે. માન્યતા મુજબ આ દિવસે વ્રત રાખવાથી ભગવાન ગણેશ ભક્તોની બધી મનોકામના ઓ પૂરી કરે છે. શિવપુરાણમાં એક કથા છે કે એક વાર માતા પાર્વતી સ્નાન કરવા માટે જઈ રહી હતી. એ સમયે તેમણે પોતના મેલમાંથી એક બાળકને ઉત્પન્ન કર્યો અને ઘરનો પહેરેદાર બનાવીને એ બાળકને કહ્યુ કે મારા આવતા પહેલા કોઈ ઘરમાં પ્રવેશ ન કરે.થોડીવાર પછી શિવજીએ જ્યારે ઘરમાં પ્રવેશ કરવા માંગ્યો તો બાળકે તેમને રોકી લીધા. જેના પર શિવજીએ ક્રોધિત થઈ ગયા અને બાળક સાથે ભયંકર યુદ્ધ કર્યુ પણ સંગ્રામમમાં તેને કોઈ પરાજીત ન કરી શક્યુ.. તેથી ભગવાન શંકરે ગુસ્સામાં ત્રિશૂલથી એ બાળકનુ માથુ ધડથી અલગ કરી દીધુ.. જ્યારે માતા પાર્વતીએ આવીને આ જોયુ તો તે ક્રોધિત થઈ ગઈ અને તેમને પ્રલય કરવાનુ નક્કી કર્યુ. ભયભીત દેવતાઓએ દેવર્ષિ નારદની સલાહ પર જગદંબાની સ્તુતિ કરીને તેને શાંત કર્યા. શિવજીના નિર્દેશ પર વિષ્ણુજીએ ઉત્તર દિશામાં સૌ પહેલા મળેલ હાથીનુ માથુ કાપીને લઈ આવો.. ભગવાન શિવે ગજના એ મસ્તકને બાળકના ધડ પર મુકીને તેને ફરીથી જીવિત કરી દીધો. માતા પાર્વતીએ ખુશ થઈને એ ગજમુખ બાળકને પોતાના હૃદયને લગાવી દીધો પણ તેમને એ વાતનુ દુઃખ હતુ કે લોકો તેમના બાળકને જોઈને મજાક ઉડાવશે.. પણ શિવજીએ તેમને દેવતાઓમાં શ્રેષ્ઠ હોવાનો આશીર્વાદ આપ્યો. બ્રહ્મા, વિષ્ણુ, મહેશે એ બાળકને દેવતા ઓના અધ્યક્ષના રૂપમાં જાહેર કરીને સૌ પહેલા પૂજવાનુ વરદાન આપ્યુ. ભગવાન શંકરે બાળકને કહ્યુ કે હે ગિરિજાનંદન વિઘ્ન અવરોધોને નાશ કરવામાં તમારુ નામ સર્વો પરિ રહેશે. સૌનો પૂજ્ય બનીને મારા સમસ્ત ગણોના




અધ્યક્ષ થઈ જાવ. તૂ હે ગણેશ્વર તૂ ભાદ્રપદ માસના કૃષ્ણ પક્ષની ચતુર્થીના હે ગણેશ્વર તૂ ભાદ્રપદ માસના કૃષ્ણપક્ષની ચતુર્થીના રોજ ચંદ્રમાંના ઉદિત થવા પર ઉત્પન્ન થયો. છે. આ તિથિમાં વ્રત કરનારા બધા વિઘ્નોનો નાશ થઈ જશે અને તેને બધી સિદ્ધિયો પ્રાપ્ત થશે. કૃષ્ણપક્ષની ચતુર્થીની રાત્રે ચંદ્રોદયના સમયે ગણેશ તમારી પૂજા કર્યા પછી વ્રતી ચદ્રમાને અર્ધ્ય આપીને બ્રાહ્મણને મિષ્ઠાન્ન ખવડાવે. ત્યારપછી ખુદ પણ ગળ્યુ ભોજન કરે. શ્રીગણેશ ચતુર્થીનુ વ્રત કરનારાઓની મનોકામના જરૂર પૂર્ણ થાય છે. ગણેશજીના સિદ્ધ મંત્ર આપના જીવનમાં લાવશે ખુશહાલી ભગવાન ગણેશને સર્વપ્રથમ પૂજનીય દેવનો દરજ્જો પ્રાપ્ત થયેલો છે.કોઈપણ શુભકાર્ય હોય તો સૌથી પહેલા ભગવાન ગણેશ નું પૂજન અર્ચન કરવામાં આવે છે. ભગવાન ગણેશને રીઝવવા ખૂબ જ સરળ છે અને તે પોતાના ભક્તો પર તુરંત જ પ્રસન્ન થઈ જાય છે. શાસ્ત્રોમાં અલગ અલગ મનોકામનાઓની પૂર્તિ માટે ગણેશજીના અલગ અલગ પ્રકારના સિદ્ધ મંત્રોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ગજાનન ગણેશનું સ્મરણ થઈ જાય તો તો તમામ વિઘ્નો સહજ રીતે જ પાર થઈ જાય. કારણ કે ગજાનન ગણેશ એટલે તો વિઘ્ન હર્તા દેવ. સુખકર્તા દેવ. અને સાથે જ મનો વાંચ્છિત ફળની પ્રાપ્તિ કરાવ નારા દેવ.ત્યારે આજે અમે આપને જણાવીશું કે આસ્થા સાથે માત્ર ગણેશજીના મંત્ર બોલી ને તમને કેવી રીતે મળશે તમામ સંકટોમાંથી મુક્તિ ? અને સાથે કેવી રીતે આપની ચિંતાઓનું હરણ કરશે આ ચિંતામણી ગણેશજીના વિશેષ મંત્ર જાપ મનોકામનાની પૂર્તિ કરવાની હોય કે કોઈપણ કાર્યમાં સિદ્ધિ પ્રાપ્ત કરવાની હોય આપ આ ગણેશ મંત્રનો જાપ કરશો તો ચોક્કસ આપને સફળતા પ્રાપ્ત થશે. ભગવાન ગણેશને સર્વ પ્રથમ પૂજનીય દેવનો દરજ્જો પ્રાપ્ત થયેલો છે.કોઈપણ શુભ કાર્ય કરવાનું હોય તો સૌથી પહેલા ભગવાન ગણેશનું પૂજન અર્ચન કરવામાં આવે છે.ભગવાન ગણેશ ને રીઝવવા ખૂબ જ સરળ છે અને તે પોતાના ભક્તો પર તુરંત જ પ્રસન્ન થઈ જાય છે. શાસ્ત્રોમાં અલગઅલગ મનો કામનાઓની પૂર્તિ માટે ગણેશ જીના અલગ અલગ પ્રકારના સિદ્ધ મંત્રોનો ઉલ્લેખ કરવામાં આવ્યોછે.ઘણી માન્યતાઓ એવી પણ છેકે પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખીને જો આપ ગણેશજીના આ મંત્રોનો જાપ કરશો તો આપને શીઘ્ર લાભની પ્રાપ્તિ થશે ગણેશજીના સિદ્ધ મંત્ર દેવામાંથી મુક્તિ અર્થે ‘‘ૐ ગણેશ ઋણં છિ ન્ધિ વરેણ્યં હું નમઃ ફટ‘‘આ મંત્રની દરરોજ એક માળા કરવાથી આપને દેવા માંથી મુક્તિ મળશે તેમજ ભવિષ્ય માં આવી કોઈ જ સમસ્યાનો સામનો નહીં કરવો પડે.સંકટનાશન અર્થે ‘‘ૐ નમો હેરમ્બ મદમોહિત મમ સંકટા ન નિવારય નિવારય સ્વાહા ‘‘આ મંત્રની નિત્ય એકમાળા કરવાથી આપના જીવન ના દરેક સંકટ ટળી જશે.કલેશ મુક્તિઅર્થે ‘‘ગં ક્ષિપ્ર પ્રસાદનાય નમઃ‘‘આ મંત્ર ની નિત્ય ઓછામાં ઓછી બે માળા જાપ કરવાથી આપના ઘર માં રહેલ કલેશ દૂર થાય છે.તેમજ આપના ઘરમાં રહેલ નકારાત્મક ઊર્જા દૂર થાય છે. ધન પ્રાપ્તિ અર્થે ‘‘ૐ ગં નમઃ ‘‘આ મંત્રની નિત્ય એક માળાજાપ કરવી જોઈએ.આ મંત્રજાપથી આપના જીવનમાં રહેલ ધન સંબંધિત સમસ્યામાંથી આપને છૂટકારો મળશે. આર્થિક સમૃદ્ધિ તેમજ રોજગાર પ્રાપ્તિ અર્થે‘‘ૐ શ્રીં ગં સૌભ્યાય ગણપતયો વરનરદં સર્વજનં મેં વશમાનય સ્વાહા ‘‘આ મંત્રની એક માળાનો દરરોજ જાપ કરવાથી આપને રોજગાર સંબંધિત સમસ્યામાંથી મુક્તિ મળશે. આપના જીવનમાં રહેલી આર્થિક સમસ્યાઓ દૂર થશે. મનોકામના પૂર્તિ અર્થે’’ ગં ગણપતે નમઃ‘‘આ મંત્રની નિત્ય એક માળા જાપ કરવાથી આપની મનોકામના ની પૂર્તિ થશે.વાચક ચાહક મિત્રો તંત્રમંત્ર પૂજાપાઠ વ્રતતપ આરા ધના ઉપાસનાએ શ્રધ્ધા આસ્થા સાથે જોડાયેલ છે.આ કરવાથી આ થશે એ કોઈ ના કહી શકે. ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે. મેઘરાજા મન મુકીને વરસી રહયા છે. રામદેવ પીરના નોરતાં, આંતર રાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત તરણેતરના ભાતીગળ લોક મેળાનો શુભારંભ કેવડાત્રીજથી આજે ગણેશ ચતુર્થીના પવિત્ર દિવસે વિઘ્ન વિનાયક ગજાનન ગણપતિ બાપ્પાનું મહાત્મય જોયું. એક અહેવાલ મુજબ આ વર્ષે બનાસ કાંઠા જિલ્લામાં પચાસ હજાર વિઘ્ન વિનાયક ગજાનન ગણપતિ બાપ્પાની મૂર્તિઓની સ્થાપના નાના મોટા અઢીસોથી વધુ પંડાલોમાં થશે.આવતી કાલે ફરી એક નવા લેખ સાથે મળીશું. પરમ કૃપાળુ પરમાત્મા સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.


# વિક્રાંત મેસીની 'સેક્ટર ૩૬' ફિલ્મનું ડરામણા વાઇબ્સ સાથેનું ટ્રેલર રિલીઝ

વિક્રાંત મેસી બોલિવૂડનો ઉભરતો સ્ટાર છે, જેણે ગયા વર્ષે અજાયબીઓ કરી હતી. ૧૨માં નાપાસ થયા બાદ વિક્રાંત મેસી ઘણા પ્રોજેક્ટનો હિસ્સો બની ગયો છે. થોડા સમય પહેલા તેની નવી ફિલ્મ 'સેક્ટર ૩૬'ની જાહેરાત કરવામાં આવી હતી. હવે આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ડરામણા વાઈબ્સ સાથેના આ ટ્રેલરમાં, તમે દીપક ડોબરિયાલને સેક્ટર ૩૬માં થયેલી હત્યાનું રહસ્ય ઉકેલતા જોશો. એક વ્યક્તિ જે વારંવાર પોલીસ અધિકારી દીપકની સામે આવે છે તે છે વિક્રાંત મેસી.'સેક્ટર ૩૬'નું ટ્રેલર રિલીઝફિલ્મ 'સેક્ટર ૩૬'ની જાહેરાત બાદ દરેકના મનમાં સવાલ હતો કે શું આ ફિલ્મ ૨૦૦૬ની નિઠારી ઘટના પર આધારિત હશે. ટ્રેલર રિલીઝના કો-મેકર્સે પણ દર્શકોને આ જવાબ આપ્યો છે. ટ્રેલરમાં લખ્યું છે કે આ વાર્તા વાસ્તવિક અને ચોંકાવનારી ઘટનાઓથી પ્રેરિત છે. આ ઉપરાંત, તમે ટ્રેલરમાં જે પણ જુઓ છો તે તમને નિઠારી ઘટનામાં બનેલી ઘટનાઓની યાદ અપાવે છે.ટ્રેલરની શરૂઆત વિક્રાંત મેસી પોલીસ સ્ટેશનમાં બેસીને રાહ જોઈને થાય છે. પોલીસ ઓફિસર બનેલા દીપક ડોબરિયાલ તેની સામે દેખાય કે તરત જ તે આઘાતથી જાગી જાય છે. આ પછી, તમે વિક્રાંતનું પાત્ર જુઓ છો, જે એક સીરીયલ કિલર છે, જે બાળકોનું અપહરણ કરે છે, તેમને નિર્દયતાથી મારી નાખે છે અને ઘણા ખતરનાક અને વિચલિત કૃત્યો કરે છે. સીરિયલ કિલર તરીકે વિક્રાંત મેસીનો લુક ઘણો ડરામણો છે. જ્યારે તમે તેને સ્ક્રીન પર આ અવતારમાં જુઓ છો.

# 'આજ કી રાત' સોંગના કારણે તમન્નાની ઉંઘ ઊડી ગઈ હતી

**સ્ત્રી'માં નોરા ફતેહીનું ડાન્સ નંબર 'કમરિયા' હતું જે બહુ ઝડપથી ટોપ ચાર્ટ પર પહોંચી ગયું હતું**

આજકાલ 'સ્ત્રી ૨' કમાણીના બધા જ રેકોર્ડ્ઝ તોડી રહી છે, તેમાં શ્રદ્ધા કપૂર, રાજકુમાર રાવ અને પંકજ ત્રિપાઠીના વખાણ તો બધાં કરે છે, પરંતુ તમન્નાએ પણ 'આજ કી રાત' ગીત દ્વારા ઘણી વાહવાહી લૂંટી છે. તેના આ કેમિયોના પણ ઘણા વખાણ થઈ રહ્યા છે. ત્યારે તાજેતરનાં એક ઈન્ટરવ્યૂમાં તમન્નાએ પોતે એક જ પ્રકારના રોલમાં બંધાઈ જશે તેવા ડર અને આગળના ગીત કરતાં આ ગીતને કેટલો સારો પ્રતિસાદ મળશે આ અંગેના ડર અંગે કેટલીક વાતો કરી હતી. આ સ્પેશિયલ સોંગને લગતી સ્પેશિયલ ચિંતાના કારણે તમન્ના ભાટિયાની ઉંઘ ઊડી ગઈ હોય તેવી સ્થિતિ હતી. તમન્નાએ કબૂલાત કરી છે કે 'સ્ત્રી ૨'માં પોતાના પ્રદર્શન અંગે તે અસમંજસમાં હતી. તેને ડર હતો કે તેના ગીત 'કાવાલા'ને અદભુત પ્રતિસાદ મળ્યો હતો અને તે હિટ ગયું હતુ, તો શું ફરી એક કેમિઓ સોંગ કરવાથી તે પહેલાંના ગીત જેટલો જ ક તેનાથી સારો પ્રતિસાદ મેળવી શકશે કે નહીં. તેને 'સ્ત્રી ૨' માટે આ ગીતની ઓફર સ્વીકારતાં પહેલાં જોખમ લાગતું હતું કે તેની આગળની સિદ્ધિઓ ધોવાઈ ન જાય.



કાવાલૈયાની રીધમ અને મ્યુઝીક સોશિયલ મીડિયા પર છવાઈ ગયા હતા અને તે એક ગ્લોબલ સેન્સેશન બની ગયું હતું. પરંતુ 'સ્ત્રી ૨'ના ડિરેક્ટર અમર કૌશિકે તેને ખાતરી આપી હતી કે આ ગીત માટે તમન્ના જ પરફેક્ટ ફિટ છે. અમર કૌશિક સાથેની મુલાકાત અંગે તમન્નાએ જણાવ્યું હતું કે જ્યારે અમર કૌશિકે મને ગીત માટે સંપર્ક કર્યો તો તેણે સમજાવ્યું કે તેનો રોલ ફિલ્મની સ્ટોરી માટે ઘણો અગત્યનો છે. તેથી તમન્નાને લાગ્યું કે તેણે આ તક જતી કરવી જોઈએ નહીં. અમર કૌશિક તરફથી મળેલી ખાતરીથી તમન્ના સહમત થઈ કે આ રોલ સ્વીકારવાનો તેનો નિર્ણય અયોગ્ય નથી. આ ઈન્ટરવ્યુમાં તમન્નાએ આગળ જણાવ્યું હતું કે જો તેનો રોલ નાનો હોય પરંતુ ફિલ્મની સ્ટોરી માટે મહત્વનો હોય તો પણ તે એવો રોલ કરવા માટે આતુર હોય છે. તેણે પોતાની કૅરિઅરમાં બીબાંઢાળ રોલ મળવા બાબતે કહ્યું કે શરૂઆતમાં તેને 'ગર્લ નેક્સ્ટ ડોર' પ્રકારના એટલે કે સામાન્ય છઓકરીના રોલ બહુ મળતાં હતાં, તે ઈમેજમાંથી બહાર નીકળવાની તેની ઈચ્છાએ જ તેને આ પ્રકારના કોઈને કલ્પના પણ ન હોય તેવા કેમિઓ કરવાના શરૂ કર્યા.

# સી. શંકરન નાયરની બાયોપિકમાં અક્ષય અને અનન્યા સાથે દેખાશે


હાલ બોલિવૂડ એવા સમયમાંથી પસાર થઈ રહ્યું છે, જ્યારે બાયૉપિક બહુ ખાસ ચાલતી નથી. સારી સ્ટોરીલાઈન હોય તેમજ છતાં 'મૈદાન' જેવી મોટા બેનરની ફિલ્મો ચાલતી નથી. સામે 'ચંદુ ચેમ્પિયન'ને સારો પ્રતિસાદ પણ મળ્યો. ત્યારે હવે કેટલાંક એવા અહેવાલો આવી રહ્યા છે કે ધર્મા પ્રોડક્શન 'ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ સી.સંકરન નાયર' બાયૉપિક સાથે આવી રહ્યું છે, જે કરણસિંઘ ત્યાગી દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે. આ ફિલ્મમાં અક્ષય કુમાર અને અનન્યા પાંડે મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. તેમજ આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થશે. સી શંકરન, એ વ્યક્તિ હતા જેમણે જલિયાંવાલા બાગના નરસંહારની ઘટના બાબતે બ્રિટિશ સરકાર વિરુદ્ધ કેસ કર્યો હતો. આ ફિલ્મમાં અક્ષય કુમાર અને અનન્યા પાંડે બંને વકીલની ભૂમિકા નિભાવતા જોવા મળશે. અક્ષય એક સીનિયર અને ખૂબ સન્માનનીય વકીલના રોલમાં છે,જ્યારે અનન્યા હજુ કૅરિઅરની શરૂઆતના તબક્કામાં છે અને અક્ષયનું માર્ગદર્શન લેવા ઈચ્છે છે. તેમની વચ્ચે કોઈ રોમાન્સનો ઍંગલ જોવા મળશે નહીં. આ ફિલ્મ મોટા ભાગે આવતા વર્ષે રિલીઝ થશે. કરણ જોહર અને ધર્મા પ્રોડક્શન હાલ 'જિગરા'ની રિલીઝમાં વ્યસ્ત છે. જેમાં આલિયા ભટ્ટ અને વેદાંગ રૈના મુખ્ય ભુમિકામાં જોવા મળશે. ગયા વર્ષે એવા અહેવાલો આવેલાં કે કરણ જોહર કોઈ બાયૉપિક પર કામ કરી રહ્યો છે. આ ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ ચૂક્યું છે, જેના માટે અક્ષય દિલ્હીના જામા મસ્જિદમાં શૂટ કરી ચૂક્યો છે અને મુંબઈના ગોરેગાંવમાં પણ તેનું શૂટ થયું હતું.

## બંનેના નવા સિઝન ૨૦૨૫ના અંત સુધીમાં જોવા મળશે

# ફેમિલીમેન અને ફર્ઝી સીરીઝની સરપ્રાઈઝ

'ફર્ઝી'ની પહેલી સિઝનમાં જ દર્શકોને તેના 'ધ ફેમિલી મૅન'ના ક્રોસ ઓવરની હિન્ટ મળી ગઈ હતી. ત્યારે હવે જ્યારે આ બંને સિરીઝ નવી સિઝન સાથે આવી રહી છે ત્યારે તેના દર્શકો કોઈ નવા ક્રોસ ઓવરની આશા રાખી રહ્યા છે. આ બંને બિલકુલ અલગ વિષયની અને અલગ કલાકારો ધરાવતી સિરીઝ છે. ગયા વર્ષે શાહિદ કપૂર અને કેકે મેનનની'ફર્ઝી'ની પહેલી સિઝન આવી. જ્યારે 'ધ ફેમિલી મૅન'ની આ પહેલાં બે સિઝન આવી ચૂકી છે. 'ફર્ઝી' એક ક્રાઈમ થ્રિલર છે જ્યારે 'ફેમિલી મૅન' એક સ્પાય થ્રિલર ડ્રામા છે. આ બંને સિરીઝના ડિરેક્ટર રાજ એન્ડ ડીકે છે, જેઓ 'સિટાડેલ હનીબની' પણ ડિરેક્ટ કરી રહ્યા છે. ત્યારે 'ફર્ઝી'માં શાહિદના મિત્રની ભૂમિકા નીભાવી રહેલા ભુવન અરોરાએ લગભગ ખુલાસો કરી દીધો છે, કે હવેની સિરીઝમાં પણ આવા ક્રોસઓવરની સરપ્રાઇઝ મળશે. ભુવને કહ્યું,'''ધ ફેમિલી મૅન ૩'નું કામ લગભગ પૂરું થઈ ચૂક્યું છે, હવે રાજ અને ડીકે પહેલાં રક્ત બ્રહ્માંડનું કામ શરૂ કરશે. અમે 'ફર્ઝી'માં એક નાનું ટીઝર બતાવ્યુ હતું જેમાં ઈન્સ્પેક્ટરની ભૂમિકા નીભાવી રહેલા વિજય સેતુપથી તિવારીની ઓફિસ જાય છે. આ જ રીતે 'ફેમિલી મૅન ૩'માં પણ આવી એક લિંક છે. એ શું હશે કે કયો સીન હશે એ અંગે હું હાલ કશું કહી શકું તેમ નથી. પરંતુ લોકોને આ ક્રોસઓવરમાં બહુ મજા પડશે તે નક્કી છે. હું ઈચ્છું છું કે હું કશું કહું એના કરતાં લોકો તે જોઈને જ મજા માણે.'' આગળ ભુવને કહ્યું,''હાલ હું રાજ, ડિકે અને શાહિદ બધાં જ અલગ અલગ કામમાં વ્યસ્ત છીએ, પરંતુ તેની બીજી સિઝન ચોક્કસ બનશે. અમે આવતા વર્ષે શૂટિંગ શરૂ કરવા વિચારીએ છીએ. કારણ કે આ ઓટીટી પર સૌથી વધુ જોવાયેલા શોમાંનો એક છે, તેથી તેની બીજી સિઝન ન બનાવવાનું કોઈ કારણ નથી. પરંતુ સારા કામમાં સમય લાગે છે.'' જ્યારે 'ધ ફેમિલી મૅન'ની ત્રીજી સિઝન અંગે મનોજ બાજપાઈ કન્ફર્મેશન આપી ચૂક્યા છે અને તે ૨૦૨૫માં પ્રિમીયર થવાની હોવાનું જણાવ્યું છે. તેનું કામ ચાલુ છે, તેથી એ સિઝન ૨૦૨૫ના અંત સુધીમાં જોવા મળશે.






## ગુજરાતી ફિલ્મોમાં કામ કર્યા બાદ સાત વર્ષ પછી

# ટીવી પર પરત ફરી રહ્યો છે 'ટપ્પુ'

**અત્યારસુધી પોઝિટિવ પાત્ર નિભાવ્યું છે પરંતુ આ વખતે તે એક અલગ જ પાત્રમાં**

અભિનેતા ભવ્ય ગાંધીએ ચાઈલ્ડ એક્ટર તરીકે તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં સાથે પોતાના કરિયરની શરુઆત કરી હતી પરંતુ ૭ વર્ષ પહેલા તેમણે આ શોને અલવિદા કહી દીધું છે અને લાંબા બ્રેક બાદ તે ફરી ટીવી પર એન્ટ્રી કરવા જઈ રહ્યો છે. તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના ટપ્પુની મસ્તી આજે પણ સૌ કોઈ યાદ કરે છે. ૯ વર્ષ સુધી ભવ્ય ગાંધીએ ટપ્પુ બની ચાહકોનું ખુબ મનોરંજન કર્યુ છે. જ્યારે તેમણે આ શો છોડવાનો નિર્ણય લીધો તો તેના ચાહકો ખુબ નારાજ થયા હતા. સોની સબ ટીવીનો આ મશહુર ટીવી શો છોડ્યા બાદ ભવ્ય ગાંધી નાના પડદાંથી દુર થયો હતો. હવે ૭ વર્ષ બાદ ફરી એક વખત ટપ્પુ સોની સબ ટીવીના શોમાં એન્ટ્રી કરવા જઈ રહ્યો છે. પરંતુ આ વખતે તે તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં નહિ પરંતુ પુષ્પા ઈમ્પોસિબલમાં જોવા મળશે. જેઠી મજીઠિયાના પુષ્પા ઈમ્પોસિબલમાં ભવ્ય એક નેગેટિવ પાત્રમાં જોવા મળશે. એટલે કે, ચાહકોને હસાવનાર ટપ્પુ આ વખતે લોકોને નફરત કરતો



જોવા મળશે. ભવ્ય ગાંધીએ પોતાના કરિયરમાં અત્યારસુધી પોઝિટિવ પાત્ર નિભાવ્યું છે પરંતુ આ વખતે તે એક અલગ જ પાત્રમાં જોવા મળશે. વર્ષ ૨૦૧૭માં તારક મહેતા કા ઉલ્ટા ચશ્માને અલવિદા કહ્યા બાદ ભવ્ય ગાંધીએ ગુજરાતી ફિલ્મમાં કામ શરુ કર્યુ હતુ. ભવ્યએ ગુજરાતી ફિલ્મ પપ્પા તમને નહિ સમજાય સાથે પોતાના ફિલ્મી કરિયરની શરુઆત કરી હતી. આ ફિલ્મ બાદ બાપ ધમાલ દિકરો કમાલ, બહુ ના વિચાર, જેવી અનેક ગુજરાતી ફિલ્મોમાં એક્ટિંગથી ધમાલ મચાવી હતી. પોતાની એક્ટિંગ માટે અનેક એવોર્ડ પણ મળ્યા છે. ભવ્ય બાદ રાજ ઉનડકટે તેને રિપ્લેસ કર્યો હતો. રાજે ૫ વર્ષ સુધી આ શો સાથે હતો.

## પાકિસ્તાની કલાકારો પરનો અઘોષિત પ્રતિબંધ પૂરો થયો

# ફવાદ અને માહિરા ખાનની 'હમસફર' ભારતમાં ભજવાશે



અત્યાર સુધી એવું મનવામાં આવતું હતું કે ભારતમાં પાકિસ્તાની કલાકારો પર પ્રતિબંધ છે. તેથી ફિલ્મ, ઓટીટી કે ટીવીમાં કે સંગીતમાં કોઈ પાકિસ્તાની કલાકારો દેખાવાના બંધ થઈ ગયા હતા. પરંતુ લાગે છે કે હવે આ વણલખ્યો પ્રતિબંધ ધીરે ધીરે ઊઠી રહ્યો છે. પહેલાં ફવાદ ખાનની વેબ સિરીઝ ઝી ફાઈવ પર સ્ટ્રીમ થવાની ખબર આવી, ત્યાર બાદ પ્રભાસની ફિલ્મમાં પાકિસ્તાની એક્ટ્રેલ સજલ અલી લીડ રોલમાં હોવાની ખબર આવી અને હવે એક નવી ખબર આવી છે, જે મુજબ ફવાદ ખાન અને માહિરા ખાનનો વિશ્વપ્રસિદ્ધ ટીવી શો 'હમસફર' ભારતમાં નાટક સ્વરૂપે ભજવવાની તૈયારી થઈ રહી હોવાની વાત સામે આવી છે. આ ખબર અંગે થિએટર અને ફિલ્મ એક્ટર ઈમરાન ઝાહીદે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું,''અમે પાકિસ્તાનના હમ ટીવીનો આ ફવાદ ખાન અને માહિરા ખાનની ટીવી સિરીયલ હમસફરના નાટ્ય રૂપાંતરણ માટે સંપર્ક કર્યો છે. હાલ અમે હમ ટીવી અને એમડી પ્રોડક્શનના સીઈઓ મોમિના દરૈદ સાથે વાત કરી રહ્યા છીએ, તેમણે જ હમસફર પણ બનાવી હતી.'' બંને પક્ષો આ બાબતે સહમત પણ થયા છે. અમરાને આગળ કહ્યું,''આ નાટક વિનામૂલ્યે ભજવાશે, તેમાં કઈ આર્થિક લાભ લેવાની ગણતરી નથી, તાજેતરના ભારતીય હાઇ કોર્ટ અને સુપ્રીમ કોર્ટના નિર્ણયો અનુસાર ભારત – પાકિસ્તાન વચ્ચે શાંતિને પ્રોત્સાહન આપવાના હેતુથી આ નાટક ભજવાશે. થોડાં દિવસોમાં આખરી જાહેરાત કરવામાં આવશે. મારે એ પણ કહેવુ જોઈએ કે આ વાતચીત અને મંજુરીની પ્રક્રિયામાં હમ ટીવીના સ્થાપક અને મોમિનાના સાસુ સુલતાના સિદ્દીકી પણ સામેલ છે. હું તમારી સાથે આ ખબર અગાઉથી જ શેર કરવા માગતો હતો.''

# સુતેલા દેશને જગાડવાની કિંમત તો ચૂકવવી પડશે : કંગના રનૌત

**કંગના રનૌતની ફિલ્મ 'ઇમરજન્સી'ને લઈને શરૂ થયેલો વિવાદ અટકવાનો નામ નથી લઈ રહ્યો**

કંગના રનૌતની ફિલ્મ 'ઈમરજન્સી'ને લઈને શરૂ થયેલો વિવાદ અટકવાનો નામ નથી લઈ રહ્યો. બુધવારે ૪ સપ્ટેમ્બરે આ કેસમાં મોટો વળાંક આવ્યો હતો. ફિલ્મની રિલીઝ લગભગ બે અઠવાડિયાથી અટકી પડી છે. કંગનાની આ ફિલ્મ ૬ સપ્ટેમ્બરે રિલીઝ થવાની હતી, પરંતુ તે સેન્સર બોર્ડ સાથેના વિવાદમાં ફસાઈ ગઈ. 'ઈમરજન્સી'ને હજુ સુધી સેન્સર સર્ટિફિકેટ મળ્યું નથી. આવી સ્થિતિમાં ફિલ્મના નિર્માતાઓએ બોમ્બે કોર્ટનો સંપર્ક કર્યો હતો. કોર્ટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનને ૧૮ સપ્ટેમ્બર સુધીમાં 'ઈમરજન્સી' સર્ટિફિકેટ પર નિર્ણય લેવાનો આદેશ આપ્યો છે. આ પછી કોર્ટ આ અરજી પર ૧૯ સપ્ટેમ્બરે સુનાવણી કરશે. આ નિર્ણય બાદ અભિનેત્રી કંગના રનૌતે ટ્વીટ કરીને પોતાને બધાનો 'ફેવરિટ ટાર્ગેટ' ગણાવી છે. કંગનાએ પોતાની લાંબી પોસ્ટમાં ઘણી વાતો કહી છે.

અભિનેત્રીએ X (અગાઉના ટ્વિટર) પર લખ્યું હતું કે, 'આજે હું દરેકની ફેવરિટ ટાર્ગેટ બની ગઈ હતી. આ સૂતેલા દેશને જગાડવા માટે તમારે આ કિંમત ચૂકવવી પડશે. આ લોકોને ખબર નથી કે હું શું વાત કરી રહ્યો છું. તેઓ સમજી શકતા નથી કે હું શેની ચિંતા કરું છું. કારણ કે આ લોકો શાંતિ ઈચ્છે છે. કોઈનો પક્ષ લેવા માંગતા નથી. તે ગાય્ઝ મસ્ત છે, તે ગાય્ઝ ચિલ છે. હાહા હું ઈચ્છું છું કે સરહદ પર ઉભેલા ગરીબ સૈનિકને પણ મસ્ત રહેવાનો લહાવો મળે. હું ઈચ્છું છું કે તેણે પક્ષ ન લેવો પડ્યો હોય અને પાકિસ્તાન અને ચીનને પોતાના દુશ્મનો ન માનવા પડે. જ્યારે તમે આતંકવાદીઓ અથવા રાષ્ટ્રવિરોધીઓની લાલસા કરી શકો ત્યારે તે તમારું રક્ષણ કરે છે. કંગના રનૌતે આગળ લખ્યું, 'જે છોકરીનો એકમાત્ર ગુનો એ હતો કે તે રસ્તા પર એકલી હતી અને તેની સાથે

**કંગના રનૌતે કહ્યું હતું કે, ફિલ્મને શરૂઆતમાં સેન્સર બોર્ડ તરફથી મંજૂરી મળી હતી**

તાજેતરમાં, કંગના રનૌતે તેની આગામી ફિલ્મ 'ઇમર્જન્સી' વિશે અપડેટ્સ શેર કરવા માટે તેની ઇન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર લીધી. તેણીએ ખુલાસો કર્યો હતો કે ફિલ્મને શરૂઆતમાં સેન્સર બોર્ડ તરફથી મંજૂરી મળી હતી, પરંતુ હવે પ્રમાણપત્ર અટકાવવામાં આવ્યું છે. કંગનાએ એ પણ ખુલાસો કર્યો કે તેને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે, જેના કારણે સેન્સર બોર્ડે સર્ટિફિકેશન પ્રક્રિયાને થોભાવવી પડી. ઉલ્લેખનીય છે કે શિરોમણી અકાલી દળે 'ઇમરજન્સી' પર પ્રતિબંધ મૂકવાની હાકલ કરી છે. પ્રોજેક્ટને લગતા તમામ વિવાદો હોવા છતાં, કંગનાના દિગ્દર્શક તરીકેની ડેબ્યૂને દર્શકો કેવો પ્રતિસાદ આપે છે.

ક્રૂરતાથી બળાત્કાર કરવામાં આવ્યો. તે કદાચ એક નમ્ર અને દયાળુ છોકરી હતી, જે માનવતાને પ્રેમ કરતી હતી. પરંતુ શું તેની માનવતાની ભાવના પુનઃસ્થાપિત થઈ હતી? હું ઈચ્છું છું કે લૂંટારુઓ અને ચોરોને પણ એવો જ પ્રેમ અને સ્નેહ મળતો હોય જે આ ઠંડી અને સૂતી પેઢીને મળી રહ્યો છે. પણ સત્ય કંઈક બીજું જ છે. કંગનાએ એમ પણ લખ્યું કે, 'ચિંતા ન કરો, તેઓ તમારા માટે આવી રહ્યા છે. જો અમે તમારા જેવા કૂલ બનીશું, તો તેઓ તમને પકડી લેશે અને તમને ખબર પડશે કે જે લોકો કૂલ નથી તે કેટલા મહત્વપૂર્ણ છે. કંગનાએ ૨૦૨૦માં તેનું પ્રોડક્શન હાઉસ શરૂ કર્યું. તેની ફિલ્મ 'ઈમર્જન્સી', જેનું તેણે દિગ્દર્શન અને નિર્માણ બંને કર્યું છે. ૬ સપ્ટેમ્બરે રિલીઝ થવાની છે. ફિલ્મમાં કંગનાએ ભૂતપૂર્વ ભારતીય વડા પ્રધાન ઈન્દિરા ગાંધીનું પાત્ર ભજવ્યું છે. આ ફિલ્મ એક રાજકીય ડ્રામા છે, જેમાં શ્રેયસ તલપડે, અનુપમ ખેર, મહિમા ચૌધરી અને મિલિંદ સોમન જેવા અગ્રણી કલાકારો છે. કંગનાએ શેર કર્યું છે કે આ ફિલ્મ બનાવવી એ એક મહત્વપૂર્ણ પડકાર હતો, ખાસ કરીને બોલીવુડના બહિષ્કારનો સામનો કર્યા પછી. પ્રેક્ષકોની પ્રતિક્રિયાઓ માટે સંપૂર્ણ વિડિઓ જુઓ અને વધુ અપડેટ્સ માટે બોલિવૂડ લાઈફ સાથે જોડાયેલા રહો. નેટીઝન્સ કંગના રનૌતને ટેકો આપે છે કારણ કે તેની ફિલ્મ "ઈમરજન્સી" સેન્સરશીપ મુદ્દાઓને કારણે પ્રતિક્રિયા અને વિલંબનો સામનો કરે છે.








# "શાહિદ કપૂર"ના નામ પર કરીના કપૂરના ઉડ્યા હોશ!





કરીનાની સામે 'શાહિદ'નો ઉલ્લેખ થતાં જ અભિનેત્રી ચોંકી ગઈ હતી. નામ આવતાની સાથે જ તે તેના ચહેરાના હાવભાવ છુપાવી શકી નહીં. પરંતુ, તમે વિચારતા પહેલા કે અહીં કરીનાના એક્સ બોયફ્રેન્ડ અને બોલિવૂડ એક્ટર શાહિદ કપૂરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કરીના કપૂર ખાન બોલિવૂડની સૌથી સુંદર, લોકપ્રિય અને સફળ અભિનેત્રીઓમાંની એક છે. આ દિવસોમાં, કરીના તેની આગામી ફિલ્મ 'ધ બકિંગહામ મર્ડર્સ' માટે હેડલાઈન્સમાં છે, જેનું ટ્રેલર તાજેતરમાં રિલીઝ થયું હતું. હવે કરીના આ ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે જે ૧૩ સપ્ટેમ્બરે રિલીઝ થઈ રહી છે. જેમાં તે પોલીસ ઓફિસરની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મમાં કરીના માત્ર લીડ રોલ જ નથી કરી રહી પરંતુ તે તેની પ્રોડ્યુસર પણ છે. આ દરમિયાન બેબોનો એક વીડિયો હેડલાઈન્સમાં છે, જેમાં તે 'શાહિદ'નો ઉલ્લેખ થતા જ તેના રિએક્શન બદલાઈ જાય છે. કરીનાની સામે 'શાહિદ'નો ઉલ્લેખ થતાં જ અભિનેત્રી ચોંકી ગઈ હતી. નામ આવતાની સાથે જ તે તેના ચહેરાના હાવભાવ છુપાવી શકી નહીં. પરંતુ, તમે વિચારતા પહેલા કે અહીં કરીનાના એક્સ બોયળેન્ડ અને બોલિવૂડ એક્ટર શાહિદ કપૂરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે,પણ નહીં ખરેખરમાં કરીના કપૂર અને હંસલ મહેતાને ફિલ્મ 'શાહિદ' વિશે પૂછવામાં આવ્યું હતું. વાસ્તવમાં, કરીનાએ ધ બકિંગહામ મર્ડર્સના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં હાજરી આપી હતી. હંસલ મહેતા સાથે બેબોનો આ પહેલો પ્રોજેક્ટ છે. નેશનલ લોન્ચ ઈવેન્ટ દરમિયાન કોઈએ હંસલ મહેતાની 'શાહિદ'નો ઉલ્લેખ કર્યો અને કહ્યું- 'અમે તમારો ટ્રેક રેકોર્ડ જોયો છે, તમે શાહિદ જેવી ફિલ્મ બનાવી છે જે નેશનલ એવોર્ડ વિજેતા ફિલ્મ છે. આ મર્ડર મિસ્ટ્રી (ધ બકિંગહામ મર્ડર્સ)માં પણ ખૂબ જ સંવેદનશીલ મુદ્દો સામેલ છે. તેથી જ મેં શાહિદનો ઉલ્લેખ કર્યો. તો સ્ક્રિપ્ટ અને દિગ્દર્શકના સ્તરે આ બંને માટે કેટલું મુશ્કેલ હતું? આ દરમિયાન કરીના પહોળી આંખો સાથે પ્રતિક્રિયા આપતી જોવા મળી હતી. પત્રકારનો પ્રશ્ન અને કરીનાની અભિવ્યક્તિ જોઈને આખા ઓડિટોરિયમમાં હાસ્ય અને તાળીઓનો અવાજ ગુંજવા લાગે છે. જ્યારે હંસલે આનો જવાબ આપવાનું શરૂ કર્યું તો કરીના તેની વાત સાંભળવા લાગી.





તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

## કડાણા તાલુકાના લીમપુર ગામે કેવડા ત્રીજ વ્રતની ઉજવણી કરવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

મહીસાગર જિલ્લામાં કડાણા તાલુકાના લીમપુર ગામે કેવડા ત્રીજ વ્રતનો પારંપરિક રીતે પૂજન અર્ચનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાદરવા સુદ ત્રીજને શુક્રવાર તારીખ ૬/ ૯ /૨૪ ના રોજ શ્રી ગણેશજી, મહાદેવજી અને પાર્વતી માતાની પૂજા અર્ચના શ્રી ભરતભાઈ એ. પંડ્યા દ્વારા શાસ્ત્રોકત મંત્રોચ્ચારથી કરવામાં આવેલ હતી.ગામની ૧૮ બહેનો દ્વારા વ્રત નિમિત્તે પૂજન અર્ચન કરી ૧૦૦૮ પરણો ચઢાવી તેમજ કેવડો સુધી આખો દિવસ ઉપવાસી રહી પોતાના પતિના લાંબા આયુષ્ય તેમ જ સ્વાસ્થ્ય સુખાકારી માટે પ્રાર્થના કરવામાં આવે છે.પૂજાના અંતે થાળ આરતી કરી ભૂદેવ ના આશીર્વાદ લઈ વ્રત સમાપ્ત કરીબહેનો ધન્યતા અનુભવે છે. આખી રાત ભજન કીર્તન, જાગરણ કરી બીજા દિવસે પારણા કરી વ્રત સમાપ્ત કરવામાં આવે છે.

## ગણપતિના આગમન ટાણે શિવ શંકર તાંડવ સહિતની ઝાંખીએ અનેરું આકર્ષણ જમાવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

ઝાલોદનુ પ્રખ્યાત એવું ગણપતિ ગ્રૂપ એટલે જયદેવા...જયદેવા ગ્રૂપ દ્વારા દર વર્ષે ગણપતિ સ્થાપનાનુ આયોજન સુંદર કરવામાં આવે છે. દર વર્ષે કાંઈક ને કાંઈક અલગ વિશેષતા માટે જયદેવા ગ્રુપ નગરમાં પ્રખ્યાત છે તારીખ ૦૧-૦૯-૨૦૨૪ રવિવારના રોજ જયદેવા ગ્રુપ દ્વારા ગણપતિ બાપ્પાનુ સુંદર આગમન કરવામાં આવ્યું હતું. આ આગમન ટાણે બાહુંબલી હનુમાન સાથે વાનર સેનાની ઝાંખી એ નગરમાં અનેરું આકર્ષણ ઉભુ કર્યું હતું તેમજ બસ સ્ટેશન વિસ્તારમાં ભવ્યાતિભવ્ય આતશબાજી સાથે ડીજે ના તાલે આગમન કરવામાં આવ્યું હતું પણ અચાનક ધોધમાર વરસાદ પડતાં આગમન બસ સ્ટેશન થી મોકૂફ રાખ્યું હતું ત્યાર બાદ આજે ફરી ૦૫-૦૯-૨૦૨૪ ગુરુવારે ભવ્યાતિભવ્ય આગમન કરવામાં આવ્યું હતું.

જયદેવા ગ્રૂપ દ્વારા વરસાદના વિઘ્ન પછી ગણપતિ બપ્પા આવશે તો આન બાન શાન થી જ તેવું નક્કી કર્યું અને થયું પણ તેવું જ આ સમયે જયદેવા ગ્રુપ દ્વારા શંકર પાર્વતી સાથે તાંડવ નૃત્યનુ ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જયદેવા ગ્રૂપના આગમનને જોવા આખું નગર



ઉમટી પડયું હતું ...આગમન ટાણે ગણપતિજી ના વધામણાં કરવાં આવેલ નગરજનો આવા સુંદર આયોજનને જોઈ ખૂબ ખુશ થઈ ગયા હતા. ડીજેના સથવારે ભક્તિમા લીન દરેક ભક્તો ભક્તિ ભાવ વાળા વાતાવરણમાં નાચી ઝૂમી ઉઠયા હતા. દરેક નગરજનો એ આ સુંદર આયોજનને આંખોમાં વસાવી લીધેલ હતું. વડબજાર વિસ્તારમાં દરેક નગરજનોએ ગણપતિ બાપા મોરિયાના ગગનભેદી નાદ થી ગજવી નાખ્યું હતું. તેમજ છેલ્લે ગણપતિ આગમન પૂરું થતાં નગરજનોના મુખે એક જ વાત સાંભળવા મળતી હતી કે ગણપતિ આગમન તો જયદેવા ગ્રૂપનુ જ.

## ઝાલોદ પોલિસ સ્ટેશનમા ગણેશ ઉત્સવ તેમજ ઈદને લઈ શાંતિ સમિતિની બેઠક યોજાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

ઝાલોદ નગરમાં ગણપતિ બાપાનુ આગમન વાજતે ગાજતે થઈ રહેલ છે તેમજ હવે ગણતરીના કલાકોમાં ગણપતિ સ્થાપના નગરમાં અનેક વિસ્તારોમાં થવાનું છે તેને લઈ ઝાલોદ નગરના પી.આઈ એચ.સી રાઠવા દ્વારા પોલીસ સ્ટેશનમા શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આ શાંતિ મીટીંગમાં આગામી સમયમાં ઈદ અને ગણપતિ વિસર્જન થનાર છે તેને અનુલક્ષી મીટિંગ યોજાઈ હતી. પી.આઈ એચ.સી.રાઠવા દ્વારા ઉપસ્થિત લોકોને આવનાર તહેવારોની શુભકામના આપતા ઉત્સવો હર્ષોલ્લાસ ભર્યા વાતાવરણમાં ઉજવાય અને કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારી રાખવા સુચન કર્યું હતું તેમજ ઉત્સવ દરમ્યાન કોઈ પણ જાતની અફવા પર ધ્યાન ન આપી પોલિસનો સીધો સંપર્ક કરવા જણાવ્યું હતું, સોશિયલ મીડિયામા કોઈના ધર્મને હાનિ પહોંચે તેવી પોસ્ટ ન મૂકવી, ઉત્સવ દરમ્યાન કોઈપણ જાતની ઘટના બને અથવા કોઈ તકરાર થાય તો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ઝગડાનુ રૂપ મોટું ન થાય તે માટે પોલીસનો સીધો સંપર્ક કરવો, ઉત્સવ દરમિયાન સાઉન્ડ ડી.જે તેમજ ભગવાનનો રથ નગરના માર્ગો પર કોઈ પણ અડચણ વગર નીકળે તેવું આયોજન કરવું તેમજ સમયે સમયે પોલિસ દ્વારા અપાયેલ નિર્દેશોનુ પાલન કરવું, શોભાયાત્રા દરમિયાન કોઈ પણ જાતના હથિયારો સાથે નીકળવું નહીં, કોઈ પણ જાતનું વ્યસન કરી જોડાવું નહીં તેમજ પોલિસ નગરના સહુ લોકોની મિત્ર જ છે તેથી કોઈ પણ બનાવમાં પોલીસનો સીધો સંપર્ક અવશ્ય કરવું તેમજ આવનાર ઉત્સવો શાંતિ અને હર્ષોલ્લાસ ભર્યા વાતાવરણમાં હળીમળીને ઉજવાય તેવી હાકલ પી.આઈ એચ.સી.રાઠવા દ્વારા કરવામાં આવી હતી.

## ઝાલોદ નગરમાં પ્રબુતા પાર્ટી પ્લોટ પર આવેલ બેંક ઓફ બરોડાનું ATM બંધ હાલતમાં ATMની બહાર તાળા લાગેલ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

ઝાલોદ નગર માં આવેલ બેંક ઓફ બરોડા નું ATM છેલ્લા કેટલાય દિવસ બંધ હાલતમાં જોવા મળી રહ્યું છે ATM બહાર શટલ ને તાળું મારેલું હોય છે જેના કારણે શહેરના અને ગામડામાંથી આવતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે સીઝન ચાલી રહી છે ત્યારે લોકોને રૂપિયા ન મળતા ભારે સમસ્યા વેઠવાનો લોકોને વારો આવી રહ્યો છે. દૂર દૂરથી ખરીદી માટે આવતા લોકોને રૂપિયા ન મળતા ઘરે પરત ફરવું પડે છે.

બીજી તરફ બેંકો પોતાની



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

સર્વિસ શ્રેષ્ઠ છે તેવી મોટી મોટી જાહેરાતો કરે છે પણ ઝાલોદમાં જે રીતે ATM બંધ હાલતમાં જોવા મળી રહ્યા છે તેના પરથી લાગે છે બેંકો માત્ર વાતો છે કરે છે. ગ્રાહકોને સર્વિસના નામે ચાર્જ પડાવે છે પણ સર્વિસ આપતી નથી.

## ઝાલોદ તાલુકાના મીરાખેડીમા ચૌદ ગામના ખેડૂતો દ્વારા નેશનલ કોરીડોરની કામગીરીનો વિરોધ કરાયો

### નેશનલ કોરીડોરમા ગરીબ આદિવાસી સમાજની જમીનો છીનવાઈ ગઈ હોવાના આક્ષેપો કરાયા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

ઝાલોદ તાલુકા તેમજ મીરાખેડી ગામની આસપાસ આવેલ મુણધા, સુથારવાસા, આંબા, બિલવાણી, મોટીહાંડી, ડગેરીયા, વસ્તી, પાવડી, ધારાડુંગર, ટાઢાગોલા, દાંતિયા, ગુલતોરા, છાંયણ, ચાટકા એમ કુલ ચૌદ ગામોની જમીનો દિલ્હી મુંબઈ કોરીડોર હાઈવે બને છે તેમાં ગરીબ આદિવાસીઓની જમીનો સરકાર દ્વારા જબરદસ્તી લેવામાં આવેલ છે તેમજ જમીન લીધા પછી પણ તેનું યોગ્ય મહેનતાણું કે અન્ય વિસ્તારોમાં કોઈ જમીન કોઈ પણ અસરગ્રસ્તોને ફાળવવામાં આવેલ નથી તેવું સામાજિક આગેવાન મૂકેશ ડાંગી એ જણાવ્યું હતું. વધુ આક્ષેપો કરતા તેમણે જણાવ્યું કે અસરગ્રસ્ત આદિવાસી ખેડૂત ખાતેદાર ભાઈ બહેનોની આ હાઈવેમાં જમીન સમ્પાદન થઈ જતા જે તેમની મૂળભૂત સુવિધા ઓ હતી તે છીનવાઈ ગયેલ છે. તે સુવિધા ઓ મુહૈયાં કરવા આદિવાસી ખેડૂતો એ દાહોદ જિલ્લા કલેકટરને તા. ૨૨ ઓગસ્ટ ના રોજ આવેદન પત્ર આપેલ હતું અને ચીમકી સાથે જણાવેલ હતું કે જો અમારી મૂળભૂત સુવિધાઓ તા.૦૫/૦૯/૨૦૨૪* સુધી મુહયા કરવા માં નહીં આવે તો તા. ૦૬/૦૯/૨૦૨૪ ના શુક્રવાર રોજ ચૌદ ગામોમાં ચાલતું કોરીડોર હાઈવેનું કામ સહુ ખેડૂતો ભેગા થઈ અટકાવશે. તેવી ચેતવણી આપવામાં આપેલ હતી તેમાં છતાં કોઈ સુવિધા ઉપ્લબધ કરવામાં આવેલ નથી.

જેથી ગત રવિવારના રોજ વસ્તી ગામે થયેલ મિટિંગમાં ચર્ચા મુજબ ૦૬/૦૯/૨૦૨૪ શુક્રવાર





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ના રોજ સવારે. ૮.૦૦ કલાકે વસ્તી ગામે દાહોદ લીમડી હાઈવે પાસે કોરીડોર હાઈવે ઉપર* દરેક ગામ ના સર્વે નંબર દીઠ ખાતા નંબર માં જેટલાં પણ નામો છે તે તમામ લોકો મોટા પ્રમાણમાં ઉપસ્થિત રહેલ હતા અને નેશનલ કોરીડોરની ચાલતી કામગીરી અટકાવવામાં આવી હતી. તેમજ મૂળભૂત સુવિધાઓમા રોડ રસ્તા તુટી ગયેલ તે બનાવવા, નેશનલ કોરીડોરની ચાલતી કામગીરી થી ખેતરો બે ભાગમાં વહેંચાઈ ગયેલ છે ત્યાં રસ્તાની સુવિધા નથી, ખેતરમાં પાણી આપવા માટે લાઈટ પાણી તેમજ કૂવાની સુવિધા ન હોવાથી ખેતીની પૂરતી સિંચાઈ થતી નથી તેમજ કોરીડોરની ચાલતી કામગીરી થી ખેડૂતોના ખેતરોમા વરસાદી પાણી ભરાઈ જવાથી ખેતી નથી થતી તેવા આક્ષેપો કરી નેશનલ હાઈવે ઓથોરીટી હેઠળ ચાલતા કોરીડોરની કામગીરીને ૧૪ ગામના ખેડૂતો દ્વારા ભેગા થઈ અટકાવવામાં આવ્યો હતો. પોલિસ દ્વારા પણ કોઈ ઘર્ષણ ન સર્જાય તે માટે પૂરતો બંદોબસ્ત મુકવામાં આવ્યો હતો.

## ઝાલોદ વિશ્વકર્મા મંદિરે પંચાલ સમાજની બહેનો દ્વારા કેવડાત્રીજની પૂજા હિન્દુ ધાર્મિક વિધિ મુજબ કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૬ ।

ઝાલોદ પંચાલ સમાજની મહિલાઓ દ્વારા કેવડા ત્રીજની પૂજા અર્ચના પુરા ભક્તિભાવ ભર્યા વાતાવરણમાં કરી હતી. પંચાલ સમાજની સહુ મહિલાઓ વિશ્વકર્મા મંદિરે ભેગા થઈ ધાર્મિક વિધિ વિધાન મુજબ પૂજા કરી હતી. કેવડા ત્રીજ (હરતાલિકા ત્રીજ)નું મહત્વ શાસ્ત્રો અનુસાર કેવડા ત્રીજનું વ્રત કરવાથી ભગવાન શિવ અને માતા પાર્વતીના આશીર્વાદ મળે છે. આ સાથે સુખ-સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે.

અખંડ સૌભાગ્યની કામના માટે સ્ત્રીઓ ભાદરવા મહિનાની શુક્લ પક્ષની ત્રીજે કેવડા ત્રીજનું વ્રત કરે છે. આ દિવસ શંકર ભગવાન અને પાર્વતી માતાની પૂજાનું વિશેષ મહત્વ છે. સારા વરની પ્રાપ્તિ માટે અપરણિત કન્યાઓ પણ આ વ્રત રાખે છે. એવું માનવામાં આવે છે કે, શિવજીને પતિ સ્વરૂપ મેળવવા પાર્વતીજીએ આ વ્રત કર્યું હોવાનું માનવામાં આવે છે.ભાદરવા સુદ ત્રીજ એટલે કે, આજે સનાતન હિન્દુ ધર્મ સંસ્કૃતિમાં કેવડા ત્રીજ નો તહેવાર મનાવવામાં આવી રહ્યો છે. હિન્દુ ધર્મ સંસ્કૃતિમાં ભાદરવા સુદ ત્રીજના એકમાત્ર દિવસે મહાદેવને કેવડો અને પુષ્પ અર્પણ કરવામાં આવે છે. જેને લઈને આ ત્રીજ શિવ ભક્તો માટે ખૂબ જ મહત્વની માનવામાં આવે છે. શિવપુરાણની રુદ્ર સંહિતાના પાર્વતી ખંડમાં કેવડાનું પુષ્પ અને કેવડાનો અભિષેક શિવજી પર માતા પાર્વતીએ ઉગ્ર તપ કર્યા બાદ અર્પણ કર્યો હતો. ત્યાર બાદ દેવાધીદેવ મહાદેવ માતા પાર્વતીને પ્રસન્ન થઈને વરદાન આપ્યું હતું.

## દે.બારીઆ શ્રીમંત જયદીપસિંહ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું

(પ્રતિનિધી)

। દેવગઢ બારીઆ, તા.૬ ।

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારીઆ ખાતે તાલુકા નો વર્ષ ૨૦૨૪ નો યુવા ઉત્સવ ઉજવવા માં આવેલ જેમાં દેવગઢ બારીઆ ખાતે આવેલ શ્રીમંત જયદીપસિંહ મા અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓ એ યુવા ઉત્સવ માં ભાગ લીધેલ હતો જેમાં હળવું કંઠ્ય સંગીત સ્પર્ધા માં પ્રથમ ક્રમાંકે ધોરણ ૧૧ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કુ.નાઘોરા અંજલિ બેન અર્જુનભાઈ નાઘોરા વકૃત્વ સ્પર્ધા માં બીજા ક્રમાંકે ધોરણ ૧૨ માં અભ્યાસ કરતી ભાભોર વનિતા બેન બી. અને ચિત્ર સ્પર્ધા માં ત્રીજા નંબર પર સેજલબેન આર પટેલ અને ભાવેશભાઈ ડી પટેલ એ નિબંધ સ્પર્ધા માં શાળા નું નામ તાલુકા કક્ષાએ રોશન કર્યુ હતું આ સ્પર્ધા માં શાળા ના વિદ્યાર્થી ઓએ યુવા ઉત્સવ ૨૦૨૪-૨૫ માં શાળા નું નામ રોશન કર્યું હતું તેથી શાળા ના આચાર્ય શ્રી.બી.એમ.ખાબડ સુપ્રવાઈઝર શ્રી એ.પી.રાઠવા અને શાળા ના શિક્ષકગણ મિત્રો એ બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

## અમરેલીનો ધાતરવડી ડેમ-૨ ૧૦૦ ટકા ભરાઈ ગયો

। (એજન્સી) અમરેલી,તા.૬ ।

અમરેલીના જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતા જિલ્લાના જળાશયોમાં પુષ્કળ પાણીની આવક થઈ છે. મોટાભાગના જળાશયો છલોછલ થયા છે. રાજુલા તાલુકામાં આવેલો ધાતરવડી-૨ ડેમ પણ ૧૦૦ ટકા ભરાયો છે. સતત પાણીની આવકના કારણે જળાશયો ઓવરફ્લો છયા છે. રાજુલાનો ખાલી પડેલો ધાતરવડી-૨ ડેમ પણ સંપૂર્ણ ભરાયો છેય પાણીની આવકના કારણે તંત્ર દ્વારા ડેમનો ૧ દરવાજો ખોલી પાણી છોડવામાં આવ્યુ છે. પાણી છોડાતા ૯ જેટલા ગામડાના લોકોને એલર્ટ કરાયા છે. રાજુલા, જાફરાબાદ, ધાતરવડી નદી કાંઠે આવતા ગામોવે એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી છે. આ તરફ અમરેલી જિલ્લામાં ધોધમાર વરસાદને પગલે ભેસાણ ગામે ગાગડીયો નદી સ્થાનિકો માટે આફતરૂપ બની છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આ રાશિ ના અમુક લોકો ને ભૂમિ સંબંધિત બાબતો માં ધન ખર્ચ કરવું પડી શકે છે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. જુદા પ્રકારના રોમાન્સનો અમુભવ થવાની શક્યતા છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે. એ મહાન આત્માઓ ખરેખર નસીબદાર છે જેમની બુદ્ધિ ગુસ્સાને અંકુશ હેઠળ રાખે છે. ગુસ્સો તમને બાળે તે પહેલા તેને બાળો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. અંગત અને ગોપનીય હોય તેવી માહિતી કોઈને જણાવતા નહીં.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે કામનું દબાણ આજે તાણ તથા ટૅન્શન લાવી શકે છે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો. પ્રેમના આનંદની અનુભૂતિની શક્યતા છે. કામના સ્થળે તમારી ભૂલોનો એકરાર તમારી તરફેણમાં જશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે માનસિક તાણ છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. મનોરંજન અથવા કૉસ્મૅટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. કામનું દબાણ વધતા માનસિક તોફાન તથા અશાંતિ સર્જાશે. દિવસના ઉત્તરાર્ધમાં તમે આરામ મહેસૂસ કરશો. સાવધાનીપૂર્વક પગલાં લેવાનો દિવસ- આથી જ્યાં સુધી તમને વિશ્વાસ ન બેસે કે તમારા વિચારો નિષ્ફળ નહીં જાય.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. લાગણીશીલ અંતરાયો તમને તકલીફ આપી શકે છે. માર્કેટિંગ ક્ષેત્રે જોડાવાની લાંબા સમયની મહેચ્છા સાકાર થવાની શક્યતા છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. ઘરમાં કોઈક સમારકામ અથવા સામાજિક મેળાવડો તમને વ્યસ્ત રાખે એવી શક્યતા છે. તમારા પ્રિયપાત્રની વફાદારી પર શંકા ન કરતા.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? તમારા નિર્ણયો બાળકો પર થોપવાથી તેઓ નારાજ થશે. એના કરતાં તેમને સમજાવો જેથી જેઓ સમજપૂર્વક તેનો સ્વીકાર કરે. રૉમેન્ટિક પ્રભાવ આજે ખૂબ જ પ્રબળ હોવાની શક્યતા છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારો હકારાત્મક દષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. તમે પ્રથમ નજરે જ પ્રેમમાં પડો એવી શક્યતા છે. તમારી સખેત મહેનતનું વળતર મળશે કેમ કે તમને પ્રમોશન મળવાની શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે રચનાત્મક શોખ તમને નિરાંતવા રાખશે. નાણાકીય દષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે. અણધારી જવાબદારીઓ આજના દિવસની તમારી યોજનાઓને ખોરવી નાખશે-આજે તમે તમારી જાતને અન્યો માટે વધારે અને પોતાની માટે ઓછું કામ કરતા જોશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? મિત્રો તથા સંબંધીઓ તમારી તરફેણ કરશે અને તમે તેમની સોબતમાં ખાસ્સા ખુશ રહેશો. આજે તમે તમારા પ્રિયપાત્રનો પ્રેમ તમારી આસપાસ અનુભવશો.

# પાંચ રાષ્ટ્રોના રાજદૂતોએ ભારતના રાષ્ટ્રપતિ સમક્ષ પોતાના ઓળખપત્રો રજૂ કર્યા


૧. માનનીય શ્રી એન્થોની મકાબો, સોલોમન ટાપુના હાઈ કમિશનર


૨. માનનીય શ્રી કેન અમાન્ડસ, નૌરુ પ્રજાસત્તાકના ઉચ્ચ કમિશનર


૩. માનનીય શ્રી એન્ટોનિયો એનરીકો બાર્ટોલી, ઇટાલી પ્રજાસત્તાકના રાજદૂત


૪. માનનીય શ્રી બેનેડિક્ટ હોસ્કુલડસન, આઇસલેન્ડના રાજદૂત


૫. માનનીય શ્રી રિયુવેન અઝાર, ઇઝરાયેલના રાજદૂત

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત એક સમારોહમાં સોલોમન ટાપુ, નૌરુ, ઇટાલી, આઈસલેન્ડ અને ઇઝરાયેલના ઉચ્ચ કમિશ્નર/ રાજદૂતો પાસેથી ઓળખપત્રો સ્વીકાર્યા. જેમણે પોતાના ઓળખપત્રો રજૂ કર્યા હતા.

### ધમકીઓને કારણે પ્રોજેક્ટ પૂરો થઈ રહ્યો નથી

## 'જેઓ ઈરાન સાથે ડીલ કરે છે' અમેરિકાએ પાક. પર નિશાન સાધ્યું

### પોતાની ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે પણ પાકિસ્તાને ૨૦૧૦માં ઈરાન સાથે ગેસ પ્રોજેક્ટ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકાએ ફરી એકવાર પાકિસ્તાનને ઈરાન સાથેના સહયોગ સામે ચેતવણી આપી છે. ઈરાન-પાકિસ્તાન ગેસ પાઈપલાઈન એ પાકિસ્તાનની ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે જે અમેરિકન વાંધાઓને કારણે લાંબા સમયથી અટવાયેલો છે. અમેરિકાની નવી ચેતવણી હવે પાકિસ્તાનની ચિંતા વધારવા જઈ રહી છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે તેમની તાજેતરની પ્રેસ કોન્ફરન્સમાં ગેસ પાઈપલાઈન પર ટિપ્પણી કરી.પ્રેસને સંબોધતા તેમણે કહ્યું, 'અમે ઈરાન વિરુદ્ધ અમારા પ્રતિબંધો ચાલુ રાખીશું. ઉપરાંત, જેઓ ઈરાન સાથે વેપાર કરે છે તેઓએ તે કરારોની સંભવિત અસરથી વાકેફ હોવું જોઈએ. અમેરિકા લાંબા સમયથી પ્રતિબંધો દ્વારા ઈરાન પર દબાણ બનાવી રહ્યું છે, જેના કારણે ઈરાન-પાકિસ્તાન ગેસ પાઈપલાઈન પ્રોજેક્ટને ગંભીર અસર થઈ છે. ઈરાન-પાકિસ્તાને ૨૦૧૦માં પ્રોજેક્ટ ડીલ પર હસ્તાક્ષર કર્યા હતા, જે અંતર્ગત નક્કી કરવામાં આવ્યું હતું કે ઈરાન પાકિસ્તાનને દરરોજ ૭૫૦ મિલિયનથી ૧ બિલિયન ફૂટ કુદરતી ગેસ સપ્લાય કરશે. પાઈપલાઈન નાખવાની અંતિમ તારીખ ૨૦૧૪ હતી અને ગેસ સપ્લાયનો સોદો ૨૫ વર્ષનો હતો.આ પાઈપલાઈન ૧,૯૦૦ કિલોમીટર લાંબી થવાની હતી, જેમાંથી ૧,૧૫૦ કિલોમીટર ઈરાનમાં અને ૭૮૧ કિલોમીટર પાકિસ્તાનમાં નાખવાની હતી. આ પાઈપલાઈન ઈરાનના દક્ષિણ પારસ ગેસ ફિલ્ડથી પાકિસ્તાનના ગ્વાદર સુધી લંબાવવાની હતી. એક દાયકાથી વધુ સમય વીતી જવા છતાં પણ પાકિસ્તાન પાઈપ લાઈન નાખવાનું કામ શરૂ કરી શક્યું નથી. તે જ સમયે, ઈરાને તેની પાઈપલાઈનનો ભાગ લગભગ પૂર્ણ કરી લીધો છે. પાકિસ્તાનનું કહેવું છે કે ઈરાન પર અમેરિકન પ્રતિબંધોને કારણે તે નિર્ધારિત સમયમાં આ પ્રોજેક્ટ પૂરો કરી શક્યું નથી. આ વર્ષની શરૂઆતમાં પાકિસ્તાને કહ્યું હતું કે તે પાઈપલાઈનની લંબાઈ માત્ર ૮૦ કિલોમીટર જ રાખશે.પાકિસ્તાનના સ્થાનિક મીડિયા અનુસાર, આ પ્રોજેક્ટ આગામી ૨૪ મહિનામાં ૪૪ અબજ પાકિસ્તાની રૂપિયાના ખર્ચે પૂર્ણ થશે. અમેરિકી વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ ઈરાન સાથે સહયોગ સામે ચેતવણી આપી છે અને પાકિસ્તાનને ઊર્જા સુરક્ષાની ખાતરી પણ આપી છે. તેમણે કહ્યું, 'અમે ઉર્જા સુરક્ષાના મુદ્દે પાકિસ્તાન સરકાર સાથે વાત કરી રહ્યા છીએ.'

### પીએમ મોદીએ સિંગાપોરના ઉદ્યોગપતિઓને કહ્યું

## 'કૌશલ્ય વિકાસ માટે ભારત આવો, કાશીમાં રોકાણ કરો'

### બંને નેતાઓ સિંગાપોર શહેરમાં મળ્યા હતા અને તેમના દ્વિપક્ષીય સંબંધોને "વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી"ના સ્તરે લાવવા સંમત થતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સિંગાપોરના પ્રવાસે છે."પીએમ વર્ષ પછી સિંગાપોર પહોંચ્યા છે. મોદીની સિંગાપોર મુલાકાત ભારતની એક્ટ ઈસ્ટ પોલિસી માટે મહત્વની છે. આસિયાન દેશોમાં સિંગાપોર ભારતનું સૌથી મોટું વેપાર ભાગીદાર છે. વડા પ્રધાન મોદી અને સિંગાપોરના વડા પ્રધાન લોરેન્સ વોંગે ગુરુવારે તેમની બેઠક દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય ભાગીદારીને મજબૂત કરવા માટે ચાર મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા હતા. બંને નેતાઓ સિંગાપોર શહેરમાં મળ્યા હતા અને તેમના દ્વિપક્ષીય સંબંધોને "વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી"ના સ્તરે લાવવા સંમત થયા હતા. આ એમઓયુ ડિજિટલ ટેકનોલોજી, સેમિકન્ડક્ટર, આરોગ્ય અને તબીબી ક્ષેત્રો અને શૈક્ષણિક સહકાર અને કૌશલ્ય વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.આ પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિંગાપોરની ટોચની કંપનીઓના સીઈઓને મળ્યા અને ભારતમાં રોકાણ કરવાની અપીલ કરી. પીએમે ઉદ્યોગપતિઓને સંબોધતા કહ્યું, "આ મારો ત્રીજો કાર્યકાળ છે. જેઓ ભારતથી પરિચિત છે તેઓ જાણતા હશે કે ૬૦ વર્ષ પછી, કોઈ સરકારને ત્રીજી વખત જનાદેશ મળ્યો છે. તેની પાછળનું કારણ નીતિઓમાં લોકોની રુચિ છે. મારી સરકારનું." અમારું માનવું છે કે જો વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું ઉડ્ડયન ક્ષેત્ર હોય, તો એરપોર્ટમાં રોકાણ કરવા માટે ભારતમાં આવવાની અમારી પ્રાથમિકતા છે."તેમણે કહ્યું, "અમે અનુમાનિત અને પ્રગતિશીલ નીતિઓ સાથે આગળ વધી રહ્યા છીએ. ભારતમાં રાજકીય સ્થિરતા છે. અમે સેમિકન્ડક્ટર સેક્ટરમાં આક્રમક રીતે આગળ વધી રહ્યા છીએ. અમે આ ક્ષેત્રમાં એક સંપૂર્ણ ઈકોસિસ્ટમ બનાવવા જઈ રહ્યા છીએ. ભારતમાં એક મુખ્ય થીમ જે આપણે જોઈએ છીએ. ટાયર ૨ અને ટાયર ૩ શહેરોમાં કૌશલ્ય વિકાસ છે, સેમિકન્ડક્ટર સેક્ટરને ધ્યાનમાં રાખીને, કૌશલ્ય વિકાસ પર ઘણો ભાર મૂકવામાં આવી રહ્યો છે."તેમણે કહ્યું કે કૌશલ્ય વિકાસ ભારતની જરૂરિયાતો અને વૈશ્વિક જોબ માર્કેટ સાથે પણ જોડાયેલો છે.

### અમે ૫૦૦ ગીગાવોટનું લક્ષ્ય રાખ્યું છે અને અમારે ૨૦૩૦ સુધીમાં આ કરવાનું છેઃ પીએમ

જો તમારી કંપનીઓ વૈશ્વિક સ્તરે શું ચાલી રહ્યું છે તે સર્વે કરે છે અને વૈશ્વિક માંગનું વિશ્લેષણ કરે છે અને તે મુજબ કૌશલ્ય વિકાસ માટે ભારતમાં આવે છે, તો તમે વૈશ્વિક જોબ માર્કેટને સરળતાથી સંબોધિત કરી શકો છો. અમે આખી દુનિયાને વચન આપ્યું છે. અમે ગ્લોબલ વોર્મિંગને પડકાર ગણીએ છીએ. અમે એવા લોકો નથી કે જેઓ ફક્ત અમારી શોક વ્યક્ત કરે છે અને અટકી જાય છે, અમે એવા લોકો છીએ જે ઉકેલો પ્રદાન કરે છે.પીએમે કહ્યું કે અમે ૫૦૦ ગીગાવોટનું લક્ષ્ય રાખ્યું છે અને અમારે ૨૦૩૦ સુધીમાં આ કરવાનું છે. આમાં મારે ન્યુક્લિયર, હાઈડ્રો, સોલાર અને વિન્ડ પર જવું છે. એ જ રીતે, અમે બાયોફ્યુઅલ પર નીતિ બનાવી છે. ભારત આનું નેતૃત્વ કરવા માંગે છે. ઉર્જા સાથે સંબંધિત ઘણા ક્ષેત્રો છે, જ્યાં ગ્રીન જોબ્સની સંપૂર્ણ સંભાવના છે, અમે આમાં પહેલ કરી રહ્યા છીએ. હું તમને વિનંતી કરું છું, તમે પણ આવો.તમને જણાવી દઈએ કે વડા પ્રધાનની સિંગાપોર મુલાકાત વેપાર અને રોકાણના દૃષ્ટિકોણથી મહત્વપૂર્ણ છે. આસિયાન દેશોમાં સિંગાપોર ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર છે. સિંગાપોર વિશ્વમાં ભારતનું છઠ્ઠું સૌથી મોટું વેપારી ભાગીદાર છે. સિંગાપોર ભારતમાં આવતા વિદેશી સીધા રોકાણનો મુખ્ય સ્ત્રોત છે. સિંગાપોર વૈશ્વિક સેમિકન્ડક્ટર ઈકો સિસ્ટમમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સિંગાપોર પાસે આ ક્ષેત્રમાં ૨૦ વર્ષથી વધુનો અનુભવ છે.

## ૧૫ દિવસમાં એસ્ક્રો એકાઉન્ટમાં ૧૦૦૦ કરોડ રૂપિયા જમા કરાવવા પડશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

સુપ્રીમ કોર્ટે સહારા ગ્રૂપ પર કડક વલણ દાખવ્યું છે અને તેને ૧૫ દિવસમાં અલગ એસ્ક્રો એકાઉન્ટમાં ૧૦૦૦ કરોડ રૂપિયા જમા કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે જો સંયુક્ત સાહસ/વિકાસ કરાર ૧૫ દિવસની અંદર કોર્ટમાં દાખલ કરવામાં નહીં આવે, તો તે વર્સીવામાં ૧૨.૧૫ મિલિયન ચોરસ ફૂટ જમીન 'જેમ છે ત્યાં છે'ના ધોરણે હરાજી કરશે. સુપ્રીમ કોર્ટે સહારા ગ્રૂપને ૧૫ દિવસમાં અલગ એસ્ક્રો એકાઉન્ટમાં ૧૦૦૦ કરોડ રૂપિયા જમા કરાવવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે સહારા જૂથને વર્સીવા, મુંબઈમાં તેની જમીનના વિકાસ માટે સંયુક્ત સાહસ રચીને રૂ. ૧૦,૦૦૦ કરોડ એકત્ર કરવાની મંજૂરી આપી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે જો સંયુક્ત સાહસ/વિકાસ કરાર ૧૫ દિવસની અંદર કોર્ટમાં દાખલ કરવામાં નહીં આવે, તો તે વર્સીવામાં ૧૨.૧૫ મિલિયન ચોરસ ફૂટ જમીન 'જેમ છે ત્યાં છે'ના ધોરણે હરાજી કરશે. સુપ્રીમ કોર્ટે એક મહિના પછી આગામી સુનાવણી માટે કેસની યાદી આપવાનો આદેશ આપ્યો છે. વાસ્તવમાં, ૨૦૧૨ના આદેશના પાલનમાં, રોકાણકારોને નાણાં પરત કરવા માટે SEBI-સહારા રિફંડ ખાતામાં ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની રકમ જમા કરાવવાની છે. સુપ્રીમ કોર્ટની બેન્ચે ૩૧ ઓગસ્ટ, ૨૦૧૨ના રોજ જારી કરેલા તેના નિર્દેશમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે સહારા ગ્રૂપની કંપનીઓ SIRECL અને SHICL વ્યક્તિગત રોકાણકારો અથવા રોકાણકારોના જૂથમાંથી એકત્ર કરાયેલી રકમ ૧૫ ટકા વાર્ષિક વ્યાજ સાથે સેબીને પરત કરશે.

### સેના અને પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું

## મણિપુરમાં શસ્ત્રો અને દારૂગોળો મળી આવ્યો

### ભારતીય સેના અને મણિપુર પોલીસ દ્વારા સચોટ ગુપ્ત માહિતી મળ્યા બાદ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું

। (એજન્સી) મણિપુર, તા.૬ ।

ભારતીય સેના અને મણિપુર પોલીસે ગુરુવારે એક સંયુક્ત ઓપરેશનમાં કાંગપોકપી અને ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના સંવેદનશીલ વિસ્તારોમાં હથિયારો અને દારૂગોળોનો વિશાળ જથ્થો જપ્ત કર્યો છે. ભારતીય સેનાએ એક હેવી કેલિબર લોન્ચર, એક ૧૨-બોર ડબલ બેરલ રાઈફલ, એક .૧૭૭ રાઈફલ+મેગેઝિન, બે પિસ્તોલ, એક પોમ્પી ગન, પાંચ ગ્રેનેડ, દારૂગોળો અને અન્ય હથિયારો જપ્ત કર્યા છે.સંરક્ષણ પીઆરઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'મણિપુરમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવાના મહત્વપૂર્ણ પ્રયાસમાં, ભારતીય સેનાએ હિંસક ગતિવિધિઓ અને બદમાશોનો સામનો કરવા માટે સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશનને વધુ તીવ્ર બનાવ્યું છે. મણિપુર પોલીસ સાથે હાથ ધરવામાં આવેલા સમાન સંયુક્ત ઓપરેશનમાં, સેનાએ મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો જપ્ત કરવામાં સફળતા મેળવી છે.ભારતીય સેના અને મણિપુર પોલીસ દ્વારા સચોટ ગુપ્ત માહિતી મળ્યા બાદ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. જેના પરિણામે કાંગપોકપી અને ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના સંવેદનશીલ વિસ્તારોમાં હથિયારોનો વિશાળ જથ્થો મળી આવ્યો હતો.

### ફારૂક અબ્દુલ્લાએ કહ્યું

## 'કોંગ્રેસ સાથે અમારું જોડાણ કોઈ મજબૂરી નથી, તે સમયની જરૂરિયાત છે'

### જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી પહેલા ફારૂક અબ્દુલ્લાએ પૂર્ણ રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની હિમાયત કરી હતી

। (એજન્સી) જમ્મુ-કાશ્મીર, તા.૬ ।

જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. ચૂંટણીની તૈયારીઓ વચ્ચે નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારુક અબ્દુલ્લાએ ઈન્ડિયા ટુડેને આપેલા એક્સક્લુઝિવ ઈન્ટરવ્યુમાં કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા હતા. તેમણે ભાજપ પર દેશને ધાર્મિક આધાર પર વહેંચવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. ફારુક અબ્દુલ્લાએ કોંગ્રેસ સાથે ગઠબંધનને સમયની જરૂરિયાત ગણાવી હતી.જ્યારે તેમને કેન્દ્રના દાવા વિશે



પૂછવામાં આવ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં સ્થિતિ સામાન્ય થઈ ગઈ છે. નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારુક અબ્દુલ્લાએ કહ્યું, 'સડકો પર સશસ્ત્ર સૈનિકો વગર શાંતિ હોવી જોઈએ.'ઈન્ડિયા ટુડે સાથેના એક્સક્લુઝિવ ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું, 'કેટલા સૈનિકો છે? ત્યાં કેટલી સેનાઓ છે? જાઓ અને શેરીઓમાં જુઓ કે તેઓ કેટલા સશસ્ત્ર છે. શું આ શાંતિ છે? સૈનિકો વિના શાંતિ હોવી જોઈએ. જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી પહેલા ફારુક અબ્દુલ્લાએ પૂર્ણ રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની હિમાયત કરી હતી. જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા પર નિશાન સાધતા અબ્દુલ્લાએ કહ્યું, 'હું સંપૂર્ણ રાજ્યનો દરજ્જો ઈચ્છું છું. તરત જ. શા માટે આપણે દિલ્હીની નીચે રહેવું જોઈએ?

### યુક્રેન યુદ્ધ વચ્ચે શાંતિ મંત્રણાને લઈને પુતિનની મોટી જાહેરાત

## 'ભારત, ચીન-બ્રાઝિલ મધ્યસ્થી બની શકે છે તેવી સંભાવના...'

। (એજન્સી) રશિયા, તા.૬ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેન સાથે શાંતિ મંત્રણાને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે ચીન, ભારત અને બ્રાઝિલ યુક્રેન સાથે રશિયાની સંભવિત શાંતિ વાટાઘાટોમાં મધ્યસ્થીની ભૂમિકા ભજવી શકે છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેન સાથે શાંતિ મંત્રણાને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે યુક્રેન સાથે રશિયાની સંભવિત શાંતિ વાટાઘાટોમાં ચીન, ભારત અને બ્રાઝિલ મધ્યસ્થીની ભૂમિકા ભજવી શકે છે.પુતિને ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમમાં કહ્યું કે, જો કે, અમારો મુખ્ય ઉદ્દેશ્ય યુક્રેનના ડોનબાસ વિસ્તારને કબજે કરવાનો છે. રશિયન સૈન્ય ધીમે ધીમે કુર્સ્કથી યુક્રેનિયન સૈન્યને પાછું ખેંચી રહ્યું છે. તમને જણાવી દઈએ કે પુતિનનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાલમાં જ યુદ્ધગ્રસ્ત યુક્રેન અને તે પહેલા રશિયાની મુલાકાત લીધી હતી. પીએમ મોદીની આ બંને મુલાકાતો ખૂબ મહત્વની હતી અને વૈશ્વિક સ્તરે ચર્ચાનો વિષય બની હતી. પીએમ મોદી જુલાઈ મહિનામાં રશિયાના પ્રવાસે ગયા હતા. તેમની આ મુલાકાત નાટો સમિટ વચ્ચે થઈ હતી. આ દરમિયાન પીએમ મોદીના રાષ્ટ્રપતિ પુતિનને ગળે લગાવતી તસવીરોની ખૂબ ચર્ચા થઈ હતી. આ દરમિયાન મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને યાદ અપાવ્યું હતું કે શાંતિનો માર્ગ યુદ્ધના મેદાનથી નથી આવતો.

## વડોદરાના કાલાઘોડા બ્રિજ પર ૧૦ ફૂટનો મહાકાય મગર આવી જતા ટ્રાફિક જામ



। (એજન્સી) વડોદરા, તા.૬ ।

છેલ્લા ઘણા દિવસોથી ઉપરવાસમાં પડી રહેલા અવિરત વરસાદના કારણે વિશ્વામિત્રી નદીના પાણી વડોદરામાં ફરી વળ્યા હતા. જેના પગલે અનેક વિસ્તારો મગર શહેરમાં લટાર મારતા જોવા મળ્યા હતા. શહેરમાં વરસાદે વિરામ લીધા બાદ કાલાઘોડા બ્રિજ પર એક મહાકાય મગર આવી જતા ટ્રાફિક જામ થયો હતો. લગભગ રાતના સમયે ૧૦ ફૂટના મગરે રસ્તા પર ટ્રાફિક જામ કર્યો હતો. મગર ૨ દિવસથી નદીની બહાર ફરતો હોવાનું સામે આવ્યુ છે. કલાક સુધી મગરે રસ્તા પર અડિંગો જમાવ્યો હતો. એક કલાકની જહેમત બાદ વન વિભાગ દ્વારા મગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યુ છે. ચાલુ સિઝનમાં વન વિભાગ દ્વારા કુલ ૩૫થી વધુ મગરનું જાહેર સ્થળોએથી રેસ્ક્યૂ કરવામાં આવી હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. બીજી તરફ આ અગાઉ પણ વડોદરામાં મગર રહેણાંક વિસ્તારમાં લટાર મારતા જોવા મળ્યા હતા. ઈ.એમ.ઈ ટેમ્પલ નજીક મગર દેખાતા વન વિભાગેને જાણકરવામાં આવી હતી. ઘટનાની જાણ થતા તાત્કાલિક વન વિભાગના કર્મચારીઓ સ્થળ પર પહોંચી મગરનું રેસ્ક્યુ કર્યું હતુ. મળતી માહિતી અનુસાર ૯ ફૂટ લાંબા મગરનું ભારે જહેમત બાદ રેસ્ક્યું કરાયું હતુ. શહેરમાં અત્યાર સુધી ૩૫ થી વધુ મગરનું કરાયું રેસ્ક્યું કરવામાં આવ્યુ છે.

### PMJANMAN કેમ્પ સ્વરૂપે સરકાર, આદિજાતિ સમુદાયના નાગરિકોને દ્વાર

# અમદાવાદના શિયાળ ગામે પ્રધાનમંત્રી જનજાતિ આદિજાતિ ન્યાય મહાઅભિયાન કાર્યક્રમ હેઠળ સેચ્યુરેશન કેમ્પ યોજાયો

। (માહિતી) અમદાવાદ, તા.૬ ।

'સરકાર નાગરિકોને દ્વાર' વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ વિચારને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર તમામ નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા કટિબદ્ધ છે. આદિજાતિ સમુદાયના સર્વાંગી ઉત્થાન માટે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલા પ્રધાનમંત્રી જનજાતિ આદિજાતિ ન્યાય મહાઅભિયાનને સફળ બનાવવા માટે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર પણ પ્રતિબદ્ધ છે.



પઢાર આદિજાતિ સમુદાયની વસ્તી ધરાવતા અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના શિયાળ ગામે PMJANMAN સેચ્યુરેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પઢાર નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓને સંકલિત કરી નોંધણી તથા લાભોના વિતરણની કામગીરી કરવામાં આવી હતી. આ કેમ્પના માધ્યમથી નાગરિકો પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, આધાર કાર્ડ, જાતિનો દાખલો, જનધન બેંક એકાઉન્ટ, આયુષ્માન કાર્ડ, પીએમ કિસાન સન્માન નિધિ, કિસાન ક્રેડિટ કાર્ડ સહિતની યોજનાનો મેળવે તે માટે માર્ગદર્શન આપી કેટલીક યોજનાઓમાં સ્થળ પર જ નોંધણી અને લાભ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પને સફળ બનાવવા માટે પ્રાંત અધિકારીશ્રી અને મામલતદારશ્રીના માર્ગદર્શન બાવળા તાલુકાના વિસ્તરણ અધિકારીશ્રી બી.ડી.બાદરપુરિયા, નાયબ મામલતદારશ્રી જયેશભાઈ દેસાઈ, શિયાળ પીએચસીના ડૉ. પ્રવિણભાઈ, આયુર્વેદ અધિકારી ડૉ. અર્ચનાબહેન, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ગામેતીએ જહેમત ઉઠાવી હતી.

### 3 આરોપીની ધરપકડ કરવામાં આવી

# અમદાવાદ ક્રાઈમ બ્રાંચે MD ડ્રગ્સ સહિત ૨૦૦ કિલો ગાંજો ઝડપ્યો

### ઓડિશાના ત્રણ શખસની ધરપકડ કરવામાં આવી : જે વ્યક્તિને ડિલિવરી આપવાના હતા તેની પણ તપાસ કરાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

ગુજરાતમાં નશાના કારોબારનો વધતો વ્યાપ યુવાનો માટે ચિંતાનું કારણ બની રહ્યો છે. અમદાવાદ શહેરમાં વટવા GIDCમાંથી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગાંજો અને એમડી ડ્રગ્સનો જથ્થો કબજે કર્યો છે. ઓડિશાથી ટ્રકમાં ભરીને લાવવામાં આવેલા ૨૦૦ કિલો ગાંજો અને ડ્રગ્સ આરોપીઓ વટવા GIDCમા ડિલિવરી કરે તે અગાઉ જ ક્રાઈમ બ્રાન્ચે ત્રણેય આરોપીઓને ઝડપી ગાંજો અને ડ્રગ્સ કબ્જે કર્યું છે.આ જથ્થો કોને કોને આપવાનો હતો તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે ટ્રક ઝડપી હતી. જેમાં તપાસ કરતા ટ્રકમાંથી ગાંજાનો પાવડર અને એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું. અંદાજિત ૨૦૦ કિલોથી વધુ ગાંજો અને ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થા સાથે ઓડિશાના ત્રણ શખસની પણ ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ ઓડિશાથી ટ્રકમાં આ જથ્થો લઈને આવ્યા હતા. અમદાવાદની વટવા GIDCમા ડિલિવરી કરવાના હતા. પરંતુ તે અગાઉ જ ક્રાઈમ બ્રાંચે આરોપીઓને ઝડપી પાડ્યા છે.આરોપીઓ ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં ડિલિવરી કરીને આવ્યા હોવાની પણ શંકા છે. જેથી તે મામલે તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત વટવા GIDCમાં જે વ્યક્તિને ડિલિવરી આપવાના હતા તેની પણ તપાસ કરવામાં આવશે. અમદાવાદમાં અન્ય કોઈ જગ્યાએ ડિલિવરી આપવામાં હતા કે કેમ અને અગાઉ પણ આ રીતે ગાંજા અને ડ્રગ્સની ડિલિવરી કરવામાં આવી છે કે કેમ તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. અગાઉ એરપોર્ટ પરથી નાર્કોટિક્ટસ કંટ્રોલ બ્યુરોએ એક ફિલીપાઈન્સ મહિલાની ૨.૧૨૧ કિલો હેરોઈન સાથે ધરપકડ કરી હતી. ફિલીપાઈન્સથી જીનાલીન પડિવાન લિમોન નામની મહિલા સ્કૂલ બેગમાં ૨.૧૨૧ કિલો ડ્રગ્સ લઈને એરપોર્ટ પરથી સલામત રીતે બહાર નીકળવામાં સફળ રહી હતી. NCBની ટીમે એરપોર્ટથી બહાર નીકળતા જ તેની ધરપકડ કરી લીધી હતી.

### અમદાવાદ શહેર પોલીસ અધિકારીઓએ ભાગ લીધો

# પોલીસની ઇન્વેસ્ટીગેશન સ્કીલ્સમાં વધારો કરવા સેમીનારનું આયોજન

### રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય ખાસ ઉપસ્થિત રહ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

શહેર પોલીસ દ્વારા પાલડી ખાતે આવેલા ટાગોર હોલમાં કન્વીકશન રેટ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ શહેર ખાતે ફરજ બજાવતા પોલીસ અધિકારીઓને ઈન્વેસ્ટીગેશન સ્કીલ્સમાં વધારો થાય તે હેતુસર એક દિવસીય કન્વીકશન રેટ ઈમ્પ્રુવમેન્ટ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ.મલિકે માહિતી આપતા જણાવ્યું હતું કે, પોલીસ અધિકારીઓની ઈન્વેસ્ટીગેશન તથા કામગીરી કરવાની સ્કીલમાં વધારો કરવા માટે એક દિવસીય ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતુ.

એક સર્વે પ્રમાણે ૧૦૦માંથી ૭૦% આરોપીઓ તપાસમાં ખામી હોવાને કારણે છુટી જતા હોય છે અને ૩૦ ટકા જેટલા આરોપીઓ સામે કાયદા પ્રમાણે યોગ્ય તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે છે. રાજ્યના પોલીસવડાના માર્ગદર્શન મુજબ પોલીસ અધિકારીઓની તપાસ કરવાની રીતમાં કઈ રીતે સુધારો લાવી શકાય, તેમની કાર્ય કરવાની ક્ષમતામાં કઈ રીતે વધારો કરી શકાય જેથી ફરિયાદીને યોગ્ય ન્યાય મળી શકે. તેમજ એફ.આઈ.આર સંબંધી બાબતોને લઈને આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ શહેર પોલીસ અધિકારીઓએ ભાગ લીધો હતો.

આ સેમિનારમાં ડીજીપી વિકાસ સહાયની સાથે જસ્ટીસ ડી.એન. પટેલ (ભૂતપુર્વ ચીફ જસ્ટીશ, દિલ્હી હાઈકોર્ટ), મિતેષ આર. અમીન (એડીશનલ એડવોકેટ જનરલ, ગુજરાત રાજ્ય), સુધીર બ્રહ્મભટ્ટ (ડીસ્ટ્રીક્ટ ગવર્નર પ્લીડર), પ્રોફેસર ડો.અંજનાસિંહ તોમર (GNLU ગાંધીનગર) તથા એચ.પી.સંઘવી (ડાયરેક્ટર FSL) દ્વારા તાલીમ સંબંધે વકતવ્ય આપી માહિતગાર કરાયા હતા.

### સ્ટૂડન્ટ વિઝા પર કેનેડા ગયેલા ગુજરાતી યુવક સાથે ઠગાઈ

# સસ્તામાં મકાન ભાડે લેવા જતા છેતરાઈ રહ્યા છે સ્ટૂડન્ટ્સ

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

અત્યારસુધી દર વર્ષે હજારો ગુજરાતી સ્ટૂડન્ટ્સ ભણવા માટે કેનેડા જતાં હતાં જેમાંથી અમુક લોકો સાથે અલગ-અલગ રીતે ફ્રોડ કરવામાં આવ્યા હોવાના પણ અઢળક કિસ્સા બનતા હતા. આવા જ એક કેસમાં હર્ષ પટેલ નામના એક ગુજરાતી સ્ટૂડન્ટ સાથે રેન્ટલ સ્કેમ થયું છે. કેનેડા પહોંચ્યા બાદ ભાડાનું ઘર શોધતા હર્ષ પટેલે ફેસબુક માર્કેટપ્લેસ પર એક 2BHK ફ્લેટ જોયો હતો, ઓન્ટારિયોના કિચનેરની ચેન્ડલર ડ્રાઈવ અપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં આવેલા આ ફ્લેટનું એક મહિનાનું ભાડું ૧૯૦૦ કેનેડિયન ડોલર જણાવાયું હતું. આ ફ્લેટ માટે બે મહિનાનું રેન્ટ એડવાન્સમાં ચૂકવવાનું હતું તેમજ ૩૫૦ ડોલર ક્લિનિગ ફી પણ આપવાની હતી. હર્ષ પટેલ આ ફ્લેટને ૧૫ ઓગસ્ટના રોજ જોવા ગયો હતો, જ્યાં એક વ્યક્તિ રહેતો હતો અને તેનો દાવો હતો કે તે હાલ આ ફ્લેટમાં ભાડે રહે છે. જોકે, તેના કપડાં કે વાસણ સહિતનો કોઈ જ સામાન તે વખતે ફ્લેટમાં ના દેખાતા હર્ષને મામલો શંકાસ્પદ લાગ્યો હતો. કેનેડિયન ન્યૂઝ ચેનલ સીટીવીના એક રિપોર્ટ અનુસાર હર્ષ જેવા જ બીજા પણ ઘણા ઈન્ટરનેશનલ સ્ટૂડન્ટ્સ પાસેથી આ ફ્લેટ ભાડે આપવાના નામે ચારેક હજાર ડોલર જેટલી રકમ પડાવાઈ હતી પરંતુ પેમેન્ટ કર્યા બાદ આ સ્ટૂડન્ટ્સને ખબર પડી હતી કે તેમની સાથે ફ્રોડ થયું છે. હર્ષ જ્યારે પોતાના સામાન સાથે આ ફ્લેટમાં રહેવા માટે પહોંચ્યો ત્યારે તેના જેવા બીજા પણ ઘણા લોકો પહેલાથી જ ત્યાં હાજર તા અને બધાએ તે ફ્લેટ માટે એડવાન્સ ભાડું અને ડિપોઝિટ ચૂકવી દીધા હતા. આ ફ્લેટની એડ ફેસબુક માર્કેટપ્લેસ પર મૂકનારી વ્યક્તિએ પોતાની ઓળખ ઈન્ડિયન મહિલા તરીકે આપી હતી પરંતુ ફ્રોડ થયા બાદ તેણે સ્ટૂડન્ટ્સના ફોન રિસીવ કરવાનું બંધ કરી દીધું હતું અને હર્ષ સહિતના લોકોના નંબર પણ બ્લોક કરી દીધા હતા. અપાર્ટમેન્ટ બિલ્ડિંગનું મેઈન્ટેનન્સ કરતા વ્યક્તિના જણાવ્યા અનુસાર લગભગ ૧૫ લોકો ફ્લેટમાં રહેવા માટે આવ્યા હતા અને તેમના પહેલા બીજા છ લોકોએ પણ પોતે ફ્લેટનું ભાડું અને ડિપોઝિટ ચૂકવી દીધું હોવાનું જણાવ્યું હતું. જોકે, આ ફ્લેટ કોઈ ઈન્ડિવિજ્યુઅલની માલિકીનો છે જ નહીં અને બિલ્ડિંગને ગ્રીનવિન કોર્પોરેશન નામની એક કંપની દ્વારા ઓપરેટ કરવામાં આવે છે. સીટીવીના રિપોર્ટ અનુસાર પોતાની સાથે ફ્રોડ થઈ ગયું છે તેની જાણ થતાં કેટલાક સ્ટૂડન્ટ્સ રડવા લાગ્યા હતા. હાલ આ કેસની તપાસ વોટરલુ રિજનલ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.

### ૪૦૦ કરોડની જમીન ખુલ્લી કરાવી

# કંડલા પોર્ટ પાસે ગેરકાયદે દબાણો પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું

### અંદાજે પાંચ હજાર લોકો વસવાટ કરતા હતા : પોર્ટની સુરક્ષાને ધ્યાનમાં રાખી દબાણો દૂર કરવામાં આવ્યા

। (એજન્સી) ગાંધીધામ, તા.૬ ।

કંડલા પોર્ટ આસપાસ ઓથોરિટી દ્વારા દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. ૫૦ વર્ષથી ઊભા થયેલા ગેરકાયદેસર દબાણો પર પોર્ટ તંત્રએ ગઈકાલે બુલડોઝર ફેરવી દીધું હતું. પોલીસ અને CISFના સહયોગથી કચ્છના સૌથી મોટા ડિમોલિશનની કાર્યવાહીથી એક જ દિવસમાં ૬૦૦ જેટલાં કાચાં-પાકાં દબાણો તોડી પડાયાં હતાં. અંદાજે ૪૦૦ કરોડની ૧૫૦ એકર જમીનને દબાણમુક્ત કરાઈ હતી. આ ડિમોલિશનના પગલે ઝૂંપડપટ્ટીમાં રહેતાં અંદાજે સાડા પાંચેક હજાર લોકોને રાતોરાત ઉચાળા ભરવાનો વારો આવ્યો છે. ક્રિકમાં સતત વધતાં જતાં ઝૂંપડાઓ અને દબાણો એક મોટો પ્રશ્ન દશકાઓથી બનેલો હતો. દીનદયાળ પોર્ટ ઓથોરિટી દ્વારા સમુદ્રી ખાડીને સમાંતર કોસ્ટલ લેન પર અંદાજે ૧૫૦ એકર જમીન પર ગેરકાયદે બની ગયેલી બન્ના ઝૂંપડપટ્ટીને હટાવવા મેગા ડિમોલિશન ડ્રાઈવ હાથ ધરાઈ હતી. ગત ૧લી સપ્ટેમ્બરે પોર્ટ પ્રશાસને દબાણ હટાવો ઝૂંબેશ હાથ ધરાશે તેવી નોટિસ તમામને આપવામાં આવી હતી. ગુરુવારે સવારે ૬ વાગ્યાથી બુલડોઝર અને જેસીબી સાથે આવી પહોંચેલા પોર્ટ પ્રશાસન, પોલીસ અને CISF દ્વારા દબાણ હટાવ કામગીરી શરૂ કરીને અંદાજે અઢી કિલોમીટરનો પટ્ટો સાફ કરી નાખ્યો હતો. જેમાં ૬૦૦ જેટલાં ઝૂંપડાં તોડવામાં આવ્યાં, જેમાં અંદાજે પાંચ હજાર લોકો વસવાટ કરતા હતા. ખુલ્લી થયેલી જમીનની કિંમત ૪૦૦ કરોડથી વધુની હોવાનો અંદાજો લગાવાઈ રહ્યો છે. આ પગલાથી કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિને જાળવવામાં સહાયતા મળશે તેમ પોર્ટ પ્રશાસને જણાવ્યું હતું. પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારે આ કાર્યવાહી કોસ્ટલ સુરક્ષા દૃષ્ટિકોણથી મહત્ત્વપૂર્ણ હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું કે જેટલી અહીં ગુનાહિત પ્રવૃત્તિઓ થતી હતી જેમ કે પાઈપલાઈનને નુકસાન, ઓઈલ ચોરી, ઓટીબીમાંથી ચોરી તે બન્ના ઝૂંપડાં અને ઈફકો ઝૂંપડાં વિસ્તારના જ આરોપીઓ દ્વારા કરતા હોવાનું વારંવાર સામે આવતું હતું.

### ભાદરવી પૂનમના મેળાની તડામાર તૈયારીઓ શરૂ

# પદયાત્રિકોની સુરક્ષા માટે ત્રિશુળિયા ઘાટ ફરતે પ્રોટેક્શન જાળી મુકવા ઉઠી માગ

### ત્રિશુળિયા ઘાટ પરની ભેખડો ધસી પડવાને કારણે પદયાત્રિઓ પર જોખમ રહેલુ છે

। (એજન્સી) અંબાજી, તા.૬ ।

શક્તિપીઠ અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળાને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે લાખો પદયાત્રીઓની સુરક્ષા સામે સવાલ ઊભો થયો છે. અંબાજી પહોંચતા પદયાત્રીઓ માટે દાતા-અંબાજી માર્ગ પર ભેખડ ધસી પડવાનું જોખમ છે. ત્રિશૂળિયા ઘાટ પરની ભેખડોના કારણે પદયાત્રીઓ પર જોખમની ભીતિ છે. ત્રિશુળિયા ઘાટ પર અગાઉ અકસ્માતો થતા હતા એટલે ત્રિશૂળિયા ઘાટ પર રહેલા પર્વતોને કાપી અને માર્ગને પહોળો કરવામાં આવ્યો હતો. હવે ચોમાસાની ઋતુમાં ભેખડ અને પથ્થરો ધસી પડવાની ઘટના બને છે. ત્યારે પદયાત્રીઓની સલામતી માટે યાત્રાળુઓના માર્ગ પર પ્રોટેક્શન જાળી લગાવવાની માગણી ઉઠી રહી છે.ભલા રાજપૂત નામના પદયાત્રિ જણાવે છે કે ભાદરવી પૂનમના મેળાને પગલે યાત્રિકોનો ધસારો વધુ રહે છે. હાલ વરસાદી સિઝન પણ ચાલી રહી છે, ત્યારે ચાલતા આવતા પદયાત્રિકોના માથે ભેખડો ધસી પડવાની અને જાનહાનિ થવાની ભીતિ રહેલી છે. આથી સમગ્ર ત્રિશુળિયા ઘાટ પર જાળી લગાવવી અત્યંત જરૂરી છે આથી સરકારે તેના માટે વિચારવુ જોઈએ અને સત્વરે જાળી લગાવવાની કામગીરી શરૂ કરવી જોઈએ.સાત દિવસ બાદ ભાદરવી પૂનમનો મેળો શરૂ થઈ રહ્યો છે અને દાંતા અંબાજી માર્ગ પરથી લાખો પદયાત્રિકો આ મેળામાં આવનાર છે ત્યારે જોખમી બનેલા ત્રિશુળિયા ઘાટને જાળી લગાવવી અત્યંત જરૂરી છે.

### મિશન શક્તિ યોજના અંતર્ગત અમદાવાદ ખાતે

# મહિલા કેન્દ્રિત કાયદાઓ અને સાયબર ક્રાઈમ અંગેનો જાગૃતિ કાર્યક્રમ યોજાયો

### ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫, દહેજ અટકાયત અધિનિયમ-૧૯૬૧, ઈમ્મોરાલ ટ્રાફિક પ્રિવેન્શન જેવા વિવિધ મહિલાલક્ષી કાયદાઓ વિશેનો માહિતીસભર કાર્યક્રમ યોજાયો

। (માહિતી) અમદાવાદ, તા.૬ ।

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરી દ્વારા મિશન શક્તિ યોજના અંતર્ગત ૧૦૦ દિવસની વિશેષ જાગૃતિ ડ્રાઈવ કમ એનરોલમેન્ટ (નિષ્ઠ્રૠ્ઞ છુટ્ટીહીજજ) સપ્તાહ ઉજવણીના ભાગરૂપે લોક નિકેતન વિદ્યાવિહાર સ્કૂલ, રાણીપ ખાતે મહિલા કેન્દ્રિત કાયદાઓ અને સાયબર ક્રાઈમ અંગેનો જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. 'સંકલ્પ' હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન ટીમના જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રી જીતેશભાઈ સોલંકી દ્વારા મહિલા કેન્દ્રિત કાયદાઓ જેવા કે, ઘરેલુ હિંસા અધિનિયમ -૨૦૦૫, દહેજ અટકાયત અધિનિયમ ૧૯૬૧ તેમજ ઈમ્મોરાલ ટ્રાફિક પ્રિવેન્શન કાયદા અંગે શાળાના વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવી હતી. મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ અમલી મહિલા કલ્યાણકારી અને સુરક્ષાની યોજનાઓથી



પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. સાયબર ક્રાઈમના નિષ્ણાત શ્રી પૂર્વેશભાઈ સોની દ્વારા વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. જેમાં તેમણે સાયબર બુલિંગ, સાયબર હેકિંગ, માલવેર અને રેન્સમવેર વાયરસ, ડિજિટલ અરેસ્ટ, આઈ.ટી. એક્ટ-૨૦૦૦ વિશે માહિતી આપી હતી.

ઉપરોક્ત કાર્યક્રમમાં શાળાના આચાર્ય શ્રી કે.બી. પટેલ, શાળાનો સ્ટાફ તેમજ શાળાના ધોરણ ૯થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા.






માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨